Registered Under R.N.I. No. GUJGUJ/2023/84401

વિશ્વ ઉમિયાધામ – જાસપુર, અમદાવાદ
(ISO 9001:2015 - Approval No. 00044220)

UMA SRUSHTI
ઉમાસૃષ્ટિ

₹ ૫૦-૦૦
₹ 50-00

Vishv UMIYA Foundation

આસ્થા, એકતા અને શક્તિનું ધામ | ૦૧ મે, ૨૦૨૫
Published on - 01 May 2025

એક વૈશ્વિક વિચારધારા

તંત્રી–ડૉ. પ્રભુદાસ આઈ. પટેલ
Editor-Dr. Prabhudas I. Patel



"बुद्धं शरणम् गच्छामि, धम्मं शरणम् गच्छामि, संघं शरणम् गच्छामि"

બુદ્ધપૂર્ણિમા - વૈશાખ સુદ પૂનમ, ૧૨ મે, ૨૦૨૫

વિશ્વ ઉમિયાધામ સામાજિક સશક્તિકરણ કેન્દ્ર

૧૦૦ વીઘા જમીન એક હજાર કરોડનો સામાજિક પ્રોજેક્ટ

"આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ"

- સ્કીલ યુનિવર્સિટી
- છાત્રાલય
- સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ
- અદ્યતન હોસ્પિટલ
- ઉમાસૃષ્ટિ
- મેટ્રીમોનિયલ સર્વિસીસ
- ઉમાછત્ર
- સમાધાન પંચ
- કાનૂની માર્ગદર્શન
- ઉમા લગ્ન સંસ્કાર
- મેડિકલ સહાય
- નિઃશુલ્ક શિક્ષણ સહાય
- ગુજરાતી વિદ્યાર્થીઓને કેનેડામાં મદદ

વિશ્વ ઉમિયાધામ - અમદાવાદમાં નિર્માણ થનાર - મંદિરની વિશેષતા - સુવિધાઓ

★ જગતજનની શ્રી ઉમિયા માતાજીનું વિશ્વનું સૌથી મોટું અને ૫૦૪ ફૂટ ઊંચુ મંદિર

★ જગત જનની મા ઉમિયાનું આસન જમીનથી ૫૧ ફૂટ ઊંચુ રહેશે.

★ દેવોના દેવ મહાદેવનું પારાનું વિશાળ શિવલિંગ, ગણપતિ દાદા તથા કાળભૈરવ મંદિરનું નિર્માણ.

★ અત્યાધુનિક ટેક્નિકલ પદ્ધતિથી મંદિરનું બાંધકામ તથા ધજા બદલવા માટે હાઈડ્રો મિકેનીકલ સિસ્ટમ.

★ ૩૦૦ ફૂટની ઊંચાઈ પર વ્યૂ ગેલેરી કે જ્યાંથી આજુબાજુના સમગ્ર વિસ્તારને નિહાળી શકાશે.

★ જગતજનની મા ઉમિયાના દર્શન માટે એસ્કેલેટર તથા વ્યૂ ગેલેરી સુધી લીફ્ટની વ્યવસ્થા.

★ મંદિરના મુખ્ય ખંડમાં એક સાથે પાંચ હજાર ભક્તો મા ઉમિયાના દર્શન કરી શકે તેવી સુવિધા.

★ મંદિરના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર બે કરતાં વધુ વાતાનુકૂલીન સત્સંગ હોલનું નિર્માણ.

★ વિકલાંગ અને વૃદ્ધોને મા ઉમિયાના મંદિર ગર્ભગૃહ સુધી જવા માટે ટ્રાવેલેટર / એસ્કેલેટરની સુવિધા.

★ યાત્રીઓ તથા દર્શનાર્થીઓ માટે રહેવા - જમવાની ઉત્તમ વ્યવસ્થા તેમજ શોપિંગ માટે હાઈપર માર્કેટની વ્યવસ્થા.

★ વિશ્વમાં પ્રથમ વાર સ્પેશિયલ લાઈટિંગ ઈફેક્ટ દ્વારા આઠમ, પૂનમ, અગિયારસ અને રાષ્ટ્રીય તહેવારોના દિવસે અલગ-અલગ પ્રકારની રોશનીથી મંદિર ઝળહળતું થશે જેથી અમદાવાદના રહીશોને જે તે તિથિની જાણકારી મળશે.

★ સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર અને હિન્દુધર્મ મુજબ ગર્ભગૃહનું બાંધકામ.

★ સોનાના કળશથી મંદિરની ભવ્યતાનું નિર્માણ.

★ અદ્યતન ભોજનાલય તથા પ્લાસ્ટિક ઝોન ફ્રી પરિસર.

★ પાટીદાર ઇતિહાસનું ભવ્ય મ્યૂઝિયમ.

★ મંદિર પરિસરમાં વિશાળ બેઝમેન્ટ પાર્કિંગ.

★ મંદિર પરિસરની આજુબાજુ જળાશયનું આયોજન.

★ સંપૂર્ણ ગ્રીન અને એનર્જી એફિસિયન્ટ મંદિર પરિસર.

★ બાળકો માટે ચિલ્ડ્રન પાર્કની વ્યવસ્થા.

Mayflower
WOMEN'S HOSPITAL

20+ વર્ષથી સ્ત્રી આરોગ્યમાં નિષ્ણાત

મેફ્લાવર વુમન્સ હોસ્પિટલ

મેફ્લાવર વુમન્સ હોસ્પિટલ, અમદાવાદની અગ્રણી મહિલાઓ માટેની વિશેષ હોસ્પિટલ છે, જ્યાં અમે એન્ડોમેટ્રિઓસિસ, ગર્ભાશય, આઈવીએફ, અને સ્ત્રી સ્વાસ્થ્ય માટે અદ્યતન સારવાર પ્રદાન કરીએ છીએ.

ફર્ટિલિટી ક્લિનિક

IVF, IUI અને માતૃત્વ માટે નવી આશા

એન્ડોમેટ્રિઓસિસ ક્લિનિક

એન્ડોમેટ્રિઓસિસ માટે વિશિષ્ટ સારવાર અને ઝડપી રાહત

એસ્થેટિક ક્લિનિક

સ્કિન અને હેર માટે એડવાન્સ બ્યુટી ટ્રીટમેન્ટ

ડૉ. સંજય પટેલ,
એન્ડોમેટ્રિયોસિસ નિષ્ણાત

ડૉ. સ્મિત પટેલ,
એન્ડોમેટ્રિયોસિસ નિષ્ણાત

ડૉ. જયા પટેલ,
ફર્ટિલિટી નિષ્ણાત

ડૉ. રવિના પટેલ,
સ્ત્રીરોગવિજ્ઞાન નિષ્ણાત

#1 મેફ્લાવર હાઉસ, હેલ્મેટ ક્રોસ રોડ, ડ્રાઈવ-ઇન, અમદાવાદ
#2 2જો માળ, સત્યમેવ એલિટ, આંબલી, જંકશન, સરદાર પટેલ રીંગ રોડ, બોપલ, અમદાવાદ

+91 79274 95001

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન – વિશ્વ ઉમિયાધામ

ઉમાસૃષ્ટિ

આસ્થા, એકતા અને શક્તિનું ધામ એક વૈશ્વિક વિચારધારા

મે ૦૧, ૨૦૨૫
વર્ષ : ૦૪, **અંક : ૨૫**
સળંગ અંક : ૩૬
માલિક : વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન
May 01, 2025
Year : 04, **Ank** : 25
Owner : Vishv Umiya Foundation

Vishv UMIYA Foundation

પ્રમુખ : આર. પી. પટેલ
President : R. P. Patel

મેનેજિંગ એડિટર : ડો. પ્રભુદાસ પટેલ
Managing Editor: Dr. Prabhudas I. Patel

પરામર્શકશ્રી
Consultant

પદ્મશ્રી-ડો. કુમારપાળ દેસાઈ   પદ્મશ્રી-દેવેન્દ્ર પટેલ
Padmashri-Dr. Kumarpal Desai   Padmashri-Devendra Patel

સંપાદક મંડળ:
ડો. હર્ષદ પટેલ
ડો. અશોક પટેલ
ડો. ઉત્પલ પટેલ
ડો. રૂપલ પટેલ

Editor Board :
Dr. Harshad Patel
Dr. Ashok Patel
Dr. Utpal Patel
Dr. Rupal Patel

સહસંપાદક : ધવલ માકડિયા **Co-Editor :** Dhaval Makadia

કલાનિર્દેશક : રાજુ પ્રજાપતિ **Art Director :** Raju Prajapati

ફોટોગ્રાફી : સદ્‌વિદ્યા ટી.વી. ચેનલ
Photography : Sadvidhya TV Channel

લવાજમ :
દેશમાં : આજીવન (૧૦ વર્ષ) રૂ. ૩૫૦૦
પાંચ વર્ષ : રૂ. ૨૦૦૦
વિદેશમાં : આજીવન (૧૦ વર્ષ) ૫૦૦ ડોલર
પાંચ વર્ષ : ૩૦૦ ડોલર

Subscription Amount :
For India : Life Time (10 Year) Rs. 3,500
5 Year : Rs. 2,000
For USA : Life Time (10 Year) 500 $
5 Year : 300 $

ઈ-મેઇલ/e-mail: editorumasrushti@gmail.com

રજિ. ઓફિસ :
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ, વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, જાસપુર રોડ, તા. કલોલ, જી.ગાંધીનગર, ગુજરાત-૩૮૨૭૨૧

Regd. Office :
Vishv Umiya Foundation - Vishv Umiyadham,
Opp. Vaishnodevi Temple, S.G. Highway, Jaspur Road,
Ta. Kalol, Dist. Gandhinagar, Gujarat-382721
www.vishvumiyafoundation.org
E-mail: info@vishvumiyafoundation.org
www.facebook.com/VishvUmiyaFoundation
Phone: +91 72020 80333 / 222

મુદ્રક અને પ્રકાશક :
મુદ્રક : અનિલ ડી. ગોંડલિયા - કેવલ ઓફસેટ, બી/૮, જે. કે. એસ્ટેટ, દૂધેશ્વર, અમદાવાદ. **પ્રકાશક :** ડો. પ્રભુદાસ આઈ. પટેલે વિશ્વ ઉમિયાધામ - જાસપુર, કલોલ, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

Printer & Publishers :
Printed by Anil D. Gondaliya - Keval Offset, B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad &
Published by Dr. Prabhudas I. Patel at Vishv Umiyadham Jaspur, Kalol, Gandhinagar

અનુક્રમણિકા

ક્રમ	લેખનું શીર્ષક	લેખક	પાના નં.
૧.	વેદનો દિવ્ય સંદેશ	પ્રહ્લાદભાઈ પટેલ (કામેશ્વર)	૦૫
૨.	નાના બાળકોમાં મોબાઈલનું દૂષણ એક ગંભીર સમસ્યા	પ્રમુખશ્રીની કલમે	૦૬
૩.	શ્રી રામચરિતમાનસ કથાસાર	ડો. પ્રભુદાસભાઈ પટેલ	૦૮
૪.	રામનો આધાર	પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ	૦૯
૫.	હિંદુ મહિલાઓનું ગૌપૂજન વ્રત	ચંદ્રકાન્ત પટેલ 'સરલ'	૧૧
૬.	મહર્ષિ યાજ્ઞવલ્ક્યજી	શ્રી ભાણદેવજી	૧૩
૭.	કરૂણામૂર્તિ ભગવાન બુદ્ધ	પ્રો. ડો. જે. એમ.પનારા	૧૬
૮.	વક્તૃત્વકલા અને સભાનું વૈદિક મેનેજમેન્ટ	પ્રો. ડો. હર્ષદેવ માધવ	૧૮
૯.	કયા ગુણો શિક્ષકને ગુરૂ બનાવી શકે ?	ડો. ચંદ્રકાંત મહેતા	૧૯
૧૦.	દંભી વ્યક્તિ સાચું જીવન જીવતા ચૂકી જાય છે !	પ્રફુલ્લ કાનાબાર	૨૧
૧૧.	લગ્ન - હસ્તના નહીં, હૈયાના મેળાપ....	શ્રીમતી ગીતા ઉનડકટ	૨૩
૧૨.	પ્રેમ એટલે આત્મીયતા : પ્રેમ માટે આત્મીયતાનું મહત્વ કેટલું ?	શ્રીમતી સુનીતા ડી. વ્યાસ	૨૪
૧૩.	આપણા પાટીદાર સમાજ માટે આટલું તો કરીએ....	મનોજ જે. પટેલ	૨૭
૧૪.	શબ્દો આશીર્વાદ તથા શાપિત બંને સ્વરૂપે હોઈ શકે છે	રસિક પટેલ	૨૯
૧૫.	જિંદગી : હરિયાલી ઔર રાસ્તા..	ડો. ભાવેશ જેતપરિયા	૩૧
૧૬.	એક માતા એબોર્શન કરાવવા માટે ડોક્ટર પાસે ગઈ, પરંતુ......	પદ્મશ્રી દેવેન્દ્ર પટેલ	૩૩
૧૭.	ભારતના વિશ્વ વિખ્યાત હિલ સ્ટેશનો.....	પ્રા. ડો. યશવંત કે. ગોસ્વામી	૩૫
૧૮.	વર્તમાન પીડા	સ્વામી વિવેકાનંદ	૩૭
૧૯.	જવાબદારી નો ભાર ઉંચકતા ખભાની સ્વસ્થતા તે આપણી જવાબદારી	ડો. તીર્થરાજ દવે	૩૯
૨૦.	બાળકો અને સમતોલ આહાર	ડો. જિતેન્દ્ર અઢીયા	૪૧
૨૧.	"સૂર્યપ્રકાશ" નો વધુ લાભ કઈ રીતે લઈશું?	હીરજી ભીંગરાડીયા	૪૩
૨૨.	રાત કાળી પણ.... લાગે રૂપાળી....	ગિરા પિનાકીન ભટ્ટ	૪૫
૨૩.	પ્રવૃત્તિ અહેવાલ	શૈલેષભાઈ પટેલ	૪૭

⌘ ⌘ ⌘

Printed by Anil D. Gondaliya and Published by Dr. Prabhudas I. Patel **on behalf of** Vishv Umiya Foundation **and Printed at** Keval Offset, B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad **and Published at** Vishv Umiyadham - Jaspur, Kalol, Gandhinagar. **Editor -** Dr. Prabhudas I. Patel

પ્રહ્લાદભાઈ પટેલ (કામેશ્વર)
લેખક ધાર્મિક સાહિત્ય સંપાદક,
શિક્ષણકાર અને ઊંચા ગજાના દાતા છે

વેદોનો દિવ્ય સંદેશ

कुर्वन्नेवेह कर्माणि जिजविषेच्छुत समा ।
एवम् त्वयि नान्ययेतोडस्ति न कर्म लिप्यते नरे ॥ (યજુર્વેદ ૪૦/૨)

ભાવાર્થ : મનુષ્ય પોતાનું જીવનલક્ષ્ય પ્રાપ્ત કરે એનો માત્ર એક જ ઉપાય છે અને તે સદાચરણ. આપણે ધર્મના માર્ગ પર ચાલતાં ચાલતાં સો વર્ષ સુધી જીવવાની કામના કરવી જોઈએ.

સંદેશ : મનુષ્યનો જન્મ અને પુર્નજન્મ બંનેનો આધાર તેના વડે થતાં કર્મો અને કર્મોના ફળ ઉપર રહેલો છે. મનુષ્ય જન્મથી માંડીને મૃત્યુ સુધી કંઈક ને કંઈક શારીરિક કે માનસિક કર્મ કર્યા જ કરે છે. કર્મ કર્યા વગર એક ક્ષણ પણ રહેવું અશક્ય છે. મનુષ્યજીવન તો કર્મ કરવા માટે જ આપણને પ્રાપ્ત થયું છે. જો કે એ વાત જુદી છે કે કરેલું કર્મ સત્કર્મ હોય કે પછી કુકર્મ.

વિજ્ઞાનનો સિદ્ધાંત આપણે બધા જ જાણીએ છીએ કે પ્રત્યેક ક્રિયાની પ્રતિક્રિયા થતી હોય છે અને પ્રત્યેક કાર્યનું એક પરિણામ હોય છે. બરાબર તે જ રીતે દરેક કાર્યનું કર્મફળ પણ હોય જ છે. સમગ્ર સંસાર ચોક્કસ નિયમ અને સિદ્ધાંતોના આધારે ચાલી રહ્યો છે. ભગવાનની આ દુનિયામાં અરાજકતાને કોઈ સ્થાન નથી. તેની આ સૃષ્ટિમાં માત્ર ન્યાય તથા શિસ્તનું સામ્રાજ્ય ચાલે છે. ભગવાને મનુષ્યને સંસારમાં સો વર્ષ સુધી જીવતા રહીને લોકહિતનાં કાર્યો કરવાનો આદેશ આપ્યો છે. પરંતુ કમનસીબે માનવી લોકહિતને ભૂલીને પોતાના જૂઠા અહંકાર અને સ્વાર્થની પૂર્તિ માટે પોતાનાં કર્મોને સંકુચિત બનાવી દે છે. તેના ફળસ્વરૂપે માનવી વિકારોની ગંદકીમાં ફસાઈ જઈને પોતાના પાપકર્મોના ફળરૂપે ભયંકર કષ્ટો અને દુઃખો ભોગવે છે.

કેટલીકવાર આપણા મનમાં એવો સવાલ પેદા થાય છે કે આપણે કેવા પ્રકારનાં કર્મો કરવાં જોઈએ ? સંસાર પ્રત્યે ઉપકારી બનવાનો શો અર્થ છે ? આપણે શા માટે સંસારનું ભલું કરીએ ? હકીકતમાં તો આપણે દેખાવ કરવા માટે ઉપર છલ્લો સંસારનો

ઉપકાર માનીએ છીએ, પરંતુ વાસ્તવમાં તેના બહાના હેઠળ પોતાની જાતનો જ ઉપકાર માનીએ છીએ. આપણે યાદ રાખવું જોઈએ કે બીજાઓની ભલાઈમાં આપણી ભલાઈ થવાની જ છે. સંસારની પ્રગતિમાં આપણી પ્રગતિ થવાની જ છે. દરેક કાર્ય કરતી વખતે આપણે આવો જ ઉચ્ચ ભાવ રાખવો જોઈએ. જો આપણે હંમેશા એવું વિચારતા રહીએ કે બીજાઓની સેવા કરવી તે આપણું સૌભાગ્ય છે, તો અવશ્ય પરોપકાર કરવાની ઈચ્છા પ્રચંડ પ્રેરણાશક્તિ રૂપે આપણા મગજ પર છવાયેલી રહેશે.

આ પ્રમાણે કરવામાં આવેલા કર્મો સ્વાર્થ રહિત હોવાને કારણે નિષ્કામ કર્મના નામથી ઓળખાય છે. આવાં કર્મોની સફળતા કે અસફળતા માનવીને ક્યારેય દુઃખી નથી કરતી. આવો મનુષ્ય સમજે છે કે પોતાને અસફળતા એ કારણે જ મળી છે કે સફળતાનો જેટલો પ્રયત્ન કરવો જોઈએ તેટલો પ્રયત્ન પૂરા મનથી કરવામાં આવ્યો નથી. ત્યાર પછી તે ફરીથી કર્મ કરવાથી ક્યારેય મનુષ્યને એવા કામ પ્રત્યે આસક્તિ રહેતી નથી. જ્યારે પોતાનો કોઈ સ્વાર્થ નથી હોતો ત્યારે મનુષ્યમાં "આત્મવત્ સર્વભૂતેષુ"ની ભાવના પ્રબલ બને છે. બધાના લાભમાં જ તેને પોતાનો લાભ દેખાય છે. તેને સંસારમાં જે કંઈ સુખ અને સુવિધાઓ પ્રાપ્ત થાય છે તેમનો કેવળ પોતાના માટે જ ઉપયોગ કરતો નથી, પરંતુ પોતાનાં સુખોને વહેંચવામાં સૌથી મોટો આનંદનો અનુભવ કરે છે. જગતને આ રીતે ત્યાગની ભાવનાથી ભોગવવામાં આવે અને પોતાનાં તમામ પ્રકારનાં કર્મોને ભગવાનનાં કાર્યો સાથે જોડવામાં આવે, તો તેવાં કર્મ કદાપિ બંધનમાં નાખતાં નથી. આવા પ્રકારના નિષ્કામ-ભાવથી કર્મ કરનારા મનુષ્યો જ સંસારના શ્રેષ્ઠ રત્નો બને છે. આથી મનુષ્યે હંમેશા આસક્તિથી દૂર રહી અનાસક્ત ભાવથી સત્કાર્યો કરવામાં જ પોતાનું જીવન સમર્પિત કરી દેવું જોઈએ.

શ્રેષ્ઠ જીવનલક્ષ્યની પ્રાપ્તિનો એ જ એકમાત્ર ઉપાય છે. ■

પ્રમુખશ્રીની કલમે

નાના બાળકોમાં મોબાઈલનું દૂષણ : એક ગંભીર સમસ્યા

મિત્રો, નમસ્કાર !

આપણે બધા ટેકનોલોજી અને ડીજિટલ યુગમાં જીવીએ છીએ. ઈન્ટરનેટ અને મોબાઈલ ફોન આપણા જીવનનું અભિન્ન અંગ બની ગયા છે. વિજ્ઞાનના વિકાસની સાથે લોકોની જીવનશૈલીમાં પણ આમૂલ પરિવર્તન આવ્યું છે. જ્યાં એક તરફ મોબાઈલના અનેક લાભ છે, ત્યાં કેટલાંક નુકશાન પણ છે. ખાસ કરીને નાના બાળકોમાં તેનું દૂષણ વધી રહ્યું છે, જે તેના શારીરિક અને માનસિક વિકાસ માટે ખાતરનાક સાબિત થઈ શકે છે. નાના બાળકો મોબાઈલના એડીકટ (વ્યસની) થઈ ગયા છે. આજે ૨ - ૩ વર્ષની ઉંમરથી જ બાળકો મોબાઈલનો ઉપયોગ શરૂ કરી દે છે. કાર્ટૂન જોવા, વિડીયો ગેમ્સ રમવી કે પછી યુટ્યૂબ પર કલાકો વિતાવવા એ બાબત સામાન્ય બની ગઈ છે

મોબાઈલ અને બાળકો : મોબાઈલ ફોનનો ઉપયોગ મોટા ભાગે માહિતી મેળવવા તથા મનોરંજન અને સંચાર માટે થાય છે, પરંતુ આજે ઘણા માતા-પિતાઓ પોતાના કામમાં વ્યસ્ત હોવાને કારણે બાળકોને શાંત રાખવા માટે તેમના હાથમાં મોબાઈલ પકડાવી દે છે. જે તેમની સૌથી મોટી ભૂલ છે. શરૂઆતમાં આ સરળ લાગતો ઉપાય લાંબા ગાળે મોટું દૂષણ સાબિત થાય છે. જાણે અજાણે આપણે જ બાળકોને મોબાઈલનું વળગાણ કરાવીએ છીએ, પરંતુ એક એવું ચોંકાવનારુ તારણ સામે આવ્યું છે કે, ૫૪% થી વધુ મહિલાઓ ઘરકામ કરતી વખતે પોતાના બાળકોને મોબાઈલ આપી દે છે, જેથી તેઓ મોબાઈલના વ્યસની બની જાય છે. વાસ્તવમાં નાના બાળકોને મોબાઈલ આપવો જ ન જોઈએ.

મોબાઈલ મેનિયા : મોબાઈલે માણસના ૨૪ કલાકમાંથી સરેરાશ બે કલાકની જિંદગી છીનવી લીધી છે. મોબાઈલમાં ડૂબેલો માણસ આજુબાજુની દુનિયા ભૂલી જાય છે. મોબાઈલ મેનિયાના કારણે જુદી જુદી ઘટનાઓમાં અનેક વ્યક્તિઓ દ્વારા પોતાના શરીરને નુકશાન કરવાના અથવા તો જીવન ટૂંકાવવા જેવા કિસ્સા સામે આવી રહ્યા છે. અનિદ્રાના કેસમાં પણ અત્યારે ૧૦ થી ૧૫% જેટલો વધારો જોવા મળે છે. મોબાઈલનો અતિરેક થાય ત્યારે બાળક હતાશા, અનિદ્રા, ચીડિયાપણું, હિંસાત્મક વર્તન, ડિપ્રેશન વિગેરેનો શિકાર બને છે, ત્યારે મોબાઈલની લતનો ભોગ બનતા બાળકના માતા-પિતાએ આ બાબતે ચેતી જવાની ખાસ જરૂર છે.

બાળકોને મોબાઈલ ફોનથી દૂર રાખવા એ આજના સમયમાં મોટી ચિંતાનો વિષય બની ગયો છે. બાળકોમાં મોબાઈલની જીદ વધી રહી છે. ગમે તેમ કરી મોબાઈલ આપે તો જ જમવું, તો જ હોમવર્ક કરવું વગેરે બાબતોનું નુકશાન દરેક માતાપિતાને સમજાવા લાગ્યું છે. આજે બાળકને મોબાઈલ સાથે જ જમવાની આદત પડી ગઈ છે. મોબાઈલ ન મળે ત્યારે રાડો પાડી ધમપછાડા કરી ઘણીવાર બેહુદું વર્તન પણ કરી બેસે છે. મોબાઈલ, કમ્પ્યુટર, લેપટોપનો વપરાશ વધવાને કારણે હિંસાત્મક વર્તણૂક વધારતી ગેમ રમવાનું ચલણ વધ્યું છે. પરિણામે બાળકોમાં સાયકોપેથિક (મનોવિકૃત વર્તન) અને સોશિયોપેથિક (સમાજ વિરોધી વર્તન)ની સમસ્યા વધી હોવાનુ સાયકોલોજિસ્ટ જણાવી રહ્યા છે. સાયકોલોજિસ્ટ પાસે સારવાર લેવા આવતા કુલ દર્દીઓમાંથી ૭૦% ટકા કરતાં વધુ દર્દીઓ શાળામાં અભ્યાસ કરતાં બાળકો હોવાનું બહાર આવ્યું છે. બાળકો અને યુવાનોમાં મોબાઈલ પર ઓનલાઈન ગેમીંગ અને બેટીંગ રમવાનુ વલણ પણ વધી ગયું છે. જેના કારણે તેઓ હેકર્સ જેવા અસામાજિક તત્વોના સંપર્કમાં આવી મુશ્કેલીમાં પડે છે. મોબાઈલના વધુ પડતાં ઉપયોગથી સાયબર ક્રાઈમની શક્યતા પણ વધી ગઈ છે. બાળકોમાં મોબાઈલનં ઘેલું એટલી હદે વધી ગયું છે કે મોબાઈલ બાબતે માતા-પિતા જો ઠપકો આપે તો બાળક અણધાર્યું પગલું પણ ભરી લે છે.

દરેક ટેકનોલોજીના લાભ અને ગેરલાભ બન્ને હોય છે, જેમ કે અત્યારે નાણાકીય વ્યવહાર મોબાઈલથી સરળ અને ઝડપી બન્યો છે. મોબાઈલનો જો યોગ્ય પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે તો બાળ વિકાસમાં ઉપયોગી થઈ શકે છે. જેમ કે, પેઈન્ટ કે ફોટોશોપમાં જઈને ચિત્રો દોરવા, રંગ પૂરવા કે અન્ય રીતે ઉપયોગ કરીને બાળકની સર્જનાત્મકને ખીલવી શકાય છે. ટેકનોલોજીના વિકાસ સાથે તેનો ઉપયોગ જરૂરી છે પરંતુ તેનો વધુ પડતો ઉપયોગ નુકસાનકારક સાબિત થઈ રહ્યો છે.

શારીરિક સ્વાસ્થ્ય પર અસર :

આંખની બિમારી : ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં મોબાઈલને લીધે આંખોની બિમારી ત્રણ ગણી વધી ગઈ છે. જેમાં આંખો ત્રાસી થવી, વિઝન નબળું પડતું, આંખો ડ્રાય થઈ જવી, આંખોમાં લાલાશ અને નંબર આવવાના કિસ્સા પણ જેટ ગતિએ વધી રહ્યાં છે. બાળકને નંબર છે તેનો ખ્યાલ આવતો નથી તેના કારણે આંખો ખેંચીને મોબાઈલનો ઉપયોગ કરતાં આંખો ત્રાંસી થઈ જાય છે. નાના બાળકોને ચશ્મા આવવા તો જાણે હવે સામાન્ય બની ગયું છે.

સ્થૂળતાનો શિકાર : લાંબા સમય સુધી બેસીને મોબાઈલ જોવાને કારણે બાળકો રમવા પણ જતાં નથી પરિણામે સ્થૂળતાનો ભય વધે છે. મોબાઈલના વધુ પડતા વપરાશથી બાળકોને ઘણું નુકસાન થઈ રહ્યું છે. ખાસ કરીને આંખ, કાન, ડોક, કમર અને ખભાને પણ નુકસાન થાય છે.

માનસિક સ્વાસ્થ્ય પર અસર

ધ્યાનની ક્ષમતા ઘટવી : મોબાઈલને કારણે બાળકનું ધ્યાન એકાગ્ર થતું નથી. તેની ઊંઘની ગુણવત્તા પણ ઘટે છે. જે શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. **એકલતાની ભાવના :** મોબાઈલમાં વધુ સમય વિતાવવાથી બાળકો પરિવાર અને મિત્રો સાથે ઓછો સમય વિતાવે છે, જેનાથી એકલતા અનુભવે છે.

સામાજિક વિકાસ પર અસર

સંવાદ ક્ષમતામાં ઘટાડો : મોબાઈલમાં વ્યસ્ત રહેતા બાળકો અન્ય લોકો સાથે વાતચીતમાં રસ લેતા નથી, જેનાથી તેની સંવાદ ક્ષમતા ઘટે છે.

સામાજિક કુશળતામાં ઘટાડો : મોબાઈલને કારણે બાળકો સામાજિક પરિસ્થિતિઓમાં યોગ્ય રીતે વર્તન કરવાનું શીખતા નથી.

અભ્યાસ પર અસર : મોબાઈલમાં ગેમ્સ અને વીડિયો જોવા લાગવાથી બાળકોનું અભ્યાસ પર ધ્યાન ઘટે છે, જે ભવિષ્યમાં તેની કારકિર્દી પર અસર કરી શકે છે.

પારિવારિક સંબંધો પર અસર

અવગણનાની લાગણી : માતા-પિતા પોતે મોબાઈલમાં વ્યસ્ત રહેતા હોય તો બાળકો સાથેનો સમય ઓછો થાય છે, જેનાથી બાળકોમાં અવગણના અને અસ્વીકારની લાગણી ઉભી થાય છે.

સંબંધોમાં તણાવ : મોબાઈલના કારણે પરિવારના સભ્યો વચ્ચે સંવાદ ઓછો થાય છે, જેનાથી સંબંધોમાં તણાવ ઉભો થાય છે.

મોબાઈલના દૂષણથી બચવાના ઉપાયો

સ્ક્રીન સમય મર્યાદિત કરો : બાળકોને મર્યાદિત સમય માટે મોબાઈલનો ઉપયોગ કરવાની આદત પાડવી જોઈએ. નિષ્ણાતો પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે દિવસમાં એક કલાક અને ૧૮ વર્ષથી ઓછી ઉંમરના માટે દિવસમાં બે કલાકનો સ્ક્રીન સમય કરવાની ભલામણ કરે છે. ઉપયોગ કરવાની છૂટ સમય મર્યાદા સાથે જ આપવી જોઈએ. **સંવાદ કરો :** તમારા બાળકો સાથે સામસામે વાત કરીને સમય પસાર કરો. મોબાઈલના દૂષણ માટે વાલીઓ પણ જવાબદાર છે. વાલીઓ ઘરમાં સતત મોબાઈલમાં વ્યસ્ત રહેતા હોવાથી બાળકો સાથે સંવાદ કરતાં નથી. **બહાર રમવા પ્રોત્સાહન :** મોબાઈલને કારણે બાળકો આઉટડોર ગેમ જેવી કે કબડી, ખો-ખો, વગેરે ભૂલી ગયા છે. માટે બાળકોને આઉટડોર પ્રવૃત્તિઓ માટે પ્રોત્સાહિત કરો. ક્યારેક તમે પણ તેની સાથે બહાર ફરવા જાઓ અને તેની સાથે રમો.

સારી વસ્તુ આપો : જે બાળક મોબાઈલનો ઉપયોગ ઓછો કરે તેને બદલામાં કોઈ સારી વસ્તુ આપો.

અન્ય પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રાખો : બાળકોને વાંચન, ચિત્રકામ, સંગીત નૃત્ય વગેરે જેવી અન્ય પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રાખો. પુસ્તકો પ્રત્યેનો શોખ કેળવો. સચિત્ર વાર્તાની બુક આપો. પ્રકૃતિને પ્રેમ કરતાં શીખવો, પક્ષીઓનો પરિચય કરાવો, બાળકને ટાઈમ આપો.

ઉદાહરણ બેસાડો : બાળકો હંમેશા તમારી જ નકલ કરે છે તેથી તમે પણ મોબાઈલનો ઓછો ઉપયોગ કરીને ઉદાહરણ બેસાડો, કારણ કે બાળકના પહેલા ગુરુ એના મા-બાપ હોય છે. નાની ઉંમરમાં સ્માર્ટફોનનો પરિચય કરાવશો નહીં. મોબાઈલનો ઉપયોગ કેવી રીતે કરવો તેની યોગ્ય ઉંમર થાય ત્યાં સુધી રાહ જુઓ. **પાસવર્ડ સેટ કરો :** યોગ્ય પ્રયત્નો કરવા છતાં બાળક મોબાઈલનો ઉપયોગ ટાળતું નથી તો પાસવર્ડ સેટ કરો જેથી તેનો ઉપયોગ કરી શકે નહીં અને ફોન ખોવાય કે ચોરાઈ જાય તો તમારા બાળકોના ડેટા સાથે ચેડાં થાય નહીં. મોબાઈલમાં કોઈ ગેઈમ ડાઉનલોડ કરીને રાખવી નહીં. **બાળકોને સમજાવો :** બાળકોને મોબાઈલના વધુ પડતા ઉપયોગના નુકસાન વિશે ખૂબ ધીરજ અને સમજદારીથી સમજાવો કે મોબાઈલનો ઉપયોગ મનોરંજન કે ટાઈમ પાસ માટે નહીં, પણ આવશ્યક જરૂરિયાત માટે છે. મોબાઈલનો ઉપયોગ જરૂર પૂરતો જ કરે તેવા પ્રયાસો થવા જોઈએ. અમુક કિસ્સામાં જરૂર પડે તો નિષ્ણાતો પાસે તેનું કાઉન્સેલિંગ પણ કરાવવું જોઈએ. મોબાઈલમાં શૈક્ષણિક એપ્સ અને વીડિયોનો ઉપયોગ કરીને શીખવા માટે માર્ગદર્શન આપવું જોઈએ. જ્ઞાનસભર ચેનલો બતાવવી જોઈએ. **નિષ્કર્ષ :** મોબાઈલ ફોનનો વપરાશ બાળકોના વિકાસ માટે લાભદાયી બની શકે છે, પરંતુ તેનો અતિશય ઉપયોગ નકારાત્મક અસરો લાવે છે. માતા-પિતા અને શિક્ષકોની પણ જવાબદારી છે કે તેઓ બાળકોને મોબાઈલના વપરાશ માટે ઉચિત માર્ગદર્શન આપે અને તેમને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા માટે પ્રેરિત કરે. અહીં આપેલી ઉપરોક્ત બાબતોને અપનાવીશું તો આપણા બાળકોના સર્વાંગી વિકાસને સુનિશ્ચિત કરી શકીશું.

UK સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય : યુનાઈટેડ કિંગડમ (UK) સરકારે બાળકોના ભવિષ્ય માટે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ત્યાંના શૈક્ષણિક તંત્રએ બાળકોને શાળાના કેમ્પસમાં મોબાઈલ ફોનના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લીધો છે. જેનો મુખ્ય હેતુ બાળકોને અભ્યાસ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરાવવાનો, સામાજીક સંબંધો ગાઢ અને સકારાત્મક બનાવવાનો અને તેમને ડિજિટલ વ્યસન (mobile mania) થી બચાવવાનો છે. શાળા દરમિયાન સતત ફોનના ઉપયોગના કારણે બાળકોનું ધ્યાન ભટકે છે. શૈક્ષણિક કાર્યક્ષમતાને અસર કરે છે અને માનસિક સ્વાસ્થ્ય પણ અસરગ્રસ્ત થાય છે. આ દાખલાથી સમજાય છે કે ડિજિટલ યુગમાં બાળકોને ફોનથી દૂર રાખવા કેટલા આવશ્યક છે.

આર. પી. પટેલ - પ્રણેતા એવમ્ પ્રમુખ
વિશ્વ ઉમિયાધામ - જાસપુર, અમદાવાદ

સંપાદક : ડો. પ્રભુદાસ પટેલ
લેખક જાણીતા કેળવણીકાર છે.

શ્રી રામચરિતમાનસ કથાસાર

ગોસ્વામી તુલસીકૃત 'રામચરિત માનસ' આધારિત કથાસાર અને ભગવાન રામચંદ્રની લીલાઓ

પૂર્વકથા : મંથરાની કપટભરી વાતો કૈકેયીને હલાવી ગઈ. તે બગલીને હંસી માનીને તેના વખાણ કરવા લાગી. કૈકેયીએ કહ્યું; મંથરા! સાંભળ તારી વાત સત્ય છે. મારી જમણી આંખ નિત્ય ફરકી ઉઠે છે. હું ખરાબ સ્વપ્નો જોઉ છું.

હવે આગળ :

नैहर जनमु भरब बरु जाई ।
जिअत न करबि सवति सेवकाई ॥

કૈકેયી બોલી, હું ભલે પિયર જઈને ત્યાં જીવન વિતાવીશ, પણ જીવતે જીવ શોક્યની પણ ચાકરી નહીં કરું. મંથરા બોલી, આવું કેમ કહી રહ્યાં છો ? તમારું સુખ સૌભાગ્ય દિવસે દિવસે બેવડાશે, હે સ્વામિની ! જેણે તમારું ખોટું ઈચ્છ્યું છે તે બુરાં ફળ પામશે.

परउँ कूप तुम बचन पर सकउँ पूत
पति त्यागि । कहसि मोर दुख देखि
बड कस न करब हित लागि ॥

કૈકેયી કહ્યું, "હું તારા કહ્યાથી કુવામાં પડતું મૂકી શકું છું. પુત્ર અને પતિને પણ છોડી શકું છું. જ્યારે તું મારા દુઃખને જોઈને કંઈ કહે છે, તો ભલા ! હું પોતાના હિતને માટે શું કામ નહીં કરું?"

सुनत बात मृदु अंत कठोरी ।
देति मनहुँ मधु माहुर घोरी ॥

મંથરાની વાત સાંભળવામાં તો કોમળ છે, પણ પરિણામમાં કઠોર છે. જાણે મધમાં ઓગાળીને ઝેર પીવડાવી રહી હોય, તે દાસી બોલી, હે સ્વામિની! તમે મને એક વાત કહી હતી કે, તમારાં બે વરદાન રાજા પાસે જમા છે, આજે રાજા પાસે માગીને પોતાની છાતી ઠારી લો, જ્યારે રાજા સોગંદ ખાઈને કહે ત્યારે કહેવાનું રામને વનવાસ આપો અને ભરતને રાજગાદી આપો.

कुबरिहि रानि प्रानप्रिय जानी ।
बार बार बडि बुद्धि बखानी ॥

પાપીણી મંથરાએ ખરાબ ઘા કરતાં કહ્યું, કોપભવનમાં જાઓ બધુ કામ ઘણી સાવચેતીથી કરજો. રાજા ઉપર એકદમ વિશ્વાસ ન મૂકતાં. કુબડી મંથરાએ રાણીનાં વારંવાર વખાણ કર્યા અને બોલી "સંસારમાં મારું હિતકારી તારા સિવાય બીજું કોઈ નથી."

जौं बिधि पुरब मनोरथु काली ।
करौं तोहि चख पूतरि आली ॥

રાણી બોલી હે સખી ! જો વિધાતા કાલે મારો મનોથર પુરો કરી દે તો, તને આંખોની કીકી બનાવીશ. એ રીતે દાસીને ઘણી જાતનો આદર આપી કૈકેયી કોપભવનમાં ચાલ્યાં ગયાં. અને કોપના સર્વે સાજ સજીને જઈ સુઈ ગયાં. નગરમાં ધૂમધામ મચી રહી છે, પણ આ કુચાલ અંગે કોઈ કંઈ જણાતું નથી.

बाल सखा सुनि हियँ हरषाहीं ।
मिलि दस पाँच राम पहिं जाहीं ॥

શ્રી રામચંદ્રના બાલસખા રાજતિલકના સમાચાર સંભાળી હદયમાં ઘણા હરખાઈ રહ્યાં છે. બાલસખાનો પ્રેમ ઓળખીને પ્રભુ રામચંદ્ર તેમનો આદર કરે છે. સંસારમાં શ્રી રઘુનાથજીના જેવો શીલ અને સ્નેહને નિભાવનારો કોણ છે ?

अस अभिलाषु नगर सब काहू ।
कैकयसुता हृदयँ अति दाहू ॥

નગરમાં સર્વેની અભિલાષા સુંદર છે. પરંતુ કૈકેયી ના હૃદયમાં ઘણી બળતરા થઈ રહી છે. કુસંગતિ પામીને કોણ નષ્ટ નથી થતું? સંધ્યા સમયે રાજા દથરથ આનંદ સાથે કૈકેયીના મહેલમાં ગયા. જાણે સાક્ષાત સ્નેહ જ શરીર ધારણ કરીને નિષ્ઠુરતાની પાસે ગયા હોય. ■

(ક્રમશઃ આવતા અંકમાં)

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ
લેખક ચિંતક, સાહિત્યકાર, કોલમિસ્ટ અને
સરકાર દ્વારા 'પદ્મશ્રી' એવોર્ડથી વિભૂષિત છે.

રામનો આધાર

ક્રિસ્ટોફર કોલંબસ કે વાસ્કો-દ-ગામા જેવા સફરીઓની સાહસકથાઓ હોંશે હોંશે વાંચનારા આપણે ક્યારેય 'અંધારીયા ખંડ' તરીકે ઓળખાતા આફ્રિકામાં પ્રવેશનારા ભારતીય સાહસિકોનો વિચાર કર્યો છે ખરો. ઈતિહાસમાં એમના નામ સુવર્ણાક્ષરે નહીં, કિંતુ સામાન્ય અક્ષરે પણ નોંધાયા નથી ! એમણે કરેલા અદ્વિતીય સાહસની કોઈએ કલ્પના કરી છે ખરી ?



આફ્રિકાના ઈતિહાસમાં જરા ઊંડે ઊતરીએ તો ખ્યાલ આવે કે આફ્રિકા ખંડના કેનિયામાં રેલવે લાઈન નાખવા માટે અંગ્રેજો ભારતથી હજારો હિંદી મજૂરોને લઈ ગયા. સૌરાષ્ટ્ર અને કચ્છના સાહસિક વેપારીઓએ આફ્રિકાના અજાણ્યા ભયાનક જંગલો વીંધીને ગામેગામ સુધી પોતાનો વેપાર વિસ્તાર્યો હતો અને એ પછી ગોરાઓ એ ગામોમાં હકૂમત ચલાવવા આવ્યા હતા. એ જ રીતે ૧૮૯૦માં દક્ષિણ આફ્રિકાનાં શેરડીનાં ખેતરોમાં કામ કરવા માટે ભારતથી કેટલાય મજૂરો ગયા હતા. મહાત્મા ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહની અને ત્યાંના ગિરમિટિયાઓની હાલત આપણે જાણીએ છીએ, પરંતુ એનો ક્યારેય વિચાર કર્યો ખરાં કે આવા સાવ અજાણ્યા દેશમાં જીવવાની કપરી પરિસ્થિતિ વચ્ચે પોતાના વતનથી દૂર આ હિંદી મજૂરોએ કઈ રીતે પોતાનું જીવન ગુજાર્યું હશે ? આ ભારતીય મજૂરોએ ભારે મહેનત કરીને આફ્રિકાના ખાંડ ઉદ્યોગને એના પ્રારંભકાળે સ્થિરતા આપી, એ ભૂલી શકાય તેમ નથી.

શોધ અને સંશોધનનો એ વિષય છે કે કઈ રીતે આ હિંદી મજૂરો ગોરાઓના દમન, કાળી મજૂરી, બેહાલ રહેઠાણોની વચ્ચે જીવ્યા હશે. એ મજૂરો પાસે જીવવાનું સૌથી મોટું ઔષધ હતું "શ્રી રામચરિતમાનસ". દક્ષિણ આફ્રિકા આવેલા મોટા ભાગના લોકો હિંદુ ધર્મ પાળતા હતા અને આ હિંદુ ધર્મીઓ પોતાની સાથે પવિત્ર ગ્રંથ તરીકે 'શ્રીરામચરિતમાનસ' લાવ્યા હતા. જનસમાજની અવધિ બોલીમાં દોહા, ચોપાઈ છંદોમાં રચાયેલા 'શ્રીરામચરિતમાનસ'નાં આ એક હજાર અને સિત્તેર કડવાં એ આ પ્રજાને માટે જીવન સંસ્કાર અને ધર્મના ધારક બની રહ્યાં.

રામનો જન્મ ચૈત્રસુદ નવમીના દિવસે બપોરે બાર વાગ્યે થયો હતો. ગ્રીષ્મ ઋતુના બળબળતા તાપ સમયે શ્રી રામનો જન્મ થયો હતો, જ્યારે જ્યારે કોઈ વ્યક્તિ પારાવાર વેદના અનુભવતો હોય કે પછી ઉર્ધ્વ જીવનની ખોજ કરતો હોય, ત્યારે એની શાંતિ માટે શ્રીરામ પાસે જાય છે અર્થાત માનવીની આસપાસનુ જીવન કે જગત સમગ્ર આધિ, વ્યાધિ અને ઉપાધિથી તપ્ત બની જાય છે, ત્યારે એને શાંતિ અને સુખ આપવાનું કાર્ય રામ કરે છે. માનવી કઈ રીતે પોતાની આસપાસના કુટુંબના પ્રશ્નો ઉકેલી શકે, સામાજિક સમસ્યાઓની પાર જઈ શકે, નૈતિક મૂંઝવણો અને રાજકીય વલણોમાં ક્યો માર્ગ અપનાવી શકે, એનું સઘળું માર્ગદર્શન એને 'શ્રી રામચરિતમાનસ' પાસેથી મળે છે. એક અર્થમાં કહીએ તો સદ્ગુણોનાં શિખર પર બિરાજેલા એવા શ્રીરામ રાક્ષસી સંસ્કૃતિનો નાશ કરનાર અને દૈવી સંપત્તિના દાતા છે અને તેથી જ જ્યાં જ્યાં 'રામચરિતમાનસ' પહોંચ્યુ કે રામકથાનું ગાન થયું, ત્યાં ત્યાં લોકોએ અને પોતાના હૃદયમાં ચિરંજીવ સ્થાન આપ્યું છે.

આથી તો સ્વયં તુલસીદાસે કહ્યું છે,

दारिद – दसानन दबाई दुनी, दीनबंधु ।
दुरित–दहन देखि तुलसी हहा करी ॥

'દારિદ્ર રૂપી રાવણે આ દુનિયાને દબાવી દીધી છે અને પાપ રૂપી જ્વાળાને જોઈને તુલસીદાસ હા-હા કરે છે અર્થાત્ અત્યંત તીવ્રતાથી તમારી સહાયતાથી પ્રાર્થના કરે છે.' તુલસીદાસની ગીતા પ્રેસ દ્વારા પ્રકાશિત કવિતાવલી (પૃ.૧૧૬)માં જે સમસ્યાઓ વર્ણવી છે, તે

ધર્મ સૃષ્ટિ

આજની જ સમસ્યાઓ છે. ખેતરમાં કામ કરતો ખેડૂત, વેપાર કરતો વેપારી કે રોજીરોટીની સમસ્યા આજે પણ જોવા મળે છે અને આથી જ રામનું જીવન અને એમનું વ્યક્તિત્વ બંને દુઃખી જનતાના નાયકનું પ્રતિનિધિત્વ કરે છે.

એથી જ ચરિત્ર, કાવ્ય અને ભક્તિના ઉત્તમ સંગમ સમા 'શ્રી રામચરિતમાનસ'માં આલેખાયેલું ભગવાન રામનું જીવન એ દક્ષિણ આફ્રિકામાં ગયેલા હિંદીઓને માટે ઈશ્વર શ્રદ્ધાનું સ્થાન હતું. પણ એથીય વિશેષ સીતા અને ભરત જેવા ચરિત્રો પાસેથી પોતાના વતનથી દૂર દૂર વસેલા લોકોએ ઉદારતા, ક્ષમા, ત્યાગ, ધૈર્ય અને સહનશીલતા જેવા ગુણો મેળવ્યા. આ 'શ્રીરામચરિતમાનસ' એ દક્ષિણ આફ્રિકામાં વસનારા હિંદીઓને માટે અભ્યાસ, આચાર અને સત્સંગ માટે દીવાદાંડીરૂપ બની રહે છે. દેશથી દૂર વસતા આ કુટુંબોની હિંદી ભાષા અને એમનો ધર્મ બંને 'શ્રી રામચરિતમાનસ' દ્વારા જળવાઈ રહ્યા. એના આધાર પર જ દક્ષિણ આફ્રિકાના હિંદીઓએ પોતાના જીવનમાં સાહિત્યિક રંગ પ્રગટ કર્યો અને સહુ કોઈને માટે આરાધ્ય એવાં મંદિરોની રચના કરી. આ રીતે તુલસીદાસના મહાકાવ્ય દ્વારા દરેક માનવી ધર્મમાર્ગે રહ્યો અને એથીય વધુ 'શ્રી રામચરિતમાનસ'ની ચોપાઈઓએ જનહૃદયમાં ભાવનાઓને જાગૃત રાખી.

દક્ષિણ આફ્રિકા આવેલા ભારતીયોએ રામાયણ સભાનું આયોજન કર્યું, જેમાં નિયમિત રૂપે બધા સાંજે સભારૂપે મળતા હતા અને 'શ્રી રામચરિતમાનસ' વિશે ચર્ચાવિચારણા કરતા હતા. આનો એ પ્રભાવ પડ્યો કે આમાંથી ઉત્સવો, કૌટુંબિક મૂલ્યો અને પવિત્ર ક્રિયાકાંડોનું માર્ગદર્શન ભારતથી આટલે બધે દૂર વસેલા લોકો મળતું રહ્યું. એ રામાયણ સભામાં જીવનના પ્રશ્નો 'શ્રી રામચરિતમાનસ'માં લખાયેલી ભાવનાને આધારે ચર્ચવામાં આવતા હતા. પતિ-પત્ની વચ્ચેનો પ્રેમ કે ભાઈ-ભાઈ વચ્ચેની અતૂટ સ્નેહગાંઠનું દર્શન 'શ્રી રામચરિતમાનસ'માં કરતા હતા અને પછી સહુ એ પ્રકારે વર્તમાનમાં પોતાના સામાજિક સંબંધોને જોતા હતા.

આથી એવુ બનતું કે ક્યારેક બે વ્યક્તિઓ કે કુટુંબના સભ્યો વચ્ચે કોઈ બાબતમાં કલહ જાગતો તો રામના ત્યાગની વાત આવતી અથવા તો કૈકેયીનાં વચનોને કારણે સર્જાયેલી વિષમ પરિસ્થિતિનું ઉદાહરણ આપવામાં આવતું. કામ, ક્રોધ, ઈર્ષ્યા, મોહ, શંકા અને અન્ય વૃત્તિઓ વિશે કોઈ તત્વજ્ઞાનીની ઢબે નહીં, બલ્કે 'શ્રી રામચરિતમાનસ'ના કથાઘટકોના સંદર્ભે વિચારણા થતી હતી. આવી રામાયણ સભાઓએ વતનથી દૂર વસતા લોકોને માત્ર એક સૂત્રે ગૂંથી રાખ્યા નહીં, બલ્કે ઉચ્ચ ભાવનાઓથી સાંકળી લીધા. દક્ષિણ આફ્રિકાની ગોરાઓની જોહૂકમી અને દમન સામે 'શ્રી રામચરિતમાનસ'ના બળે હિંદી ભાઈઓને ઝઝૂમવાની શક્તિ આપી. જ્યારે બીજી પ્રજાઓ લાચાર બનીને મૂંગે મોંએ શ્વેત સત્તાધારી અને શોષણખોરોના જુલમો સહન કરતી હતી, ત્યારે આ ગ્રંથે હિંદીઓને એક એવું બળ આપ્યું કે જેને પરિણામે એ એમનું સત્વ અને સંસ્કૃતિ બંને જાળવી શક્યા.

રાજનૈતિક, સામાજિક અને પરિવારિક જીવનના આદર્શો રામાયણમાંથી મળતાં રહ્યાં, વળી એની સાથોસાથ લોકકલ્યાણની ભાવના પણ એમાં સમન્વિત થતી હતી. એક વિશિષ્ટ ઘટના એ બની કે 'શ્રી રામચરિતમાનસ'ને કારણે રામભક્ત અને શિવભક્ત વચ્ચેના ભેદો ઓગળી ગયા. રામ અને શિવને એકબીજાના ભક્તો દર્શાવીને તુલસીદાસે વૈષ્ણવ અને શૈવ સંપ્રદાયને સમાન ભૂમિકા આપી અને એને કારણે લોકકલ્યાણ, માનવતા અને સમન્વની ભાવનાઓ આપોઆપ આ હિંદુ મજૂરોમાં જળવાઈ રહી. રામાયણના વાચને એક બીજું પરિવર્તન એ આવ્યું કે જે નિરક્ષર હતા, એમને અક્ષરજ્ઞાન મેળવવાની તાલાવેલી જાગી અને પછી એ બધા રામચરિત માનસનો પાઠ કરવા લાગ્યા.

સમય જ્યાં દક્ષિણ આફ્રિકામાં ગોરી સરકારના વલણને કારણે શ્રી રામચરિતમાનસના અભ્યાસમાં થોડી ઓટ આવી. દક્ષિણ આફ્રિકામાં અંગ્રેજીનો અભ્યાસ વધતા યુવાનોમાં હિંદીનો અભ્યાસ ઘટવા લાગ્યો અને પ્રજા અને રામચરિતમાનસ વચ્ચે એક ખાઈ વધતી ગઈ. દક્ષિણ આફ્રિકામાં 'ગ્રુપ્સ એલિયાન્સ એક્ટ'ને કારણે સંયુક્ત કુટુંબો ભાંગવા લાગ્યાં. ખ્રિસ્તી ધર્મના પ્રચાર અને પશ્ચિમી મૂલ્યોની ઘેલછાને કારણે આ મહાન ગ્રંથ અને પ્રજા વચ્ચે ખાઈ સધાઈ ગઈ, પરંતુ હવે દક્ષિણ આફ્રિકાના રામકૃષ્ણમઠ, દિવ્યજીવન સંઘ અને બીજી સંસ્થાઓએ ફરી શ્રીરામચરિતમાનસ માં રસ લેવા માંડ્યો છે. પ્રવાહ ગમે તે આવે, સમય ગમે તેવો બદલાય, પરંતુ સંત તુલસીદાસ તો એ જ સ્થાને છે. સમય અને કાળ 'શ્રી રામસરિતમાનસ'ને સ્પર્શી શક્યા નથી એનું ઉદાહરણ આજે દક્ષિણ આફ્રિકામાં રામાયણના થઈ રહેલા પ્રસારને જોતાં લાગે છે. ■

ધર્મ સૃષ્ટિ

ચંદ્રકાન્ત પટેલ 'સરલ'
ઉંઝા મેગેઝીનના નિયમિત લેખક તથા
જાણીતા અખબારના કોલમિસ્ટ

હિંદુ-મહિલાઓનું : ગૌપૂજનવ્રત

જ્યાં ગાયોની ગમાણ અથવા વાડા હોય તે સ્થળે કોઈનો દેહાંત થાય તો તે માનવી પરલોકને પામે છે અને જે કોઈ માનવ ગાયોને દુભવે છે, તેની સાત પેઢીને પણ મોક્ષ મળતો નથી.

ભારતીય હિંદુ સંસ્કૃતિમાં આદિકાળથી જ ગાય અને બ્રાહ્મણનું મહત્વ વિશેષ રહ્યું છે. પૃથ્વીને સ્થિર રાખવા માટે અને ટકાવી રાખવામાં પ્રથમ બ્રાહ્મણ છે ને પછી ગાય માતા છે. આ બંને સંસ્કૃતિના ધરોહર મનાય છે. ગાય અને વિપ્રદેવની અવહેલનાએ જ આ દેશમાં અરાજકતા સર્જી છે. અને ઘણા પ્રશ્નો ઊભા કર્યા છે. ગાયની દુર્દશાએ ધરતીને ડગમગાવી ધણધણાવી મૂકી છે.

આપણા પૂર્વજોએ ગાયનાં રક્ષણ માટે થઈને પોતાના લીલુડાં માથાં વધેરી જાનની કુરબાની આપી છે. તેની સ્મૃતિરૂપે ગામને પાદર એ શુરવીરોના પાળિયા ઊભા છે. દર ચૈત્ર મહિને એ પાળિયાને સિંદુર ચડાવી તેની પૂજા કરવામાં આવે છે. અને ગાયોના રક્ષણ માટે થઈને તેમણે આપેલ બલિદાનને યાદ કરાય છે.

પાળિયારૂપે કોતરાઈને બેઠેલા આપણા એ પૂર્વજો-શુરવીરો વર્તમાન સમયમાં થતી ગાયોની દુર્દશા જોઈને કેવા દુઃખી થતાં હશે એ બાબતે આપણે કદી વિચાર્યું નથી. ભૂખથી વલવલતી, શેરીમાં રખડી રખડીને ભૂખ ભાંગવા, કાગળ-કચરો ખાઈને માંડ માંડ પોતાનો પ્રાણ ટકાવી રાખતી પૂજનીય એવી ગૌમાતાના કાળા - નિસાસા આ દેશને શાંતિ

અપાવી શકે નહિં. સરકાર પણ તેને રાષ્ટ્રમાતા જાહેર કરવાથી વિધર્મીઓથી ડરે છે.

આપણાં શાસ્ત્રો કહે છે કે ગૌમાતાના શરીરમાં તેત્રીસ કરોડ દેવી અને દેવતાઓનો વાસ છે. જો શાસ્ત્રોનાં કથન પ્રમાણે તેનાં શરીરમાં આટલાં બધાં દેવી-દેવતાઓ છે તો ગાયને દુઃખી કરીને આપણે તેત્રીસ કરોડ દેવી-દેવતાઓનો અભિશાપ જ લઈ રહ્યા છીએ. શાસ્ત્રો તો એમ પણ કહે છે કે, દુઃખી થતી ગાયને જોનારને મંદિરે પણ પુણ્ય મળતું નથી. મંદિરમાં બેઠેલો ભગવાન પણ તેની પૂજા-વંદના સ્વીકારતો નથી.

ગાયનાં શરીરમાં ૩૩ કરોડ દેવતાઓ હોવાનું 'બ્રહ્મવૈવર્ત' પુરાણ પણ સ્વીકારે છે ને કહે છે :

સર્વ દેવ : ગવાં અંગે,
તીર્થાની તત પર્દેષુ ચ ।
તદ ગુહ્યોષુ સ્વયં લક્ષ્મી,
તિષ્ઠતિ એવ સદાપિતઃ ॥
ગોષ્પધકતા મુદા યોહિ
તિલકમ કરૂત સદા
તીર્થ સ્નાતો ભગવત સદ્ય,
જય; તસ્યે પદે પદે ॥

ગાયનાં અંગમાં તેત્રીસ કરોડ દેવતા બિરાજે છે, એમ 'બ્રહ્મવૈવત' પુરાણ સ્પષ્ટ રીતે નથી કહેતું . પણ ગાયનાં શરીરમાં દેવી-દેવતાઓ વસે જ છે. એમ સ્વીકારે છે. જે કહે છે કે, ગાયના સરણમાં સર્વ તીર્થોનો વાસ છે. ગાયના ગુહ્ય અંગમાં લક્ષ્મીજી બિરાજે છે. ગાયની ખરીને લાગેલી માટીથી જે મનુષ્ય કપાળમાં તિલક કરે છે, તેને તમામ તીર્થસ્નાનનું ફળ મળી જાય છે.

દ્વાપરયુગમાં સારસ્વતકલ્પના અંતિમ ચરણમાં ભગવાન શ્રી કૃષ્ણ પૃથ્વી પર પ્રગટવાના હતા તે પૂર્વે તેમણે ગોલોકધામમાંથી સૌ પ્રથમ ગાયોને ગોકુળની વ્રજભૂમિમાં મોકલી હતી. ત્યારબાદ ગોપ, ગોપીઓ, વૃક્ષ, વેલીઓ, નદી, પર્વતો, પશુ, પક્ષીઓ વગેરેને વ્રજભૂમિમાં ઉતાર્યા હતા. સૌપ્રથમ તેમણે ગૌમતાઓને જ મોકલી હતી. પછી અન્યોને વ્રજભૂમિમાં ઊતાર્યા હતા. ભગવાને જ્યારે ગાયોને પૃથ્વી પર મોકલી હતી તે દિવસ શ્રાવણ કૃષ્ણપક્ષની ચતુર્થીનો હતો. જેને બહુલાચોથ કે 'બોળચોથ' કહેવાય છે.

ગુજરાતમાં હિંદુ મહિલાઓ શ્રાવણ વદિ-૪ ને દિવસે ગાયમાતાની પૂજા કરે છે. એ કેવળ એકલી ગાયની જ નહિં, પણ ગાય સાથેનાં વાછરડાંઓની પણ પૂજા કરે છે. આ દિવસને 'બોળચોથ' કહેવાય છે. જોકે, ગુજરાત સિવાય

ધર્મ સૃષ્ટિ

અન્ય રાજ્યોમાં પણ ગાયની પૂજા થઈ રહી છે. ગાયના શરીરમાં દેવી-દેવતાઓનો વાસ હોવાથી ગાયની પૂજા સાથે તમામ દેવી-દેવતાઓની પણ પૂજા થઈ જાય છે.

બોળચોથના દિવસે હિંદુ મહિલાઓ પોતાના ઘર આંગણાંની કે શેરી-નગરની ગાયોની સૂતરના નાગલા ચઠાવી, કંકુનો ચાંદલો કરી, ચોખાથી વધાવે છે. મહારાષ્ટ્રમાં આ દિવસે ગાયોને દૂધ પીવડાવી ને પૂજા કરાય છે. કેટલાંક રાજ્યોમાં પંચગવ્યથી ગાયની પૂજા કરાય છે. તેઓ માને છે કે ગાયના શરીરમાં દેવતાઓનો વાસ હોવાથી પંચગવ્ય અભિષેક વગર પૂજા સફળ થતી નથી.

પંચગવ્ય એટલે દૂધ, દહીં, ઘી, ગૌમૂત્ર, છાશ. જોકે, પંચપૂજામાં ગૌ મૂત્ર કે છાશની જગ્યાએ મધ અને સાકર વપરાય છે. જેને પંચામૃત કહે છે. આ પંચામૃતસ્નાનમાં રહેલું દૂધ શુભ્રતાનુ પ્રતીક છે. માનવજીવનને શુભ્ર-સફેદ વિકારહિત બનાવવાનો તેમાં સંદેશ છે તો દહીં એ સ્નેહનું પ્રતીક છે. ભગવાનનો સ્નેહ કાયમ જીવ ઉપર રહે એવો સંદેશ દહીં આપે છે. વળી દહીં બીજાને બદલાવવાની શક્તિ પણ ધરાવે છે. તેના બે જ ટીપાં દૂધમાં જાય તો દૂધને પણ પોતાનામાં રૂપાંતર કરી દે છે. 'ઘી'એ સ્નિગ્ધ અને સ્નેહયુક્ત બનવાનો સંદેશ આપે છે. સર્વથી સંબંધો સુમેળ ભર્યા રાખવાની શીખ ઘી આપે છે. ગૌમુત્ર રોગથી મુક્ત કરવાની શીખ આપે છે. દૂધ, દહીં, ઘી સાથે સાદો આહાર લઈ રોગમુક્ત બનવાનો આમાં ગર્ભિત ઈશારો છે. તો છાશ એ ખટાશનું પ્રતીક છે. એ ખટાશ-કડવાશ- દુર કરવાનું પ્રતીક છે. આમ પંચગવ્ય પૂજા દેવતાઓને ખુશ કરે છે અને માનવ જીવનને મોટો સંદેશ આપે છે.

વેદકાળથી આપણા ઋષિ-મુનિઓ ગાયમાતાનો મહિમા ગાતા આવ્યા છે. ભગવાન શ્રીકૃષ્ણએ ગોપાલન અને ગૌસેવાનો આદર્શ આપણને શીખવ્યો છે. તે કાળમાં ગાય એ ધન ગણાતું હતું. જેની પાસે વધારે ગાયો હોય તેની ગણના ધનવાનોમાં થતી હતી. અને ગાયોની સંખ્યા ઉપર તેની સમજમાં આબરૂ અંકાતી.

આપણી સંસ્કૃતિએ ગાયને માતા-સમાન ગણી છે. અને તેનું પૂજન કરવાનું કહ્યું છે. તે પ્રાણી હોવા છતાં તેને લાકડી-પાટું અડાડવાની પણ મનાઈ છે. ગાયને પાટું મારવું કે સોટી મારવી એને ઋષિઓએ વર્જ્ય ગણ્યું છે. આ પૃથ્વીને સ્થિરતા અપાવનાર ગાય અને વિપ્રદેવ છે. આ બંનેની પૂજા કરવાનું શાસ્ત્રો કહે છે.

ભગવાન શ્રીકૃષ્ણએ છ વર્ષની નાની ઉંમરે ગાયો ચરાવવી શરૂ કરી હતી. અને ગાયોનાં રક્ષણ માટે તેમણે વનમાં લાગેલો દાવાનળ પીધો હતો અને ભાંડિરવનમાં ગાયો તથા ગોપાલક-ગોવાળિયાઓને ઉગાર્યા હતા.

ભગવાન શ્રીકૃષ્ણની સમગ્ર લીલાઓનું કેન્દ્રબિંદુ ગાય, ગોવંશ, ગોપગોવળો, ગોપીઓ અને ગોરસ છે. વ્રજભૂમિમાં ઉજવતા તમામ ઉત્સવોમાં ગાય અને ગોવંશનું સ્થાન મોખરે રહ્યું છે.

ગાયોના પાલકો ગાયને દોહી લીધા પછી તેને છોડી મૂકે છે. અને તેને દોહવા સમયે બજારમાંથી શોધીને ઘેર હાંકી જાય છે. તે ફરી દૂધનું દોહન કરી ગાયને કાઢી મૂકે છે. વરસતો વરસાદ હોય તેની પણ માલિકો ચિંતા કરતાં નથી. વરસતા વરસાદમાં ગાય આખા શરીરે કાળી થઈ જાય છે. ગાય હોય કે ગોવંશ (બળદ-સાંઢ-ખૂંટ) હોય. એને પાણીનો દાહ લાગે છે. તેનાથી પાણી સહન થતું નથી. ઘર આંગણે બેઠેલા ગાય કે બળદ ઉપર પાણી નાંખી જોજો. એ તરત ભાગવા લાગશે. તેના શરીરમાં અગ્નિ ફરી વળશે.

આજે જ્યારે ગાયની અવહેલના થઈ રહી છે ત્યારે હજી પણ ઘણા પરિવારો એવા છે કે જે પહેલાં ગાયને ચારો નાખે છે અને પછી જ પોતે જમે છે. ગામડાંમાં તો ભાગ્યે જ કોઈ ઘર એવું હશે કે જ્યાં સૌપ્રથમ ગાય અને કુતરા માટેની અલગ રોટલી બનતી ન હોય. દરેક ઘરની ગૃહિણીઓ સૌપ્રથમ ગાય અને કૂતરા માટેની અલગ રોટલી કે રોટલો બનાવે છે અને તેઓને ખવડાવ્યા પછી પરિવાર જમે છે.

ગાયોનો નિભાવ અને સંવર્ધન માટે કેટલીક સંસ્થાઓ સારુ કામ કરે છે. તે અભિનંદનને પાત્ર છે. તેમાં માણાવદરનું 'અનસૂયા ગૌધામ' શિર મોર છે. ફંડ-ફાળો, દાન-ધર્માદા લીધા વિના પોતાની કમાણીથી ૨૫૦ જેટલી ગીર ગાયો તથા લગભગ ૧૦૦ જેટલી દેશી ગાયોની સેવા-સારવાર કરી ગાયોની આશિષ લઈ રહ્યું છે. આનું નામ જ સાચી સેવા ગણાય.

મો.૮૭૩૫૯૦૨૪૨૪

ધર્મ સૃષ્ટિ

શ્રી ભાણદેવજી
લેખક જાણીતા સાધક, યોગાચાર્ય અને કથાકાર છે.
સરસ્વતી નિકેતન આશ્રમ - જોધપર (નદી), મોરબી

મહર્ષિ યાજ્ઞવલ્ક્યજી

મહર્ષિ યાજ્ઞવલ્ક્ય સંવાદો દ્વારા મહારાજ જનકને અને મહારાજ જનકને નિમિત્ત બનાવી સમગ્ર માનવજાતને કહે છેઃ

"માનવીમાં અને બ્રહ્માંડમાં જે કાંઈ ઉમદા તત્વો છે, તે સર્વ આત્માની જ અભિવ્યક્તિ છે, તેથી આ બધાં તત્વોના કેન્દ્રસ્થ તત્વ આત્માને પામ્યા વિના જીવનની પરમ કૃતાર્થતા પામી શકાય નહિં. આત્મા સર્વ પ્રાપ્તવ્યોનું કેન્દ્રસ્થ પ્રાપ્તવ્ય છે."



આમ, બૃહદારણ્યક ઉપનિષદમાં મહર્ષિ યાજ્ઞવલ્ક્યનું અધ્યાત્મતેજ સોળે કલાએ ખીલી ઊઠ્યું છે.

યાજ્ઞવલ્ક્યની પ્રતિભાની અહીં પરિસમાપ્તિ નથી.મહર્ષિ યાજ્ઞવલ્ક્ય ઋષિ તો છે જ, મહાન ઋષિ છે, પરંતુ સાથેસાથ તેઓ સિદ્ધહસ્ત યોગીપુરુષ પણ છે જ.'बृहद्योगियाज्ञवल्क्यस्मृति' નામનો ગ્રંથ ઉપલબ્ધ છે. આ ગ્રંથ યાજ્ઞવલ્ક્યજીના યોગવૈશારદ્યનો સાક્ષી છે. આ ગ્રંથ યોગગ્રંથ તો છે જ, પરંતુ તે એક સ્મૃતિગ્રંથ પણ છે, જે દર્શાવે છે કે યાજ્ઞવલ્ક્ય એક સ્મૃતિકાર પણ છે.

મહર્ષિ યાજ્ઞવલ્ક્ય ભારતીય આકશનું એક તેજસ્વી નક્ષત્ર છે. જેમનું પયઃપાન કરીને ભારતીય સંસ્કૃતિ ઊછરી છે, વધી છે અને વિકસી છે, તેવા ભારતીય સંસ્કૃતિના સર્જકોમાં યાજ્ઞવલ્ક્યજીની ગણના અનિવાર્યતઃ થાય છે ગુરુ અને શિષ્યના સંબંધ પર પ્રકાશ પાડનાર એક વિધાન છે शिष्यात्पुत्रादिच्छेत्पराजयम्।

"ગુરુ શિષ્યથી અને પિતા પુત્રથી પરાજય ઈચ્છે."

આનો અર્થ એમ નથી કે શિષ્ય ગુરુને પરાજિત કરે. આને અર્થ એમ થાય છે કે શિષ્ય ગુરુને અતિક્રમીને આગળ વધે. ગુરુ દ્વાર છે, તે દીવલ ન બની જાય તેની કાળજી ગુરુ અને શિષ્ય બંનેએ રાખવી જોઈએ. શિષ્ય ગુરુ પાસેથી જ્ઞાન પામે છે. પરંતુ શિષ્ય ગુરુ દ્વારા જે પામે છે, તેને પકડીને, તેને મર્યાદા ગણીને બેસી રહે તો ગુરુ શિષ્ય માટે દ્વાર બનવાને બદલે દીવાલ બની જાય છે. અપેક્ષા એવી છે કે શિષ્ય ગુરુ-પ્રદત્ત જ્ઞાનને પચાવીને, પછી પણ વિકાસશીલ રહે.

જીવન વિકાસની પ્રક્રિયા છે. જીવવું એટલે વિકસવું. શાણા ગુરુ એમ જ ઈચ્છે છે કે પોતાનો શિષ્ય સતત વિકસતો રહે, સતત વધતો રહે. આ વિકાસપ્રક્રિયાના ભાગરૂપે શિષ્ય ગુરુને અતિક્રમી આગળ વધે તો ગુરુદ્રોહ નથી, પરંતુ ગુરુનું ગૌરવ છે. કોઈ સંગીતકાર ગુરુથી તેનો સંગીતકાર શિષ્ય સવાયો નીવડે તો તેમાં ગુરુની અવગણના કે ઉપેક્ષા નથી, પરંતુ ગૌરવ છે. શાણા ગુરુ શિષ્યને પોતાનાથી આગળ વધવા પ્રેરે છે.

યાજ્ઞવલ્ક્ય વીર અધ્યાત્મપુરુષ છે. યાજ્ઞાવલ્ક્ય અંધ ગુરુવાદનું અનુસરણ કરવા સામે લાલબત્તી ધરે છે. જીવનનું લક્ષ્ય પરમ સત્ય છે, ગુરુ નહિં. ગુરુ આ પરમ સત્ય સુધી પહોંચવાનો રસ્તો ચીંધે છે, તેથી સાધકે સત્યપ્રાપ્તિ માટે આવશ્યક બને તો અને ત્યારે ગુરુબદ્ધતામાંથી મુક્ત થવાની વીરતા દાખવવી જોઈએ. ઘણું મોટું સાહસ છે. વીર સાધક જ આવું સાહસ કરી શકે છે. યાજ્ઞવલ્ક્ય પરમ વીર સાધક છે અને તેમણે આવું સાહસ કરી બતાવ્યું છે. તેમણે આધ્યત્મપથના પથિકોને એક નવા પરિમાણનું દર્શન કરાવ્યું છે.

સૉક્રેટીસ - પ્લેટો - ઍરિસ્ટોટલ :

પ્લેટો સૉક્રેટીસના પ્રધાન શિષ્ય છે. ઍરિસ્ટોટલ પ્લેટોના પ્રધાન શિષ્ય છે. ઍરિસ્ટોટલની જ્ઞાનપિપાસાથી પ્રસન્ન થઈને પ્લેટો તેમના વિશે કહેતા : "આ ઍરિસ્ટોટલ તો વાછરડા જેવો છે. બધું જ દૂધ પી જાય છે અને આંચળમાનું દૂધ સાવ ખલાસ થઈ જાય ત્યારે વાછરડાની જેમ આંચળમાં માથાં મારે છે."

આનો અર્થ એમ છે કે સત્યશોધક ઍરિસ્ટોટલ જરૂર પડ્યે ગુરુના આંચળમાં માથાં મારતાં અચકાતા નથી.ઍરિસ્ટોટલ પોતાની સત્યશોધમાં ક્વચિત્ પોતાના ગુરુ પ્લેટોથી જુદા પડે છે. તે વખતે ઍરિસ્ટોટલના શિષ્યો તેમને કહે છે. "પણ પ્લેટો તો આ બાબતમાં આપનાથી જુદું કહે છે અને આપ આમ શા માટે કહો છો?"

આ પ્રસંગે ઍરિસ્ટોટલનો પોતાના શિષ્યોને અપાયેલો ઉત્તર જગપ્રસિદ્ધ છે, જે આ પ્રમાણે છે :

"I love Plato but I love truth more. Plato was Great, but truth is Greater than Plato"

"હું પ્લેટોને ખુબ ચાહું છું, પરંતુ સત્યને પ્લેટોથી પણ અધિક ચાહું છું. પ્લેટો મહાન છે, પરંતુ સત્ય પ્લેટોથી પણ મહાન છે."

સ્પષ્ટ જ છે કે અહીં ઍરિસ્ટોટલ સત્યને ગુરુથી એક સોપાન ઊંચા આસને બેસાડે છે. યાદ રહે, આ ગુરુદ્રોહ નથી, ગુરુ-ગૌરવ છે ! આપણા યાજ્ઞવલ્ક્યે પોતાના ગુરુ શાકલ્ય અને નાના વૈશંપાયનની અવગણના કે ઉપેક્ષા કરી નથી. ગુરુદ્રોહ તો તેમણે નથી જ કર્યો. હા, યાજ્ઞવલ્ક્યે ગુરુની કંઠીને મસ્તક પર ચડાવીને તેમાં બંધાઈ જવાનું પસંદ કર્યું નથી. આમ બનવાનું કારણ એ છે કે યાજ્ઞવલ્ક્યની ચેતનામાં **'સત્યં પરં ધીમહિ'** દઢીભૂત બની ગયું છે. ગુરુને અતિક્રમીને આગળ વધવાનું કાર્ય કઠિન છે. વીર પુરુષો જ આ સાહસ કરી શકે. વીર સાધક યાજ્ઞવલ્ક્યના આ સાહસને

ધર્મ સૃષ્ટિ

પરિણામે જ આપણને શુકલ યજુર્વેદ, શતપથ બ્રહ્મણ અને બૃહદારણ્યક ઉપનિષદ પ્રાપ્ત થયાં છે.

પુરાણોમાં મહર્ષિ યાજ્ઞવલ્ક્યને બ્રહ્માજીના અવતાર ગણવામાં આવે છે. આપણી આ ચૌદ લોકની સૃષ્ટિમાં બ્રહ્માજી વેદના પ્રથમ પુરસ્કર્તા અને ઉપદેષ્ટા છે. યાજ્ઞવલ્ક્યજી ભગવાન સવિતાનારાયણ પાસેથી નવો વેદ શુક્લ યજુર્વેદ લાવ્યા છે અને તેના પ્રથમ ઉપદેષ્ટા છે. વેદના દ્રષ્ટા અને ઉપદેષ્ટા તરીકે બ્રહ્માજી પછી તરત બીજું નામ યાજ્ઞવલ્ક્યજીનું છે. આમ, બ્રહ્માજી પછી તરત તેમનું નામ અને સ્થાન બતાવવા માટે પુરાણકારોએ તેમને બ્રહ્માજીના અવતાર ગણ્યા છે.

શ્રીમદ્ ભાગવતના દ્વાદશસ્કંધમાં વેદોની શાખાઓનું વર્ણન કરતી વખતે ભગવાન વેદવ્યાસ યાજ્ઞવલ્ક્યની કથા અને નામનો ગૌરવયુક્ત ઉલ્લેખ કરે છે. ઋષિ વૈશંપાયનજીએ પોતાના દૌહિત્ર અને શિષ્ય યાજ્ઞવલ્ક્યજીને આજ્ઞા કરી છે : "મારી પાસેથી ભણેલી વિદ્યા અહીં જ છોડીને આશ્રમ છોડીને ચાલ્યો જા." તેજસ્વી યાજ્ઞવલ્ક્યે ગુરુ પાસેથી ભણેલ કૃષ્ણ યજુર્વેદનું વમન કરી તેનો ત્યાગ કર્યો અને આશ્રમનો પણ ત્યાગ કર્યો.

નવા વેદની પ્રાપ્તિ : વેદવિહીન બનેલા યાજ્ઞવલ્ક્યજીએ નવા વેદની પ્રાપ્તિ માટે ભગવાન સવિતાનારાયણની ઉપાસના કરી. યાજ્ઞવલ્કયજીએ જે સાત શ્લોકો દ્વારા ભગવાન સવિતાનારાયણનું ઉપસ્થાન કર્યું તે સાત શ્લોકો આ પ્રમાણે છે.

ओम नमो भगवते आदित्यायाखिलजगतामात्मस्वरूपेण कालस्वरूपेण चतुर्विधभूतनिकायानां ब्रह्मादिस्तम्बपर्यन्तानामन्तर्हदयेषु बिहिर्रपि चाकाश इवोपाधिनाव्यवधीयमानो भवानेक एव क्षणलवनिषावयवोपचित - संवत्सरगणेनापामादान- विसर्गाभ्यामिमं लोकयात्रामनुवहति ॥

श्रीमद् भागवत : १२-६-६७

"હું ઓમ્કાર-સ્વરૂપ ભગવાન સૂર્યને નમસ્કાર કરું છું. આપ સમસ્ત જગતના આત્મા અને કાલસ્વરૂપ છે. બ્રહ્માથી પ્રારંભીને તૃણ પર્યંત જે ચતુર્વિધ પ્રાણીઓ જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્‌ભિજ્જ - છે, તે સર્વના હૃદયપ્રદેશમાં અને બહાર આકાશમાં વ્યાપ્ત રહીને પણ આપ ઉપાધિમાંથી અસંગ રહેનાર અદ્વિતીય પરમેશ્વર છો. આપ જ ક્ષણ, લવ, નિમેષ આદિ અવયવો દ્વારા સંઘટિત સંવત્સરો દ્વારા અને જળનાં આકર્ષણ-વિકર્ષણ, આદાનપ્રદાન દ્વારા સમસ્ત લોકની જીવનયાત્રા ચલાવો છો."

यदु ह वाव विबुधर्षभ सवितरदस्तपत्यनुसवनमहरहराम्नायविधिनोपतिष्ठ मानानामखिलदुरितवृजिनबीजावभर्जन भगवत : समभिधीमहि तपनमण्डलम्।

भा. : १२-६-६८

"હે પ્રભુ ! આપ સમસ્ત દેવતાઓમાં શ્રેષ્ઠ છો. જે લોકો પ્રતિદિન ત્રણ સમય વેદવિધિથી આપની ઉપાસદના કરે છે. તેમના સર્વ પાપો અને દુઃખોનાં બીજોને આપ બાળીને ભસ્મ કરી નાખો છો. હે સૂર્યદેવ ! આપ સમગ્ર સૃષ્ટિના મૂળ કારણ છો અને સમસ્ત ઐશ્વર્યોના સ્વામી છો. તેથી આપના આ તેજોમય મંડલનું અમે પુરી એકાગ્રતાથી ધ્યાન કરીએ છીએ."

य इह वाव स्थिरचरनिकराणां निजनिकेतनानां मनइन्द्रियासुगणा - ननात्मनः स्वयमात्मान्तर्यामी प्रचोदयाति ॥

भा : १२-६-६९

"આપ સર્વના આત્મા અને અંતર્યામી છો. જગતમાં જેટલાં ચરાચર પ્રાણી છે તે સર્વ આપનાં જ આશ્રિત છે. આપ જ તેમનાં અચેતન મન, ઈન્દ્રિયો અને પ્રાણોના પ્રેરક છો."

य एवेमं लोकमतिकरालवदनान्धकारसंज्ञाजगरग्रहगिलितं मृतकमिव विचेतनमवलोक्यानुकम्पया परमकारुणिक ईक्षयैवोत्थाप्याहरहरनुसवनं श्रेयसि स्वधर्माखात्मावस्थाने प्रवर्तयत्यवनिपरिवासाधूनां मयमुधीरयन्नटति ॥

-भा. १२-६-७०

"આ લોક પ્રતિદિન અંધકારૂપ અજગરના વિકરાળ મુખમાં પડીને અચેતન અને શવવત્ બની જાય છે. આપ પરમ કારુણિક છો, તેથી કૃપા કરીને આપ દૃષ્ટિમાત્રથી તેને સચેતન કરી દો છો. આપ તેમને પરમ કલ્યાણના સાધનારૂપ ધર્માનુષ્ઠાનોમાં લગાડીને આત્માભિમુખ કરો છો. જેમ રાજા દુષ્ટોને ભયભીત કરવા માટે પોતાના રાજ્યમાં વિચરણ કરે છે, તે જ રીતે આપ પણ દુષ્ટોને ભયભીત કરતા વિચરણ કરતા રહો છો."

परित आशापालैस्तत्र तत्र कमलकोशाज्जलिभिरुपहतार्हणः ॥ भा. १२-६-७१

ચારે બાજુથી દિક્પાલો પોતાની કમળની કળી સમાન અંજલિઓથી આપને ઉપહાર સમર્પિત કરે છે.

अथ ह भगवंस्तव चरणनलिनयुगलं त्रिभुवनगुरुभिर्वन्दित- महमयातयामयजु :- काम उपसरामीति ॥

भा. १२-६-७२॥

આપનાં બંને ચરણકમળ ત્રણે લોકના ગુરુ સમાન મહાનુભાવો દ્વારા પણ વંદિત છે. મેં આપનાં ચરણકમળોનું શરણ એટલા માટે ગ્રહણ કર્યું છે કે મને એવા યજુર્વેદની પ્રાપ્તિ થાઓ કે જેની પ્રાપ્તિ આજ સુધી કોઈને ન થઈ હોય.

શ્રીમદ્ ભાગવતમાં ભગવાન વ્યાસદેવજી કહે છે કે આ રીતે આ છ શ્લોક દ્વારા મહર્ષિ યાજ્ઞવલ્ક્યજી ભગવાન સવિતાનારાયણની ઉપાસના કરે છે તેમની ઉપાસનાથી પ્રસન્ન થઈને ભગવાન સવિતાનારાયણ તેમની સમક્ષ પ્રગટ થાય છે અને તેઓ યાજ્ઞવલ્ક્યને યર્જુવેદના નવીનતમ મંત્રોનો ઉપદેશ કરે છે, જે આજ સુધી કોઈની સમક્ષ પ્રગટ થયા ન હતા. મહર્ષિ યાજ્ઞવલ્ક્યજીને ભગવાન સવિતાનારાયણ પાસેથી મળેલ આ યજુર્વેદીય મંત્રસંહિતા શુક્લ યજુર્વેદ કહેવામાં આવે છે. તેને જ વાજસનેયિ શુકલ યજુર્વેદીય સંહિતા પણ કહેવામાં આવે છે. મહર્ષિ યાજ્ઞવલ્ક્યજીએ વાજસનેયિ શુક્લ યજુર્વેદની ૧૫ શાખાઓની રચના કરી મહર્ષિના કણ્વ, માધ્યન્દિન આદિ શિષ્યોએ તેમને ગ્રહણ કરી.

(ક્રમશઃ આવતા અંકે ....)

ધી મહેસાણા અર્બન કો.ઓપ.બેન્ક લિમિટેડ

(મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ બેન્ક)

: હેડ ઓફિસ :

અર્બન કોર્પોરેટ બિલ્ડીંગ, હાઈવે, મહેસાણા-૩૮૪૦૦૨, ફોન : (૦૨૭૬૨) ૨૫૭૨૩૩, ૨૫૭૨૩૪

E-mail: info@mucbank.com | Website : www.mucbank.com

પ્રગતિનાં સોપાન (તા. ૩૧-૦૩-૨૦૨૪) અન ઓડિટેડ (ઓડિટ વર્ગ 'અ')

(રકમ રૂા. કરોડમાં)

શેર ભંડોળ	₹ ૩૮૮.૭૮	કામકાજનું ભંડોળ	₹ ૧૦૯૯૧.૫૦
રીઝર્વ ફંડ	₹ ૧૦૦૦.૫૦	ગ્રોસ નફો (૩૧-૦૩-૨૦૨૪)	₹ ૨૪૭.૯૬
ધિરાણ	₹ ૬૧૧૭.૯૪	નફો (૩૧-૦૩-૨૦૨૪)	₹ ૧૨૨.૯૫
ડિપોઝીટ	₹ ૯૧૮૬.૭૦	ડીવીડન્ડ (સાધારણ સભાની* મંજુરીની અપેક્ષાએ)	૧૫%*

58 શાખાઓ

થાપણનાં વ્યાજના દર (તા. ૨૧-૦૨-૨૦23 થી અમલમાં)

૦૭ થી ૨૯ દિવસ સુધી	૩.૭૫%	૧૨ માસ વધુ થી ૨૪ માસ સુધી	૭.૨૫%
૩૦ થી ૯૦ દિવસ સુધી	૪.૨૫%	૨૪ માસ વધુ થી પરંતુ ૩૬ માસ સુધી	૭.૭૫%
૯૧ થી ૧૮૦ દિવસ સુધી	૫.૦૦%	૩૬ માસ થી વધુ પરંતુ ૬૦ માસ સુધી	૭.૫૦%
૧૮૧ થી ૩૬૪ દિવસ સુધી	૬.૦૦%	૬૦ માસ થી વધુ પરંતુ ૧૨૦ માસ સુધી	૭.૫૦%
૧૨ માસ સુધી	૬.૭૫%	સેવિંગ્સ ડીપોઝીટ ઉપર મળવા પાત્ર વ્યાજ	૩.૭૫%

સીનીયર સીટીઝન ખાતેદારને ૦.૫% વધારે વ્યાજદર ● સુપર સીનીયર સીટીઝન(૭૫ વર્ષ પૂર્ણ કરેલ હોય તેવા) થાપણદારોને સીનીયર સીટીઝન ખાતેદાર કરતા ૦.૧૦% વધારે વ્યાજ દર

1,16,646 સભાસદો

અર્બન બેન્કની વિવિધ સેવાઓ

(૧) કોર બેન્કીંગ સુવિધા તમામ ૫૮ શાખાઓમાં
(૨) ATPAR ચેકબુક ફેસીલીટી, ATM તથા SMS ની સુવિધા
(૩) RTGS, NEFT તથા NACH ફંડ ટ્રાન્સફરની સગવડ
(૪) બેન્ક ગેરંટી તથા LC ઈસ્યુ
(૫) ૧૦ શાખાઓમાં સ્ટેમ્પ ફ્રેન્કીંગ તથા ૨૮ શાખાઓમાં લોકર સુવિધા
(૬) સ્થાપના વર્ષથી જ સતત ૪૦ વર્ષથી નફો કરતી બેંક
(૭) સેવિંગ્સ-કરંટ ખાતેદાર તથા બેન્કના સભાસદોને રૂા. ૫ લાખનો અકસ્માત વિમાનો લાભ વિના મૂલ્યે
(૮) બીજી બેન્કોના ATM સેન્ટરથી નાણા ઉપાડવાની સગવડ
(૯) મોબાઈલ, ઈન્ટરનેટ તેમજ વોટસએપ બેન્કીંગ સુવિધા
(૧૦) કરન્સીચેસ્ટ, પબ્લીક ઈસ્યુ ભરવા માટે ASBA ફેસીલીટી, DEMAT સુવિધા

શ્રી કે.કે.પટેલ	શ્રી જી.કે.પટેલ	શ્રી એમ.એસ.પટેલ
ચેરમેન	વાઈસ ચેરમેન	ચીફ એક્ઝીક્યુટીવ

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ

શ્રી ચંદુભાઈ આઈ. પટેલ	શ્રી ખોડાભાઈ એન.પટેલ	શ્રી ડૉ.અનિલભાઈ ડી.પટેલ	શ્રી કાનજીભાઈ એસ.પટેલ
શ્રી નરોત્તમભાઈ એસ.પટેલ	શ્રી જીતેન્દ્રભાઈ પી.પટેલ	શ્રી ભાઈલાલભાઈ એમ.પટેલ	શ્રીમતી કોકીલાબેન એન.પટેલ
શ્રી ઘનશ્યામભાઈ કે.પટેલ	શ્રી અમૃતભાઈ જી.પટેલ	શ્રી વિનોદભાઈ બી.પટેલ	શ્રીમતી દીપીકાબેન આર.પટેલ
શ્રી ઉપેન્દ્રભાઈ કે.પટેલ	શ્રી અલ્કેશભાઈ બી.પટેલ (C.A.પ્રો.ડીરેક્ટર)	શ્રી અશોક કુમાર (એડીશનલ ડાયરેક્ટર-આર.બી.આઈ.)	
શ્રી લક્ષ્મણભાઈ એસ.વણકર	શ્રી સોમાભાઈ બી.પટેલ (પ્રો.ડીરેક્ટર)		

તેમજ સમગ્ર અર્બન બેન્ક પરિવાર...

ઉત્તમ, ઝડપી, વિનયી, ગ્રાહક સેવા એજ અમારો ધ્યેય

કવર સ્ટોરી

પ્રો. ડો. જે. એમ. પનારા
પૂર્વ પ્રિન્સિપાલ - કણસાગરા મહિલા કોલેજ - રાજકોટ
પૂર્વ NSS કો-ઓર્ડિનેટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

કરૂણામૂર્તિ ભગવાન બુદ્ધ

ભગવાન બુધ્ધને હિંદુ ધર્મમાં વિષ્ણુના દશાવતારોમાં નવમાં અવતાર તરીકે માનવામાં આવે છે. ભગવાન બુધ્ધ, જેમને કરુણામૂર્તિ તરીકે ઓળખવામાં આવે છે, તેઓ માનવના, શાંતિ અને જ્ઞાનના પ્રકાશ છે. તેમનો જીવન સંદેશ આજે પણ વિશ્વભરના લોકો માટે માર્ગદર્શક છે. તેઓ વિશ્વના મહાન તત્વચિંતકોમાના એક હતા. તેમણે બૌદ્ધ ધર્મની સ્થાપના કરી અને જગતને કરુણા મધ્યમ માર્ગ અને આત્મજ્ઞાનનો ઉપદેશ આપ્યો છે. તેમનું જીવન અને ઉપદેશ વિશ્વભરના લોકો માટે આજે પણ પ્રેરણા સ્રોત છે. ગૌતમ બુદ્ધનો જન્મ ઈ.સ.પૂર્વે ૫૬૩માં લુમ્બિની (હાલ નેપાળમાં)ખાતે થયો હતો. તેમના પિતાનું નામ શુદ્ધોધન (શાક્યવંશી રાજા) અને માતાનું નામ માયાદેવી હતું. તેમનું અર્થપૂર્ણ નામ સિદ્ધાર્થ રાખવામાં આવ્યું. જન્મ પછી થોડા દિવસોમાં માતાનું અવસાન થતાં તેમનો ઉછેર તેમના માસી ગૌતમીએ કર્યો હતો, તેથી તેને ગૌતમ તરીકે ઓળખવામાં આવ્યા. તેમને બચપણથી જ શાસ્ત્રો, યુદ્ધકલા અને રાજકારણનું શિક્ષણ આપવામાં આવ્યું.

સિદ્ધાર્થ રાજકુમાર હોવાથી તેમનું બાળપણ ખૂબ જ સુખ સુવિધામાં વીત્યું હતું. એક જ્યોતિષીએ ભવિષ્યવાણી કરી હતી કે, આ બાળક કાં તો પૃથ્વીનો ચક્રવર્તી સમ્રાટ થશે અથવા ધર્મ સમ્રાટ સન્યાસી મહાન સિધ્ધયોગી, ત્યાગી અને જગતને મુક્તિનો માર્ગ ચીંધનાર સત્યપુરુષ બનશે. સમય જતાં આ વાત સાચી પડી. બાળપણથી યુવાની સુધી તેણે રાજમહેલના વૈભવને સારી રીતે માણ્યો. શુદ્ધોધને તેમને જગતના દુઃખનો કોઈ અહેસાસ થવા દીધો નહતો. વૈરાગ્યવૃત્તિ પ્રબળ બને એવું કોઈ દ્રશ્ય તેની નજરે પડે નહીં તેવી વિશેષ વ્યવસ્થા રાજવી પિતા દ્વારા કરાયેલી. પિતાના આગ્રહથી રૂપસુંદરી યશોધરા સાથે ૧૬ વર્ષની વયે લગ્નબંધનની જોડાવું પડ્યું.

બુદ્ધનો ગૃહ - ત્યાગ(મહાનિષ્ક્રમણ) : પ્રેમાળ પત્ની અને રાહુલ નામના પુત્ર સાથે જીવન સુંદર રીતે વ્યતીત થઈ રહ્યું હતું. આ સુખ-વૈભવની વચ્ચે પણ તેનું જીવન બેચેન થવા લગ્યું. તેમને લાગતું હતું કે તેમના જીવનનો ઉદ્દેશ કંઈક જુદો જ છે. દુઃખ દર્દ સાથે જેનો દૂર સુધી કોઈ નાતો નહોતો તેવા સિદ્ધાર્થ એકવાર નગરચર્ચા કરવા માટે નીકળ્યા. નગરચર્ચા દરમિયાન એવી ઘટના જોઈ કે તેનું હૃદય ભગ્ન થઈ ગયું. દુઃખની હકીકત જોઈ અંદરથી હચમચી ઉઠ્યા અને તેમણે શાશ્વત સુખનો માર્ગ શોધવાનું નક્કી કરી લીધું. આ શોધની દિશામાં જ તેમને બુદ્ધત્વની પ્રાપ્તિ થઈ.

નગરચર્ચા દરમિયાન તેમણે દર્દથી પીડાતો રોગિષ્ઠ વ્યક્તિ, વૃધ્ધ વ્યક્તિ, મૃતદેહ અને એક સન્યાસીને જોયો. તેને સમજાય ગયું કે જીવન દુઃખથી ભરેલું છે. તેમને થયું કે હું જે સુખ ભોગવી રહ્યો છું તેનો અંત પણ ઓવો જ હશે, તો આ નાશવંત સુખો પાછળ દોડવા કરતાં શાશ્વત આત્મસ્વરૂપને પામી લેવું જોઈએ. આ ઘટના તેમને વૈરાગ્ય તરફ દોરી ગઈ. ૨૯ વર્ષની વયે તેઓ રાજમહેલ, પત્ની અને પુત્ર રાહુલને છોડીને એક ભિક્ષુક બની નીકળી પડ્યા અને અહીંથી જ તેમની સિદ્ધાર્થથી બુદ્ધ બનવા તરફની યાત્રા શરૂ થઈ. સિદ્ધાર્થે કરેલા આ ગૃહત્યાગને "મહાભિનિષ્ક્રમણ" કહેવામાં આવે છે.

કઠોર તપસ્યા અને જ્ઞાન પ્રાપ્તિ : સિદ્ધાર્થે અનેક વર્ષો સુધી કઠોર તપસ્યા કરી, પરંતુ તેને આત્મજ્ઞાન પ્રાપ્ત ન થયું. બોધગયા (આજના બિહાર રાજ્યમાં) પિપળના વૃક્ષ (બોધિવૃક્ષ) નીચે ધ્યાનમાં બેસીને તેમણે કઠોર દેહદમન છોડી મધ્યમમાર્ગ અપનાવ્યો. પૂર્ણિમાના દિવસે તેમને બોધિપ્રાપ્તિ થઈ અને તેઓ "બુદ્ધ" તરીકે ઓળખાયા. ત્યારબાદ તેમણે બોદ્ધ ધર્મની સ્થાપના કરી.

ધર્મચક્ર પ્રવર્તન : બુદ્ધે બોધિપ્રાપ્તિ પછી કાશી નજીકના સારનાથમાં પોતાના પાંચ પૂર્વ સાથીઓને પ્રથમ ઉપદેશ આપ્યો. તે પછી નિરંતર ચાલીશ વર્ષ સુધી "ધર્મ ચક્ર પ્રવર્તન" કર્યું. આ ઉપયેદશમાં તેમણે ચાર આર્ય સત્ય અને અષ્ટાંગ માર્ગનું વર્ણન કર્યું. ભગવાન બુદ્ધનું ધર્મચક્ર પ્રવર્તન ચોમેર ફેલાઈ રહ્યું હતું. તેમના હૃદયસ્પર્શી ઉપદેશથી અનેક લોકો પ્રેયનો માર્ગ છોડી શ્રેયના માર્ગે વળી રહ્યાં હતાં. વૈભવ - વિલાસથી ભરેલી જિંદગીનો રાહ બદલીને ત્યાગ અને તપસ્યાના માર્ગ પર ચાલવા લાગ્યા હતા.

ભગવાન બુદ્ધની વિચારધારાઃ ચાર મહાન આર્ય સત્ય : ગૌતમ બુદ્ધે દુઃખ મુક્તિ માટે ચાર આર્ય સત્યો સમજાવ્યા.

૧. દુઃખ અસ્તિત્વનો અંતનિર્હિત ભાગ છે. ૨. દુઃખની ઉત્પતિ અજ્ઞાનથી થાય છે. ૩. અજ્ઞાનનું મુખ્ય લક્ષણ લાલસા છે. ૪. લાલસા પર પ્રતિબંધ જરૂરી છે.

અષ્ટાંગ માર્ગ : બુદ્ધે જીવનમાં દુઃખના નિવારણ માટે અષ્ટાંગ માર્ગ બતાવ્યો છે. જે આ રીતે છે.

૧. સમ્યક જ્ઞાન (દ્રષ્ટિ): ઉપરના ચાર આર્ય સત્યોને સમજવા. ૨. સમ્યક સંકલ્પ : શુભ કર્મો કરવાનો જ નિશ્ચય. ૩. સમ્યક વાણી : સત્ય, પ્રિય અને હિતકર વાણી બોલવી. ૪. સમ્યક કર્મ : સત્ કર્મોમાં જ પ્રવૃત્તિ. ૫. સમ્યક આજિવિકા : પ્રમાણિક પણે પુરૂષાર્થ ૬. સમ્યક પ્રયત્ન : કુશળ પુરુષાર્થ કરવો. ૭. સમ્યક સ્મૃતિ : હું શું કરૂં છું, શું બોલું છું, શું વિચારું છું તેનું નિરંતર ભાન અને ચિંતન. ૮. સમ્યક સમાધિ : પોતાના કર્મમાં એકાગ્રતા, નિશ્ચયમાં એકાગ્રતા, ભાવનામાં એકાગ્રતા, ભાવનામાં એકાગ્રતા. ('સમ્યક' એટલે સાચું, સારું અને શુભ)

બુદ્ધના શિક્ષણો : બુદ્ધના મુખ્ય શિક્ષણો આ મુજબ છે.

અહિંસા : બુદ્ધે હિંસાને ત્યાગીને કરુણા અને દયાનો માર્ગ અપનાવવાનો ઉપદેશ આપ્યો. મધ્યમ માર્ગ : અતિશય તપસ્યા અને ભોગ વિલાસ વચ્ચેનો સંતુલિત માર્ગ. આત્મદિપો ભવ : તેમણે કહ્યું કે દરેક વ્યક્તિએ પોતાનું માર્ગદર્શન પોતે જ શોધવું જોઈએ. અનિત્યતા : બુદ્ધે દર્શાવ્યું કે દુનિયાની દરેક વસ્તુ અનિત્ય છે. અને બદલાતી રહે છે. તેમણે પોતાના અંતિમ ઉપદેશમાં કહ્યું ''સર્વ સંસ્કાર અનિત્ય (ક્ષણિક) છે, સતર્ક રહો.''

પંચશીલ : ગૌતમ બુદ્ધે પ્રબોધેલ ''પંચશીલ''ના સિદ્ધાંતો યુદ્ધ અને હિંસાની જ્વાળાઓને શાંત કરીને વિશ્વશાંતિ સ્થાપવામાં ઉપકારક છે. જે આ મુજબ છે. : અહિંસા, અસ્તેય, સત્યવચન, બ્રહ્મચર્ય અને મદીરાપાન નિષેધ. **ત્રિપિટક :** ભગવાન બુધ્ધના ઉપદેશો મુખ્યત્વે પાલી ભાષામાં છે અને તે મુખ્યત્વે 'ત્રિપિટક' નામના ગ્રંથમાં ઉપલબ્ધ છે. પાલી એ પ્રાચીન ભારતીય ભાષા છે જે બુદ્ધના સમયમાં સામાન્ય લોકોની ભાષા હતી. ત્રિપિટકનો અર્થ છે ''ત્રણ પિટકો'' અથવા ત્રણ ગ્રંથ સંગ્રહો જે આ પ્રમાણે છે : ૧. વિનય પિટક : સંઘના નિયમો અને ભિક્ષુઓ માટેની આચાર સંહિતા. ૨. સુત્ત પિટક : ભગવાન બુધ્ધના ઉપદેશોનો સંગ્રહ. ૩. અભિધમ્મ પિટક : બુદ્ધના શિક્ષણોનું તત્વજ્ઞાન અને મનોચિકિત્સા સમજુતી.

બૌદ્ધ સંઘની સ્થાપના : એમના અનેક શિષ્યો (ભિક્ષુ-ભિક્ષુણીઓ)નો ''સંઘ'' રચાયો. બૌદ્ધ સંઘનો મંત્ર પ્રવર્તિત થયો. '' बुद्धं शरणम् गच्छामि, धम्मं शरणम् गच्छामि, संघं शरणं गच्छामि'' શિષ્યો માટે અનેક વિહારો સ્થપાયા. બુદ્ધે અંગુલિમાલ જેવા ભયંકર લુંટારા તથા અનેક અધમ વ્યક્તિઓનું હૃદય પરિવર્તન કર્યું. વૈશાલીની પ્રસિધ્ધ ગણિકા આમ્રપાલીના ઘરે જઈને ભિક્ષા સ્વીકારી ! આમ્રપાલી તેનો બધો વૈભવ બુદ્ધના ચરણે ધરી દઈ તેની શિષ્યા બની ગઈ. કલિંગના યુદ્ધમાં ભયંકર હિંસા બાદ સમ્રાટ અશોકનું હૃદય પરિવર્તન થયું. તેણે બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો અનેક રાજ્યધર્મ તરીકે અપનાવ્યો. સમ્રાટ અશોકે ગિરનારના શિલાલેખમાં ગૌતમ બુદ્ધનો ઉપદેશ કોતરાવ્યો. તેના પ્રયાસોથી વિદેશમાં પણ બૌદ્ધ ધર્મ પ્રસર્યો.

ધર્મ જ્યારે કર્મકાંડની જાળમાં અટવાઈ ગયો ત્યારે ભગવાન બુદ્ધે સત્ય, કરુણા અને અહિંસાપ્રધાન ધર્મ પ્રવર્તિત કર્યો. બૌદ્ધ ધર્મ કર્મ, મોક્ષ, પુનર્જન્મ, ઈત્યાદિની માન્યતા પર રચાયેલો છે. અહિંસા કરુણા, દયા, ઉદારતા, જ્ઞાન, યોગ, કર્મની કુશળતા, ક્ષમા તેના પાયાના સિદ્ધાંતો છે. બુદ્ધ સર્વ વર્ણની સમાનતામાં માનતા હતા. જેનામાં સદાચાર શીલ, જ્ઞાન, વિનય, વિવેક, નમ્રતા જેવા ગુણો હોય તે કોઈપણ વર્ણનો વ્યક્તિ પૂજનીય છે. બુદ્ધના સમયમાં યજ્ઞોમાં નિર્દોષ પશુઓનો બલિ ચડાવાતો હતો, જેનો તેમણે સખત વિરોધ કર્યો. બુદ્ધનો ઉપદેશ હતો શુભનો સ્વીકાર કરવો અને અશુભનો ત્યાગ કરવો.

બુદ્ધ પૂર્ણિમાનું મહત્વ : ગૌતમ બુદ્ધનો જન્મ દિવસ ઉજવાતો નથી પણ વૈશાખ સુદ પુર્ણિમાએ એમને 'બોધિ' પ્રાપ્ત થઈ, તે દિવસ બુદ્ધ પૂર્ણિમા અથવા બુદ્ધ જયંતી તરીકે ઉજવાય છે. તેમનો જન્મ, જ્ઞાન પ્રાપ્તિ અને મહાનિર્વાણ એક જ દિવસે એટલે કે વૈશાખી પૂર્ણિમાના દિવસે થયાં હતાં. તેથી બૌદ્ધ ધર્મમાં વૈશાખી પૂર્ણિમાનું મહત્વ ખૂબ જ છે.

વિશ્વના દેશોમાં બૌદ્ધ ધર્મ : ભારત શ્રીલંકા, ચીન, જાપાન, સિંગાપોર, થાઈલેન્ડ, કંબોડિયા, મલેશિયા, મ્યાનમાર, ઈન્ડોનેશિયા સહિત સમગ્ર દુનિયામાં બુદ્ધ પૂર્ણિમાની ઉજવણી ધામધૂમથી કરવામાં આવે છે. બૌદ્ધ ધર્મના અનુયાયીઓ માટે બુદ્ધ પૂર્ણિમા એ સૌથી મોટો તહેવાર છે. વિવિધ દેશોમાં ત્યાંના રીત રિવાજો અને સંસ્કૃતિ અનુસાર ઉત્સવ ઉજવાય છે. આ દિવસે ઘરમાં દીવાઓ પ્રગટાવી અને ફૂલો દ્વારા ઘરને સજાવવામાં આવે છે. અનુયાયીઓ બૌદ્ધગયા આવી પ્રાર્થના કરે છે. બોધિવૃક્ષની પૂજા કરવામાં આવે છે. ગરીબોને ભોજન-વસ્ત્ર ભેટ આપવામાં આવે છે.

મહાપરિનિર્વાણ : બૌદ્ધ ધર્મ ભારતની ભૂમિમાં ઉદ્ભવ્યો, વિકસ્યો પણ કાળાંતરે તે ભારતની ધરતીમાંથી લગભગ લુપ્ત થઈ ગયો હતો. અને નેપાળ, ભૂતાન, સિલોન, બ્રહ્મદેશ વગેરે દેશોમાં પહોંચી ગયો. શીલ, સમાધિ અને પ્રજ્ઞા એ જ ગૌતમ બુદ્ધનું જીવન દર્શન છે. તેમણે કુશીનગર (આજના ઉત્તર પ્રદેશ)માં પરિનિર્વાણ પ્રાપ્ત કર્યું. ૮૦ વર્ષની વયે નિર્વાણ સમયે ગૌતમ બુદ્ધ પોતાના શિષ્ય આનંદને કહે છે ''ગૌતમ તો મૃત્યુ પામશે, પણ 'બુદ્ધ' જીવતો રહેશે કેમ કે બુદ્ધ એ સત્ય છે અને સત્ય કદાપિ મરતું નથી. મનુષ્યે ઉપર ઉઠી બુદ્ધ-પ્રબુદ્ધ-જાગૃત બનવાનું છે.'' બીજા એક શિષ્યને એમણે કહ્યું. ''अप्पदीपो भव'' તું જ તારો દિપક બન. જ્ઞાનનો પ્રકાશ તો તારી અંદર જ છે. એ માટે બહાર ફાંફા મારવાની જરૂર નથી. દરેક વ્યક્તિએ પોતાનું માર્ગદર્શન પોતે જ શોધવું જોઈએ. સંસારના દુઃખનું ઓસડ શોધવા ગૃહત્યાગ કરનારા ગૌતમ બુદ્ધને જ્ઞાન લાધ્યું કે ''દુઃખનું મૂળ કારણ તૃષ્ણા છે तृष्णामूलं इदम् दुःखम्।''

આધુનિક સમયમાં બુદ્ધની પ્રાસંગિકતાઃ આજના સમયમાં જ્યારે વિશ્વમાં હિંસા, અસહિષ્ણુતા અને અસમાનતા વધી રહી છે. ત્યારે બુદ્ધના કરુણા, અહિંસા અને મધ્યમ માર્ગના ઉપદેશો વધુ પ્રાસંગિક બન્યા છે. તેમના વિચારો માનવતાના મૂલ્યોને ઉજાગર કરે છે અને આધ્યાત્મિક વિકાસ માટે માર્ગદર્શન આપે છે. ગૌતમ બુદ્ધનું નામ સાંભળતા જ આપણા દ્રષ્ટિમાં એમની પ્રશાંત ધ્યાનમુદ્રામાં સમાધિસ્થ પ્રજ્ઞામૂર્તિ કારૂણ્યમૂર્તિ તરવરી રહે ! બુદ્ધની કલાત્મક મૂર્તિના દર્શન થતાં જ શાંતિ, અહિંસા, અને કરુણાની દૈવી અનુભૂતિ થાય. તેમણે પોતાનું સમગ્ર જીવન લોકકલ્યાણ માટે ખર્ચી નાખ્યુ હતું. સિદ્ધાર્થમાંથી ગૌતમ બુદ્ધ સુધીની તેમની સફર સંસાર જીવનને મુક્તિના માર્ગે દોરી જનારી છે. તો ચાલો ગૌતમ બુદ્ધના જીવનમાંથી આપણે પણ કંઈક શીખીએ. તેમનો મધ્યમ માર્ગ અપનાવી જીવનને સમ્યક સંતુલિત કરી અંતઃકરણનું સાચું સુખ અનુભવીએ.

પ્રા. ડૉ. હર્ષદેવ માધવ
લેખક મૂર્ધન્ય સંસ્કૃત સાહિત્યકાર અને સાહિત્ય અકાદમી પુરસ્કાર વિજેતા છે.

વક્તૃત્વકલા અને સભાનું વૈદિક મેનેજમેન્ટ

વૈદિક સમયથી જ આપણા ઋષિમુનિઓએ લોકસમૂહ સમક્ષ શિષ્ટવ્યવહાર કેવી રીતે કરવો ? તેનું ચિંતન કર્યું છે. એકાંતમાં વ્યક્તિનું કોઈ જોતું હોતું નથી. આથી તે મન ફાવે તેમ વર્તી શકે છે. પણ જ્યારે જાહેર જીવનમાં આવવાનું થાય, ત્યારે સમગ્ર સમાજ તેની વાણી, વર્તન, ચેષ્ટાઓ વગેરેને નિહાળે છે. જે માણસ સભામાં બેસી શકે અને સભાના લોકોના દિલ જીતી શકે તેને જ સભ્ય કહેવાય છે. સભ્ય બનવા માટે બાહ્ય અને આંતરિક વ્યક્તિત્વને કેળવવું જરૂરી છે. સંસ્કૃત ભાષા સંસ્કારોની ભાષા છે. આથી, આચાર અને વિચારમાં રહેલી શિષ્ટતા વ્યવહારમાં કેવી રીતે આવે તેનું ઊંડુ ચિંતન ઋષિમુનિઓએ કર્યું છે. પાશ્ચાત્ય દેશોમાં સફળ બિઝનેસમેનથી માંડી અમેરિકાના પ્રમુખ સુધીના લોકો સફળ વક્તા બનવા માટે 'ઓરેટરી' ની ટ્રેનીંગ લે છે. કેમ બોલવું, કેવા હાવ-ભાવ કરવા, કેવા વસ્ત્રો પહેરવા - આ અંગે તાલીમ અપાય છે. પણ આવી તાલીમો માત્ર બહારની ટ્રેનીંગની છે. જો વ્યક્તિ પોતે આંતરિક વ્યક્તિત્વથી પવિત્ર, શુદ્ધ, સત્ય અને પ્રિયવાદી ન હોય તો, આવી ટ્રેનીંગનો જાદુ ટૂંક સમયમાં ઓસરી જાય છે અને વ્યક્તિની અસલિયત ખુલ્લી પડી જાય છે. વેદમંત્રોમાં સફળ વક્તૃત્વકળા સભામાં બેસવું અને સભાનું સંચાલન કરવું ત્રણેય બાબતોનો સમાવેશ થાય છે. યજુર્વેદના રાષ્ટ્રગીત તરીકે જાણીતા એક સૂક્તમાં કહેવાયું છે કે,

'सभेयो युवा पुरन्ध्रिः योषा' (યજુર્વેદ ૨૨-૨૨)

રાષ્ટ્રનો યુવાન સભામાં બેસવા યોગ્ય એટલે કે, સમાજમાં શિષ્ટતાના નીતિનિયમોનો જાણકાર હોવો જોઈએ. જે સભ્ય ન હોય તે સભામાં કેવી રીતે બેસી શકે ? સ્ત્રીઓ પુરન્ધ્રી એટલે કે નગરને ધારણ કરી શકે, નગરનું રક્ષણ કરી શકે તેવી હોવી જોઈએ. વૃદ્ધો પોતાના ડહાપણથી યોગ્ય માર્ગદર્શન આપી શકે તેવા હોવા જોઈએ. આથી, યજુર્વેદના એક મંત્રમાં કહેવાયું છે કે-

'नमः सभाभ्यः सभापतिभ्य श्च वो नमो नम्रः ।'(યજુર્વેદ ૧૬-૨૪)

હું સભાઓને પ્રણામ કરુ છું અને સભાઓના અધિપતિઓને પ્રણામ કરું છું જ્યાં શિષ્ટ માણસો બેઠા હોય ત્યાં સમાજ અને રાષ્ટ્રના કલ્યાણની વાતો થાય એવું મનાય છે. ગુંડાઓ ભેગા થાય તો અડ્ડો કહેવાય, તોફાની લોકો ભેગા થાય તેને ટોળું કહેવાય. રંગીલા લોકો ભેગા થાય તેને પાર્ટી કે મિજલસ કહેવાય. સભા આ બધાથી જુદી છે. શાણપણ વગરના લોકો સભા (આજની વિધાનસભા, લોકસભા કે રાજ્યસભા)માં ભેગા થાય તો રાષ્ટ્રનું સત્યાનાશ જાય છે. સભાનું અધ્યક્ષ, નીડર, નિર્ભય, સત્યવાદી, પ્રિયવાદી, યોગ્ય નિર્ણયોમાં સભાને ઘેરી જાય તેવો હોવો જોઈએ. આથી જ સભાના અધ્યક્ષને વૈદિક ઋષિ પ્રણામ કરે છે. વક્તૃત્વ-કલા પામવા અને સભ્ય બનવા માટે ઋષિ જુદી જુદી કામના કરે છે.

(૧) હું ઉત્તમ બનું. (અથર્વવેદ ૬-૧૫-૨) (૨) હું સુંદર બનું, સુંદર વ્યક્તિત્વવાળો બનું, દેખાવડો બનું. (અથર્વવેદ ૧૯-૬૦-૧) (૩) હું સર્વદિશાઓમાંથી ઉત્તમ વિચારો ગ્રહણ કરું. (ઋગ્વેદ ૧-૮૯-૧) (૪) હું વાણીના સત્યને પામું. (૫) હું અમે વિશ્વના સૌંદર્ય (કલ્યાણ)નું ધ્યાન ધરીએ. (ઋગ્વેદ ૫-૮૨-૬)

ઉપનિષદના ઋષિ કહે છે કે 'મારી વાણી મનમાં પ્રતિષ્ઠત થાઓ.' જો વાણી સાથે મન ન જોડાય તો મન વગરની વાણી નિષ્ફળ બને છે.

'સંજ્ઞાન' સૂક્ત તરીકે જાણીતા સૂક્તમાં અંગીરસ ઋષિનો પુત્ર સંવનન ઋષિ કહે છે કે (હે, કામનાઓને વર્ષાવનાર અગ્નિદેવ ! તમે સર્વ લોકો એકત્ર કરો છો. તમને ઈડા દેવીના સ્થાન પર પ્રદીપ્ત કરવામાં આવે છે. તમે અમારા માટે સંપત્તિ લાવો.)

અગ્નિને પ્રગટવવા માટે લાકડાંઓ ભેગા કરવામાં આવે છે તેમ સમાજ અને રાષ્ટ્રના હિતની ઈચ્છાઓ જેમના મનમાં અગ્નિ માફક પ્રગટી શકે તેવી હોય એવા લોકો ભેગા મળવા જોઈએ. 'ઈડા' ઈચ્છાશક્તિનું પ્રતીક છે અને 'અગ્નિ' કાર્યશક્તિનું પ્રતીક છે. જો કાર્યશક્તિ અને ઈચ્છાશક્તિ પ્રબળ હોય તો લોકો સભાને સફળ બનાવી શકે છે. નહિં તો ઘોંઘાટ, શોરબકોર અને તકરારમાં સભા જંગલી પશુઓના ઝુંડની જેમ મળે અને વિખરાઈ જાય છે. મૂળ મંત્રોના શબ્દોમાં આ વિચારો સમજીએ :

(૧) તમે સાથે ચાલો. એકસાથે હળીમળીને બોલો, તમારું મન એક થાઓ એટલે કે, તમે એકમત થઈને નિર્ણય લો. દેવતાઓ પણ સાથે મળીને યજ્ઞમાં પધારે છે. (૧૦.૧૯૧.૨) (૨) તમારો મંત્ર એટલે કે મંત્રનો વિષય એક જ હો-તમારી સભા એક રહો. તમારું મન અને ચિત્ત એક રહો. હું તમને એક જ સ્તુતિથી સંબોધન કરું છું. (૧૦.૧૯૧.૩)

જો મંત્રણાનો વિષય એક ન હોય તો સભાનો દરેક સભ્ય જુદા જુદા વિષયો પર વાત કરે છે. (જેવું આપણી લોકસભામાં થાય છે.) પરસ્પર વિરોધને લીધે કોઈ નિર્ણયો લઈ શકાતા નથી. આથી, મંત્રણાનો વિષય, મન, વાણી અને ચિંતન એક જ સ્થાને કેન્દ્રિત થાય તે જરૂરી છે.

(૩) ઋષિ કહે છે કે - તમારો સંકલ્પ એક રહો. તમારું હૃદય એક રહો. જેથી તમારું સહ-અસ્તિત્વ બને તે રીતે તમારું મન એક થાઓ.

મન અને હૃદય જુદા જુદા કાર્યો કરે છે. હૃદયમાં સ્નેહ અને સદ્ભાવ હોય તો મન શુભ સંકલ્પો કરે છે. જો સંકલ્પો શુભ હોય તો વાણી, વચન અને વ્યવહારમાં શુદ્ધતા અને પવિત્રતા આવે છે.

સભાપતિએ સભાસદોના ધ્યાનને કેન્દ્રિત કરવા માટે મધુર વાણીમાં પરસ્પર લોકો એકબીજા સાથે એકમતથી નિર્ણય લે તેવો વ્યવહાર કરવો જોઈએ. અંતમાં, મરીઝનો એક શેર યાદ આવે છે.

"બે જણા દિલથી મળે તો એ જ મજલિસ છે મરીઝ"
'દિલ વિના લાખો મળે એને સભા કહેતા નથી.'

આપને જાણીને આનંદ થશે કે લોકસભાના દ્વારે વૈદિક મંત્રો કોતરાયેલા છે. લોકસભામાં બેસનારાં લોકો આ મંત્રનો ભાવાર્થ જાણે તો રાષ્ટ્રનું કલ્યાણ થાય. ■

પદ્મશ્રી ડૉ. ચંદ્રકાંત મહેતા
લેખક, જાણીતા વરિષ્ઠ પત્રકાર, સાહિત્કાર, કોલમિસ્ટ, ૬૦ થી વધુ પુસ્તકોના લેખક અને ભારત સરકાર દ્વારા પદ્મશ્રી એવોર્ડથી વિભૂષિત છે.

કયા ગુણો શિક્ષકને 'ગુરૂ' બનાવી શકે?

આટલી ચર્ચા પછી શિક્ષકે 'ગુરુ' બનવા માટે કયા છ ગુણો વિકસાવવા જોઈએ ?

૧. સ્વયં સ્વીકૃત અનુશાસન
૨. સતત સ્વાધ્યાય અને જ્ઞાનવૃદ્ધિ માટેનો તલસાટ.
૩. પોતાના શૈક્ષણિક વ્યવસાય પ્રત્યે સન્માનની ભાવના.
૪. કેવળ ડિગ્રી કે પદવી ધારીઓ તૈયાર કરવાને બદલે શ્રેષ્ઠ નાગરિકત્વથી ભૂષિત થાય તેવા વિદ્યાર્થીઓનું ઘડતર.
૫. આત્મદષ્ટા બની પોતાનામાં રહેલા દુર્ગુણોને દૂર કરવાને સતત તૈયારી.
૬. નિષ્કલંક ચારિત્ર્ય, લોભ, મોહ, ક્રોધ વગેરે છ વિશેષ દુર્ગુણોને જીવનમાંથી સદાય જાકારો.

પાંચમી સપ્ટેમ્બર. શિક્ષકની ગરિમાગાન કરતો દિવસ, જેની સાથે શ્રેષ્ઠ ગુરુ ડો. રાધાકૃષ્ણનનું નામ સંકળાયેલું છે. ડૉ. રાધાકૃષ્ણનો જન્મ ૫મી સપ્ટેમ્બર ૧૯૮૮ના દિવસે ચિતૂર જિલ્લાના તિરુત્તણી ગામમાં તેલુગુ બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેમના પૂર્વજો 'સર્વપલ્લી' ગામના નિવાસી હતા. ૧૯૩૯થી ૧૯૪૮ સુધી તેઓ કોલકાતા યુનિવર્સિટીના કુલપતિ રહ્યા. ડૉ. રાધાકૃષ્ણને પૂર્વ તથા પશ્ચિમના વિવિધ ધર્મશાસ્ત્રો અને દર્શન ગ્રંથોનો અભ્યાસ કર્યો. પરિણામે તેમના વિચારોમાં પૂર્વ અને પશ્ચિમના વિચારોનો સમન્વય જોવા મળે છે.

ઑક્સફર્ડ યુનિવર્સિટીના નિમંત્રણથી તેમણે જીવનનો હિન્દુ દષ્ટિકોણ (Hindu view of Life) વિષય પર વ્યાખ્યાન આપી પોતાની આધ્યાત્મિક દષ્ટિનો પરિચય આપ્યો. કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં બ્રેડલે અને શંકર વિષય પર વ્યાખ્યાન આપી હિન્દુધર્મની ઔદાત્યથી પશ્ચિમને વાકેફ કરાવ્યું. અમેરિકાની અનેક યુનિવર્સિટીઓમાં તેમણે વિદ્વતાપૂર્ણ વ્યાખ્યાનો આપ્યાં. તેઓ વ્યાપક હિન્દુ ધર્મના પ્રચારક હતા. એમની પ્રસિદ્ધ કૃતિઓનાં નામ છે ફિલોસોફી ઓફ રવીન્દ્રનાથન ટાગોર, રિજન ઑફ રિલિજિયન ઈન કનટેમ્પરરી ફિલોસૉફી, ઈન્ડિયન ફિલોસૉફી, લાઈબ્રેરી ઑફ ફિલોસૉફી, હિન્દુ વ્યૂ ઑફ લાઈફ, ધ રિલિજયન વી નીડ, ફ્યૂચર ઑફ સિવિલાઈઝેશન, એન આઈડિયાલિરિકિ વ્યૂ ઑફ લાઈફ, ઈસ્ટ ઍન્ડ વેસ્ટ ઈન રિલિજિયન, ફ્રિડમ ઍન્ડ કલ્ચર, ધ હાર્ટઑફ હિન્દુસ્તાન, માય સર્ચ ફોર ટ્રુથ, ગૌતમ બુદ્ધ, ઈસ્ટર્ન રિલિજિયન ઍન્ડ વેસ્ટર્ન થોટ, મહાત્મા ગાંધી, ઈન્ડિયા ઍન્ડ ચાઈના, એજ્યુકેશન પૉલિટિક્સ ઍન્ડ વોર, રિલિજિયન ઍન્ડ સોસાયટી, ભગવદ્દગીતા, ગ્રેટ ઈન્ડિયન્સ, ધ ધમ્મપદ, ધ રિલિજિયન ઑફ ધ સ્પિરિટ ઍન્ડ વર્લ્ડ્ઝ નીડ, રિકવરી ઑફ ફેઈથ, બ્રહ્મસૂત્ર વગેરે. એમના પ્રસિદ્ધ ગ્રંથોમાં જ નહિં, તેમનાં વ્યાખ્યાનો વગેરેમાં વિદ્વતા, શબ્દ પસંદગી, પ્રવાહ, વ્યાખ્યાનનાં વિષય પર અધિકાર અને અભિનવ શિલ્પનું દર્શન થાય છે.

૧૭ એપ્રિલ, ૧૯૭૫માં આ મહાન તત્વચિંતકે પરલોક પ્રયાણ કર્યું. તેઓ શિક્ષણના ઉદ્દેશમાં આધ્યાત્મિક વિકાસ, સ્વતંત્ર ચિંતનનો વિકાસ, ચારિત્રિક ગુણોનો વિકાસ, સર્જનાત્મક શક્તિનો વિકાસ અને આત્મજ્ઞાન તથા અન્તર્દષ્ટિનો વિકાસ એ મુખ્ય છે. તેઓ સ્ત્રી-શિક્ષણના પક્ષધર હતા. તેઓ માનતા કે સ્ત્રીઓને પણ એટલા જ અધિકારો હોવા જોઈએ જેટલા પુરુષોને. એમના શૈક્ષણિક દષ્ટિકોણમાં માનવ અને માનવતા કેન્દ્રમાં છે. એટલું જ સાદું જીવન અને ઉચ્ચ વિચારોને તેઓ મહત્વ આપતા. મનુષ્યના માનવતાવાદને મહત્વ આપતા હતા. તેમનું તત્વજ્ઞાન પણ સર્વભૌમ છે, સ્વાર્થશૂન્ય છે, ધર્માંધતા-રહિત છે અને માનવકલ્યાણ તથા સમાજકલ્યાણમાં તેમને શ્રદ્ધા હતી.

એમના શિક્ષણમાં છાત્રપ્રેમ કેન્દ્રમાં હતો. એક યુનિવર્સિટીમાં તેમની પ્રોફેસર તરીકે નિમણૂક થઈ ત્યારે બળદગાડાને બળદથી હંકારવાને બદલે વિદ્યાર્થીઓ ધૂંસરીએ જોડાયા હતા. રશિયન લીડર સ્ટાલિનની આંખમાં આસું જોઈ તેના સમગ્ર શરીર પર હાથ ફેરવતાં એમણે કહ્યું હતું કે માણસે એવાં કર્મો કરવાં જોઈએ જેથી પૃથ્વી છોડતી વખતે એ નિર્ભય હોય. તેઓ માનતા કે શિક્ષણ કેવળ દિમાગી પ્રશિક્ષણ નહીં, પણ આત્માનું પ્રશિક્ષણ છે. તેનો ઉદ્દેશ જ્ઞાન અને વિવેકપ્રદાન કરવાનો છે. શિક્ષણ મનુષ્યના ચારિત્રિક અને નૈતિક મૂલ્યોને સશક્ત ભૂમિકા પ્રદાન કરે છે. આધુનિક સંદર્ભમાં રાષ્ટ્રીયતા

શિક્ષણ સૃષ્ટિ

અને આંતર રાષ્ટ્રીયતા વચ્ચેનો સમન્વય એ ડૉ. રાધાકૃષ્ણનની ઉદાર દષ્ટિકોણનું આદર્શ પરિણામ છે. ડૉ. રાધાકૃષ્ણના વ્યક્તિત્વ અને કૃતિત્વના સંક્ષિપ્ત અધ્યયન પછી શિક્ષક કેવો હોવો જોઈએ, એ વિશે મંતવ્ય રજૂ કરું છું. શીખવે તે શિક્ષક અને કેળવે તે ગુરુ. શિક્ષકમાંથી ગુરુ બનવા માટે પાયાના સાત ગુણોની આવશ્યકતા છે. તે છે-

૧. મનની મોટપ ૨. સંયમ ૩. મર્યાદા ૪. ક્ષમા ૫. વાત્સલ્ય ૬. ઉદારતા ૭. ચારિત્ર્ય શીલતા.

દ્રોણાચાર્ય મહાન ગુરુ નથી કારણ કે તેઓ પક્ષપાતી છે. અર્જુનથી મોટો કોઈ બાણાવળી ન થાય એટલા માટે પોતાની માટીની મૂર્તિ બનાવી દ્રોણાચાર્યના નમન સાથે વિદ્યા સાધના કરતા એકલવ્યનો અંગૂઠો કપાવી લેનાર શિક્ષકને 'ગુરુ' કેવી રીતે કહેવાય ? આજે પણ શિક્ષણ જગતમાં દ્રોણાચાર્યના વારસદારો જોવા મળે છે.

૧. મનની મોટપ અને દિલની વિશાળતા, મોટું મન, વિદ્યાર્થીમાં દોષદષ્ટિ નહીં, પણ ગુણ દષ્ટિ જોઈ તેના મહાન ગુણોનો વિકાસ કરવાના સદ્‌વિચારો કરવા જોઈએ.

૨. મનની મોટપની સાથે સાથે શિક્ષકમાં સંયમ હોવો જોઈએ. ઉશ્કેરાટ, ક્રોધ કે આવેશમાં આવી વિદ્યાર્થીને શારીરિક કે માનસિક સજા માટે તૈયાર રહેનાર ગુરુ હોઈ શકે નહીં : ગુરુ શબ્દમાં જ હલકાપણાનો અભાવ અને ગરિમાની સાધનાનો ભાવ સમાયેલો છે.

૩. શિક્ષક અને ગુરુ વચ્ચે અપેક્ષિત મર્યાદા પણ જરૂરી છે. આજકાલ કેટલાક શિક્ષકો એ મર્યાદા કોરાણે મૂકી વિદ્યાર્થીનીઓ સાથે નિકટતા કેળવી ગેરલાભો લે છે તે સર્વથા નિંદનીય છે. ગુરુ શિષ્ય વચ્ચે લાગણીનો સંબંધ હોય પણ તેની સાથે સાથે કેટલીક લક્ષ્મણ રેખાઓનું પાલન થવું પણ જરૂરી છે.

૪. ક્ષમા એ શિક્ષકનો પાયાનો ગુણ છે. વિદ્યાર્થીમાં ક્યારેક ઉદ્દંડતા અને ઉધ્ધતાઈ જોવા મળે પણ તેને ધ્યાનમાં લઈને તેને 'ઝૂડી નાખનાર' શિક્ષક ગુરુના કહેવાય. ભૂલ બદલ તેને પ્રેમથી સમજાવી તેવી ભૂલ તે કદાપિ ન કરે એ માટેનું મનોબળ કેળવવામાં તેને મદદરૂપ થવું એ શિક્ષક માટે આવશ્યક મહાન ગુણો છે. ભણાવવામાં તે નબળો હોય તો તેને આકરી સજા કરવાની સાથે તેને ઠોઠ, અણઘડ, નફફટ, નઠોર જેવા શબ્દોથી અપમાનિત કરવો એ શૈક્ષણિક મહાપાપ છે - શિક્ષકધર્મને લજવે તેવું.

૫. વાત્સલ્ય : શિક્ષક એટલે વાત્સલ્યની મૂર્તિ, બીજી માતા. એની આંખમાં અમી હોય, શબ્દોમાં આત્મીયતા અને વહાલ નિતરતું હોય. હું મારા વક્તત્વમાં વારંવાર કહું છું કે શિક્ષક એ ન્યાયધીશ નથી પણ પ્રેમાધીશ છે. અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનની સ્કૂલોના શિક્ષણાધિકારી શ્રી એલ. ડી. દેસાઈને મારા આ શબ્દો વિશેષ ગમતા અને તેનો વિશેષ ઉલ્લેખ પણ કરતાં. ન્યાયધીશનું કામ થયેલા અપરાધો બદલ કાયદાનુસાર સજા કરવાનું છે જ્યારે ગુરુના શબ્દકોશમાં સજા નહીં પ્રેમ અને વાત્સલ્યનું અગ્રિમ સ્થાન છે. જેના હૈયામાં કરુણા ન હોય, વિદ્યાર્થીઓ પ્રત્યે વાત્સલ્યનો ભાવ ન હોય એ 'નોકરિયાત' કહેવાય પણ સાચો શિક્ષક કે ગુરુ નહિં.

૬. ઉદારતા : શિક્ષકનું મન સદાય ઉદાર હોય એનામાં વેરવૃત્તિ કે પક્ષપાતી વલણ ક્યારેય ન હોય. વિદ્યાર્થીના દુર્ગુણોને સદાય વિસ્મરી જવાની તૈયારી હોય. વિદ્યાર્થી તરફ તેની દોષદષ્ટિ નહીં. પણ ગુણદષ્ટિ હોય અને તેને પ્રેમવર્ષાને લાયક સદાય માનવાની તૈયારી હોય. વર્ગમાં વિદ્યાર્થીને તેની ભૂલ, ચૂક કે દોષ બદલ સાચો શિક્ષક તેને વર્ગના અન્ય વિદ્યાર્થીઓની નજરે ઉદારતાનો દરિયો અને માનસિક પ્રસન્નતાનો પ્રશાંત મહાસાગર. વિદ્યાર્થીઓ જેને જીવનભર યાદ કરતા રહે એ જ શિક્ષકનું સાચું પૅન્શન.

૭. ચારિત્ર્યશીલતા : શિક્ષક એટલે જ મન, વચન અને કર્મોથી વિદ્યાર્થીઓને પ્રેરણારૂપ બનવા માટે શિક્ષણ કાર્યમાં જોડાયેલો પરમાત્માનો વરેણ્ય પુત્ર. એની પાસે ચારિત્ર્ય એ શિક્ષકનું ભૂષણ નહીં, આભૂષણ છે. જ્ઞાન તો રાવણમાં હતું અને પાંડિત્યપણ.

તેમ છતાં ચારિત્ર્યના અભાવે આજે યુગો પછી પણ એ 'સ્મરણપાત્ર' નહીં પણ 'દહનપાત્ર' ગણાય છે. ડૉ. રાધાકૃષ્ણ એટલે જ કહેતા કે મોટા મોટા અપરાધો અશિક્ષિત વ્યક્તિઓ કરતાં શિક્ષત વિદ્યાર્થીઓ જ આચરતા જોવા મળે છે. શિક્ષણની નવી નીતિ નવા ઉદ્દેશ લાવવાથી શિક્ષણ સફળ નહીં થાય, એની જીવાદોરી છે સમર્પિત શિક્ષકો અને તેમનું ઉદાત્ત ચારિત્ર્ય.

પ્રફુલ્લ કાનાબાર
સુપ્રસિદ્ધ લેખક, નવલિકાઓ, નવલકથા, લઘુનવલકથાના સર્જક, અનેક માન-સનમાન અને એવોર્ડથી વિભૂષિત

દંભી વ્યક્તિ સાચું જીવન જીવતાં ચૂકી જાય છે !

યુરોપનો એક દેશ છે નેધરલેન્ડ. એની નજીક એક દ્વિપ પ્રદેશ છે. નામ એનું ક્યુંરુસાઉં. ત્યાં બે શહેરને જોડવા માટે નદી પર એક પૂલ બાંધવામાં આવ્યો. પૂલનું નિર્માણકાર્ય પુરું થયા બાદ ટોલ ટેક્સ લેવાનું નક્કી થયું. સત્તાવાળાઓએ નક્કી કર્યું કે પૈસાદાર લોકો પાસેથી જ ટેક્સ લેવો જેથી ગરીબોને રાહત મળે. હવે સવાલ એ આવ્યો કે પુલ પરથી પાસર થનાર માણસોમાંથી કોણ પૈસાદાર છે અને કોણ ગરીબ છે એ નક્કી કઈ રીતે કરવું ? આ વાત સન ૧૮૮૮ની છે. એ સમયે પગરખા પણ લકઝરી જ કહેવાતી. સત્તાવાળાઓએ નક્કી કર્યું કે જે લોકોએ પગરખા પહેર્યા હોય એમની પાસેથી જ ટોલ ટેક્સ લેવામાં આવશે. ટૂંકમાં જે લોકો ઉઘાડા પગે પુલને પસાર કરે એમને ટેક્સ ભરવાનો ન આવે.

આ રસ્તો એકદમ સરળ જ હતો છતાં સત્તાવાળાઓ નિષ્ફળ નીવડ્યાં. આખરે તપાસ કરતાં સત્ય બહાર આવ્યું. જે લોકો પાસે શૂઝ હતા તેઓ ટેક્સ બચાવવા માટે ઉઘાડા પગે પૂલ ઓળંગવા લાગ્યા હતા અને જે લોકો પાસે પગરખા નહોતા તેઓ ઉછીના પગરખા લઈને પુલ ઓળંગવા લાગ્યા કારણ કે તેઓ એવું બતાવવા નહોતા ઈચ્છતા કે તેઓ ગરીબ છે ! વળી આવા લોકો ખેંચાઈને ટેક્સ પણ ભરતા હતા. ટૂંકમાં અમીરને અમીરી છુપાવવી હતી અને ગરીબને ગરીબી. આજે પણ સમાજનું એ જ ચિત્ર છે. જે લોકો આર્થિક રીતે સુખી છે તેઓ કરકસર કરી લે છે અને પૈસા બચાવી લે છે પરંતુ ગરીબો અમીર દેખાવાની લાયમાં અથવા તો દેખાદેખીમાં ગજા બહારનો ખર્ચ કરીને ગરીબ જ રહી જાય છે !

દંભ એટલે શું ?

દંભ એટલે આપણે જેવા છીએ એ છુપાવીને જે નથી એ દેખાવાનો ડોળ કરવો. આજના યુગમાં આપણને એવા ઘણા લોકો જોવા મળે છે જેઓ પૈસાદાર હોવાનો માત્ર ડોળ કરતા હોય છે. શો ઓફ કરવામાં આવા લોકો પારંગત હોય છે. હાથમાં સોનાની લકી, ગળામાં સોનાનો ભારે દોરો પહેરીને ફરતા આવા લોકો લાખો કરોડોની જ વાત કરતા જોવા મળે પણ હકીકતમાં એમના ક્રેડીટ કાર્ડના હપ્તા પણ બાકી હોય. દંભ એમનો જીવનમંત્ર હોય છે અને નિખાલતા સાથે એમને ૩૬નો આંકડો હોય છે. મોટે ભાગે આ પ્રકારના લોકોનો મુખ્ય વ્યવસાય સામેની વ્યક્તિને મોટી મોટી વાતોથી પ્રભાવિત કરીને કોઈને ચિટ ફંડમાં નાણા રોકાવવાનો જ હોય છે. એમની માનસિકતા જ એવી હોય છે કે ખુદને પાંચસોનો ફાયદો થતો હોય તો સામેની વ્યક્તિને પચાસ હજારના ખાડામાં ઉતારી દેવા. સૌથી મહત્વની વાત એ છે કે ચાવવાના અને બતાવવાના દાંત અલગ હોય ત્યારે માણસ સાચું જીવન જીવવાનું ચૂકી જાય છે.

કેટલીક વાર દંભ અને દેખાડો દીકરા દીકરીના વેવિશાળ વખતે પણ જોવા મળે છે. બદલતા યુગમાં મોટા ભાગના લગ્ન મેરેજ બ્યુરો મારફતે થતાં જોવા મળે છે. જ્યારે છોકરા છોકરીનું જોવાનું ગોઠવાય ત્યારે બે તદ્દન અજાણ્યા પરિવાર ભેગા થાય છે. એવા સમયે કેટલાક લોકોના દંભની પરાકાષ્ઠા જોવા મળે છે. ખરેખર તો એ દંભ સામેની વ્યક્તિને પ્રભાવિત કરવા માટે જ આચરવામાં આવતો હોય છે. અમારી પાસે આટલા વીઘા જમીન છે એ કહેવામાં આવે પણ એ જમીન પર કોઈ કારણસર કોર્ટનો સ્ટે છે એવું તો કન્યા એ ઘરમાં જાય પછી જ ખબર પડે. ઘરે મોંઘી કાર હોય પણ એના હપ્તા માંડ માંડ ભરાતા હોય. જીવનમાં સાચું સુખ નિખાલસ રહેવામાં જ છે.... ચાહે એ ઘર હોય, નોકરી હોય, વ્યવસાય હોય કે સંબંધો હોય. સતત બેવડા ધોરણો રાખીને જીવન જીવતી વ્યક્તિઓ ખરેખર તો પોતાની જાતને જ છેતરતી હોય છે! ડબલ સ્ટાન્ડર્ડ વ્યક્તિનું કોઈ સ્ટાન્ડર્ડ જ નથી હોતું.

उन्नति
सबमर्सिबल पम्प

Unnati®
Since 1969
SUBMERSIBLE PUMP

*"Together we can do it
Together we have always done it"*

ENERGY IS LIFE
BEE
CONSERVE IT
BEE/ /

ISO 9001
BUREAU VERITAS
Certification

MORE STARS MORE SAVINGS

CE

IS : 8034

Unnati Pumps Private Limited

81, Amarnath Industrial Estate, Opp. Shayona Estate, Naroda Road, Ahmedabad - 380025. Gujarat, INDIA. Phone : 079-22203434 / 0128

Email : sales@unnatipumps.com Website: www.unnatipumps.com

શ્રીમતી ગીતા ઉનડકટ
નારીવાદી લેખિકા, રાજકોટ

લગ્ન - હસ્તના નહીં, હૈયાંના મેળાપ

★ લગ્ન બંધનમાં સ્ત્રી પુરુષ વચ્ચે આત્માની એકતા સર્જાય છે.
★ સ્ત્રી દરેકને પ્રેમ આપે છે અને બદલામાં માત્ર પ્રેમ ઝંખે છે.

સર્જનહારે સૃષ્ટિની રચના કરી નદી, સરોવર, ઝરણાં, નાનામોટા પર્વતો, પશુપંખી કેટલું બનાવ્યું પરંતુ એને સંતોષ ના થયો. ત્યાર પછી તેણે એક સ્ત્રી અને એક પુરુષનું સર્જન કર્યું. આદમ અને ઈવ- સૃષ્ટિના સૌ પ્રથમ સ્ત્રી અને પુરુષ અને એમાંથી જન્મ થયો આ સંસારનો. માનવ-સંસ્કૃતિના ઉદય પહેલાં કદાચ સંસાર, કુટુંબ કે પરિવાર જેવું કાંઈ જ નહિં હોય. પરંતુ માણસ ક્યારેય એકલો રહી શકતો નથી. એ હંમેશા કોઈનો સાથ અને સ્નેહ ઝંખે છે અને એટલે જ કુટુંબમાં બધાની સાથે રહેવાની ઈચ્છા રાખે છે. આ કારણથી જ સમાજમાં "લગ્ન" નામની સાંસ્કૃતિક વ્યવસ્થા કરવામાં આવી છે. લગ્ન એક એવું પવિત્ર બંધન છે જ્યાં સ્ત્રી અને પુરુષ વચ્ચે આત્માની એકતા સર્જાય છે. લગ્ન એ સમાજની સાક્ષીમાં અને હાજરીમાં સમાજ દ્વારા સ્વીકારાયેલ એક સુવ્યવસ્થિત વ્યવસ્થા છે.

લગ્ન એ બે સાથીદારોની સ્વેચ્છાપૂર્વકની, સ્નેહભાવપૂર્વકની અને સમજદારીપૂર્વકની સહયાત્રા છે. જેમાં સ્ત્રી અને પુરુષ અગ્નિની સાક્ષીએ કુટુંબના સર્વે વડીલોની હાજરીમાં સમગ્ર જીવનના સાથ-સહકારની જવાબદારી સ્વીકારીને એકમેકના જીવન સાથે જોડાય છે. આ માત્ર પ્રભુતામાં પગલાં કે સાત ફેરા કે સપ્તપદીનાં સાત વચન માત્ર નથી પરંતુ એ જીવનભર નિભાવવાની બંનેની નૈતિક ફરજ છે. કંકુના પગલે સાસરિયે આવકારાતી સ્ત્રીની નવી જિંદગીની સૌથી મહત્વની ભૂમિકાની શરૂઆત થાય છે. આજ સુધી જે દિકરીનાં દરેક આશા-અરમાન મા-બાપ પૂરાં કરતા એના ઉપર હવે એક કુટુંબની જવાબદારી **આવી જાય છે.** જેણે સાસરિયાની દરેક વ્યક્તિનાં આશા-અરમાન પૂરાં કરવાનાં છે. લગ્ન પછી પતિની પ્રેમાળ પત્ની બનવાની સાથે સાથે સ્ત્રીનાં અનેક નવાં સ્વરૂપ અસ્તિત્વમાં આવે છે. મા-બાપની પ્યારી પુત્રી હવે સાસુ-સસરાની પુત્રવધુ બને છે.

મહિયરની માયા છોડીને આવેલી તે સાસુ-સસરામાં માતાપિતાને અને દિયર-નણંદમાં પોતાનાં પ્યારાં ભાઈ-બહેનને નિહાળે છે અને એવો જ સ્નેહ અને પ્રેમ એમના સાથે પણ રાખે છે. કેમ કે આમેય સ્ત્રી ખૂબ લાગણીશીલ હોય છે. સ્ત્રી એટલે પ્રેમની સાક્ષાત્ મૂર્તિ - જે દરેકને પ્રેમ આપે છે અને દરેક પાસેથી ફક્ત પ્રેમની જ અપેક્ષા રાખે છે. પણ આ બધામાં અને સૌથી વધારે જરૂર હોય તો તે છે પતિનો પ્રેમ. સ્ત્રી બધાં કામ હસતાં હસતાં કરી શકે છે. બધાં દુઃખ સહન કરી શકે છે. બધી સમસ્યાઓનું સમાધાન કરી શકે છે જો પતિનો પ્રેમ, સાથ અને સહકાર મળે તો.

લગ્ન પછી સ્ત્રી પતિની અર્ધાંગિની કહેવાય છે. પતિનું અર્ધું અંગ. પતિના સુખદુઃખની, યશ-અપયશની સાથીદાર અને તેના જીવનની સહભાગી - જીવનસાથી. સ્ત્રી લગ્ન કરે પછી જીવનના મહાસાગરમાં આવતાં દરેક તોફાન સામે લડે છે. કકળાટ, કડવાશ કે કચવાટ કર્યા વગર પોતાના ઘરસંસારને મઘમઘતો રાખવા મથે છે. પણ આ જવાબદારી ફક્ત સ્ત્રીની નથી. સ્ત્રી અને પુરુષ બંને સરખા ભાગે જવાબદાર છે. સ્ત્રી તો જોકે શ્રેષ્ઠ અનુકૂલન વૃત્તિ ધરાવીને દરેક વાતાવરણમાં અનુકુળ થઈ જાય છે. પરંતુ પત્નીના પડખે ઊભા રહેવાની પતિની પણ ફરજ છે. સમાજમાં કે ઘરમાં પત્નીને કોઈ રીતે કોઈના તરફથી અન્યાય ના થાય તે જોવાની જવાબદારી પતિની છે. કુટુંબમાં કલેશ, કંકાસ કે વાદવિવાદ ના થાય અને કુટુંબ-જીવન સતત ધબકતું હર્યુંભર્યું રહે એ માટે પતિની ભૂમિકા સૌથી મહત્વની છે.

પત્ની માટે તો પતિ જ સર્વસ્વ છે. જેનો હાથ પકડીને નવા ઘરમાં આવી છે એ હાથ ક્યારેય છૂટે નહિં, અને એ સાથ ક્યારેય તૂટે નહિં એ પતિએ સમજવાનું છે. માટે તો લગ્નને પવિત્ર બંધન કહેવાયું છે. જે સ્ત્રી અને પુરુષ - પતિ અને પત્ની - બંનેએ પ્રેમ અને ધીરજ, સાથ અને સહકાર, સદ્ભાવ તેમજ સહિષ્ણુતાથી નિભાવવાનું છે. લગ્ન એ કાંઈ માત્ર રમત નથી. ખૂબ સમજદારી અને સ્નેહથી સંબંધોનું સિંચન કરવાનું છે કારણ કે....

લગ્ન એટલે.....

"દેહની નહિ, પણ દિલની ઐક્યતા.....
સુખના નહિ, પણ સ્નેહના સરવાળા....
આંખના નહિ, પણ અંતરના આકર્ષણ...
હસ્તના નહિ, પણ હૈયાંના મેળાપ.... "

પ્રેમ પછી લગ્ન થાય એ સ્વાભાવિક છે પરંતુ ઘણીવાર લગ્નના ઘણાં વર્ષો પછી પતિ-પત્ની એકબીજાના પ્રેમમાં પડે છે, જગતને એની ખબર પડતી નથી. પણ જીવનમાં નવી વસંત આવે છે. ■

નારી સૃષ્ટિ

શ્રીમતી સુનિતા ડી. વ્યાસ
લેખિકા, કોલમિસ્ટ, દાર્શનિક અને સામાજીક કાર્યકર્તા, ઊર્મિશીલ કાવ્ય તથા ગઝલની સશક્ત કવયિત્રી છે.

પ્રેમ એટલે આત્મીયતા : પ્રેમ માટે આત્મીયતાનું મહત્વ કેટલું?

દરેક વ્યક્તિ કંઈક શોધે છે પણ એને ખબર નથી શું શોધે છે અને શા માટે ?

દરેક વ્યક્તિ શોધે છે આત્મીયતા પણ જાણતો નથી કે કઈ રીતે આત્મીય બનવું ને કેવી રીતે આત્મીયતા કેળવવી. દરેક વ્યક્તિ આત્મીયતા ઈચ્છે છે પણ આત્મીયતાથી ડરે છે. આત્મીયતાનો અર્થ છે અજાણ વ્યક્તિ સામે તમારી જાતને ખુલ્લી મૂકવી. આપણે બધા જ અજાણ છીએ કેમ કે આપણે જાણતા જ નથી કે આપણે કોણ છીએ. આત્મીયતા તમને અજાણ વ્યક્તિની નિકટ લાવે છે. સૌથી પહેલાં તમારે તમારા તમામ બચાવનો ત્યાગ કરવો પડશે ત્યારબાદ જ આત્મીયતા શક્ય બને છે.

વર્ષોથી એક સાથે રહો છો છતાં દિલની વાત કહેતા ડરો છો. તમને ડર છે કે કદાચ તે વ્યક્તિ તમારી નિષ્ફળતા નિઃસહાયતાનો ગેરલાભ ઉઠાવે તો ? આ ભયને કારણે તમે દિલની વાત કહી શકતા નથી.

સમસ્યા જટિલ બનતી જાય છે. દરેક વ્યક્તિ આત્મીયતાથી ડરે છે છતાં આત્મીયતા ઝંખે છે. આ બ્રહ્માંડમાં તમે એકલા છો મિત્રવિહોણા, પ્રેમીવિહોણા, સ્વજનવિહોણા. તમે તમારા ઝખ્મોને ખુલ્લા નથી કરતા અને આત્મીયતાનો મલમ નથી લગાવતા ત્યાં સુધી એ રૂઝાતા નથી.

આત્મીય બનવા પોતાના બચાવનો ત્યાગ કરવો પડે છે. પોતાની જાતને ખુલ્લી કરવી પડે છે. પ્રેમીઓના ઝઘડામાં પણ આવું જ બને છે. બંનેમાંથી એકપણ પોતાના બચાવનો ત્યાગ કરવા તૈયાર નથી અને છતાં બંનેને આત્મીયતાની જરૂર છે. આત્મીય બનવા સ્વનિંદા અને પરનિંદામાંથી મુક્ત બનવું જરૂરી છે. તમે તમારી અંદર છૂપાયેલા દુર્ગુણો સ્વીકારવા તૈયાર નથી ત્યાં સુધી આત્મીયતા સંભવ નથી.

જે કાંઈ સુંદર છે, કિંમતી છે તે સદાય નાશવંત છે. આજે જે છે તે કાલે રહેવાનું નથી છતાં તમે ઈચ્છો છો તે કાયમ રહે એ શક્ય જ નથી. તમે પણ આ સૃષ્ટિમાં આવ્યા ત્યારે જેવા હતા એવા આજે છો ખરા ? તો પછી દુનિયામાં દરેક વ્યક્તિ વસ્તુ પરિવર્તનશીલ છે એ વાત તમારે સ્વીકારવી જ પડશે. તમે કોઈને પ્રેમ કરો છો અને વચન આપો છો કે આખી જિંદગી તને ચાહીશ. તમે બરાબર જાણો છે તમે કાલ અંગે કશું કહી શકો તેમ નથી, કેવળ એટલું કહી શકો કે, "હું આ ક્ષણે તારા પ્રેમમાં છું. આ ક્ષણે મારું સર્વસ્વ આપીશ. આવતી ક્ષણની ખબર નથી એટલે હું એ વચન કઈ રીતે આપું ? જો કંઈ અણધાર્યું બને તો તારે મને માફ કરવો પડશે." હા, મિત્રો ! સ્વપ્નમાં મળવું હોય તો મળી શકો છો, કારણ કે સ્વપ્નો જોવાની સ્વતંત્રતા હજી સમાજે કે સરકારે ઝૂંટવી નથી લીધી. પણ મિત્રો, સાચું કહું તમે જેને પ્રેમ કરો છો તેને તમારા સ્વપ્નો પણ જણાવો. તમારી ઈચ્છાઓ પણ જણાવો. જો એ તમને દિલથી પ્રેમ કરતા હશે તો તમારી દરેક ઈચ્છાને પૂર્ણ કરવાનો પ્રયત્ન કરશે અને ત્યારે જ આત્મીયતા સંભવી શકે છે.

"મન કહીં ઔર તન કહી" આવું હશે તો આત્મીયતા શક્ય નથી. આત્મીયતાનો અર્થ એટલો જ કે હૃદયના દ્વાર તમારા માટે ખુલ્લા છે. જો તમારા બધાનું હૃદય પ્રકૃતિ જેવું સ્વાભાવિક અને બાળક જેવું નિર્દોષ છે તો તમને આત્મીયતાનો કોઈ જ ભય રહેશે નહિં. જેટલા સરળ બનશો એટલા જ વધુ મિત્રો પ્રાપ્ત કરી શકશો. તમને કશાનો ડર નહીં રહે. ખુલ્લા પુસ્તક જેવા બની જશો, જેને કોઈપણ વાંચી શકે છે. આત્મીયતામાં છુપાવવા જેવું કશું જ હોતું નથી.

તમે અંદરથી વિચારો જુદું ને બહારથી જીવો છો કંઈક જુદું. તમે સમગ્ર નથી બન્યા. વિભાજિત છો ત્યાં સુધી આત્મીયતા પ્રાપ્ત કરવા સક્ષમ નહીં બની શકો. શાંતિ રાખો અને સમાજે તમારી અંદર જે વિભાજન ઊભું કર્યું છે તેને ખતમ કરો. તમે જે કહેવા માંગતા હોય તે જ કહો. પરિણામોની ચિંતા ન કરો. જીવન બહુ જ ટૂંકું છે. માણસે સમગ્રપણે, તીવ્રતાપૂર્વક અને આનંદ સાથે જીવવું જોઈએ. ભવિષ્ય અંગે કોઈ કશું જ જાણતું નથી. તમારું સ્વર્ગ, તમારું નરક, ઈશ્વર આ બધું સંભવતઃ ધારણાઓ છે જે સિધ્ધ થઈ નથી. તમારા હાથમાં કેવળ તમારું જીવન છે. બસ, આનંદથી જીવો.

જો તમે સરળ છો, પ્રેમાળ છો, નિખાલસ અને આત્મીય છો તો તમે તમારી અંદર સ્વર્ગનું સર્જન કરી રહ્યા છો. જો તમે બંધિયાર છો, જાતને બચાવીને જીવો છે. હંમેશા કોઈ તમારા સ્વપ્નો, તમારા વિચારો, તમારી વિકૃતિઓ જાણી જશે એ ચિંતામાં રહો છો તો નરક તમારી અંદર જ છે; એ જ રીતે સ્વર્ગ પણ તમારી અંદર છે. ધ્યાન તમારી અંદર રહેલા કચરાને સાફ કરે છે. ત્યાં જ તમારું મન આનંદથી ભરેલું સ્વર્ગ બની જાય છે.

જ્યારે મન શાંત હશે, હૃદય ગાતું હશે ત્યારે તમે કંઈ પણ ભય વગર અતિશય આનંદ સાથે આત્મીય બનવા તૈયાર હશો. આત્મીયતા સાથે તમે તમને ચાહનારા લોકોથી ઘેરાયેલા હશો. આત્મીયતા એક મહાન અનુભવ છે. માણસે એ અનુભવ ચૂકવો ન જોઈએ. એમાં

નારી સૃષ્ટિ

ભગવાનની પૂજા હોય કે વ્યક્તિ સાથેનાં સંબંધ, આત્મીયતા વગર બધો જ વ્યર્થ પ્રયત્ન છે. પ્રભુ તો કહે છે કે ખલ ખલ થતા પાંદડાના અવાજમાં હું ગાઈ રહ્યો છું, પંખી બની ઉડી રહ્યો છું, નદી સાગર બની વહી રહ્યો છું. હવા બની તને સ્પર્શી રહ્યો છું, ફૂલોના રંગમાં, કુદરતની હરિયાળીમાં, ચાંદ-સૂરજ- તારાના રૂપમાં હું તને જોઈ રહ્યો છું. તું મારી અંદર બહાર, હું તારી અંદર બહાર છું. જરા આંખ બંધ કરીને પલભર મને જોઈ તો લે, મને પ્રેમ તો કર ! પ્રભુ કહે છે કે હું તારો પ્રેમ પામવા અધીર છું. તું ક્યારે મને મળીશ ? એવું જ પ્રેમી અને પ્રેમિકા વચ્ચે સમજવું. તમારા પ્રેમી અને પ્રભુમાં અંતર ના સમજતા.

પરંતુ માણસ... તો માણસે કરેલી વાતો પર ભરોસો કરી, કલ્પનાની દુનિયાને હકીકત માની જપ, તપ, વ્રત, ઉપવાસ દ્વારા પ્રભુએ આપેલા સુંદર શરીરને કષ્ટ આપી રહ્યો છે. મંદિર, મસ્જિદ, ગુરુદ્વારા ને માળાની ગણતરીમાં ગૂંચવાઈ ગયો છે. તેને ખબર નથી આટલું કરવા છતાં એણે કદી પ્રભુને જોયો હોય, એની સાથે વાત કરી હોય! જો વાત કરી હોય તો સારું છે અને જો ન કરી હોય તો સવારે દસ મિનિટ આંખો બંધ કરી બેસવાની તકલીફ લેશો તો કંઈ પણ વ્રત, તપ, જપ, ઉપવાસ વગર પ્રભુને મેળવી શકશો. જે વર્ષો સુધી નથી મેળવી શક્યા તેને કદાચ થોડી ક્ષણોમાં તે ખજાનો પામી શકશો હું તમને પ્રોમિસ આપું છું. મિત્રો, આજ સુધી તમે દુનિયા પર ભરોસો કર્યો, સ્વર્ગ-નરકની વાતોમાં ભરોસો કર્યો, જેને તમે જોયું જ નથી તેવી કાલ્પનીક વાતો પર ભરોસો કર્યો પરંતુ મિત્રો મારી વાત કાલ્પનિક નથી. બધાની પર ભરોસો કર્યો મને દુઃખ નથી પણ છેલ્લી વખત મારી વાત પર ભરોસો મૂકી સવારે ઉઠતા પહેલાં પથારીમાં સૂતાં સૂતાં દસ મિનિટ ધ્યાન કરવાનું કષ્ટ તમે લેશો તો ખરેખર મનુષ્ય અવતારની ધન્યતાને પામી શકશો અને પરમાત્માના પરમ મિત્રો બની શકશો એ વાતનું હું તમને વચન આપું છું.

જીવનનો સાચો આનંદ આત્મીયતામાં જ સમાયેલો છે. આ બધા આનંદ ક્ષણિક છે. આત્મીયતા અખંડ છે.તેને પ્રાપ્ત કર્યા પછી તમને કોઈ ખંડિત નહી કરી શકે. તમે સમગ્ર અસ્તિત્વ સાથે એક બની જશો. તમને કોઈ વિભાજીત નહીં કરી શતે. તમે ખુદ આનંદ અને પ્રેમનો સાગર બની જશો. આ બધું બોલવું સહેલું છે પણ કરવું કઠિન છે. જપ, તપ, વ્રત, ઉપવાસ કરવા સહેલા છે પરંતુ આત્મીયતાને ટકાવી રાખવી સૌથી મોટું તપ, યજ્ઞ કહું તો ખોટું નથી. લોકો ધ્યાન, પ્રાર્થના અને નવી રીતે જીવવાના રસ્તાઓ પૂછ્યા કરે છે પણ ખરી વાત તો જાણતા જ નથી. આપણે કુદરતનો એક ભાગ છીએ. માત્ર એક ભાગ સમગ્રને શી રીતે નાથી શકે. તેની સાથે મૈત્રી કેળવો, તેને ચાહો, તેનામાં વિશ્વાસ કરો અને ધીમે ધીમે મૈત્રીમાંથી પ્રેમમાં, વિશ્વાસમાં અને તેમાંથી આત્મીયતા બંધાશે. તમે એકબીજાની નજીક આવશો. કુદરત તમારા સમીપ આવશે અને પોતાનું રહસ્ય તમારી સામે ખોલશે. તેનું અંતિમ રહસ્ય પ્રભુતા છે અને આ રહસ્ય કુદરત તેને જ જણાવે છે જે તેની સાથે મૈત્રી સાધે છે.

જ્યાં છો ત્યાંથી શરૂ કરો

જીવન એક શોધ છે. એક સતત શોધ જેના વિશે કોઈ કશું જ જાણતું નથી. કોઈને ખબર જ નથી પોતે શું શોધી રહ્યા છીએ. બીજા લોકો કહે તે પ્રમાણે શરૂ કરીએ છીએ પણ કંઈ જ પ્રાપ્ત થતું નથી ને નિરાશાના વાદળોથી ઘેરાયેલા રહીએ છીએ. જે કંઈ મળે છે તે ક્ષણે અર્થ વગરનું બની જાય છે અને તમારી શોધ ફરીથી શરૂ થાય છે.

દરેક વ્યક્તિ કંઈક શોધે છે પણ ખબર નથી શું શોધે છે અને શા માટે ? શોધનું અસ્તિત્વ ત્યાં સુધી રહે છે જ્યાં સુધી તમે જાગૃત નથી. શોધનું અસ્તિત્વ તમારી અજાગૃતિ જ છે. આપણી ઈન્દ્રિયો બહિર્મુખી છે. બધું બહારનું જુએ છે. બહાર પ્રકાશ છે જેથી દરેક વસ્તુ બહાર શોધાય છે. અંદર પણ પ્રકાશનો ખજાનો છે. પણ શરૂઆતમાં આંખો બંધ કરીએ છીએ ત્યારે અંધારા સિવાય કંઈ જ દેખાતું નથી અને ધીરજ રાખવાની આપણી ટેવ નથી તેથી બહારની દુનિયામાં ભટકીએ છીએ માટે કંઈ પ્રાપ્ત કરી શકતા નથી. તમે પોતે પણ સ્વયંને ઓળખતા નથી તેથી આ અભિપ્રાયો તમારી અંદર ગડબડ ઊભી કરે છે.

રહસ્યવાદીઓ કહે છે, “આત્માની અંધારી રાત એ વીતવી જોઈએ. એકવાર તમે રાત પસાર કરશો તો સવારનો સૂર્ય ઉગશે. તમારી જાત વિશે પહેલી વખત ખબર પડશે તમે કોણ છો અને ધીરે ધીરે બધુ જ પ્રાપ્ત થઈ જશે, જેની તમે કલ્પના પણ નહીં કરી હોય એવો અતૂટ અખંડઆનંદ તમે જરૂર પ્રાપ્ત કરી શકશો.”

યાદ રાખો, લોકો કહેશે તમે આવા બનો તેવા બનો. મમ્મી-પપ્પા કહેશે ડૉક્ટર બન, એન્જિનિયર બન, બધા બધું જ કહેશે પણ બીજાનું કહ્યું સાંભળવું નહીં. હંમેશા તમારા અંદરથી ઉઠતા અવાજને સાંભળો. “તમને કેવા થવું ગમે છે ?” નહીં તો તમારી આખી જીંદગી નકામી જશે. હા જો એ તમારી જરૂરિયાત હશે તો તે મૂલ્યવાન છે, નહીં તો કોઈ જ મૂલ્ય નથી. હંમેશા અંદરના અવાજને અનુસરો. જ્યારે ભય, ટેન્શનમાં મૂકાઈ જાઓ ત્યારે એકાંતમાં બેસો. મારે શું કરવું જોઈએ એ પ્રશ્ન છોડી મૌન બેસો. જરૂર જવાબ મળશે.

સાચા મનુષ્યને કોઈ આદર્શો નથી હોતા, એ દરેક પળમાં જીવે છે અને પોતાની લાગણીઓના મિજાજને સૌથી વધુ માન આપે છે. હું ખરા દિલથી તમને તમારા આત્માને માન આપતા જોવા માગું છું. જરૂર તમે તે આનંદ ને પ્રાપ્ત કરશો. હું તમને સત્ ચિત્ આનંદ સ્વરૂપમાં જોવા માગું છું. ■

મો. ૯૪૨૯૯૫૫૮૧૭

નવી દિશા... નવા વિચાર...

સહકારથી સમગ્ર સમાજની સેવા

- નાગરિકો માટે જૂથ અકસ્માત વીમા યોજનાનો પુનઃ પ્રારંભ...
- પાક સહાય યોજનાનો અમલ...
- ટપક સિંચાઇ યોજનામાં આર્થિક યોગદાન...
- વાયર ફેન્સિંગ યોજનામાં આર્થિક સહાય...
- ખેતીકામમાં ઉપયોગી તાલપત્રીઓનું રાહતદરે વિતરણ...
- જમીન ચકાસણી લેબ તથા સ્પાઈસિસ લેબની નજીવા દરે ટેસ્ટિંગની સુવિધા...
- એ.સી. ભોજનાલયમાં શુદ્ધ અને સાત્વિક ભોજનની ઉત્તમ વ્યવસ્થા...
- માત્ર રૂા. ૧૦/- માં સારી ક્વોલિટીના ચા-નાસ્તાની સુવિધા...
- માર્કેટયાર્ડમાં ગરમીની સીઝનમાં ફ્રી છાશનું વિતરણ...
- જાહેર સ્થળોએ ઠંડા મિનરલ પાણીની સુવિધા...
- એમ્બ્યુલન્સ તથા ફાયરફાઈટરની ૨૪ કલાક સુવિધા...
- બ્રાહ્મણવાડા મુકામે ૩૦ એકર જમીનમાં અદ્યતન સુવિધાઓવાળા માર્કેટયાર્ડનો શુભારંભ...
- ઉંઝા તાલુકા તથા બજાર વિસ્તારના કુપોષિત બાળકોને દત્તક લઈ માનવતાનું કાર્ય...

જય સહકાર... જય કિસાન...

APMC UNJHA Since 1954 AGRICULTURAL PRODUCE MARKET COMMITTEE

દિનેશભાઈ પટેલ	અરવિંદભાઈ પટેલ	દિનેશભાઈ પટેલ
ઈન્ચાર્જ સેક્રટરી	વા. ચેરમેન	ચેરમેન



તથા ડિરેક્ટરગણ

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઉંઝા

મનોજ જે. પટેલ
(બંને પગે ૯૦% વિકલાંગ)
મુ.પો. : પીંપળ તા. ચાણસ્મા, જી. પાટણ(ઉ.ગુજરાત)

આપણા પાટીદાર સમાજ માટે આપણે આટલું તો કરીએ...

આપણો પાટીદાર સમાજ માત્ર ગુજરાત રાજ્ય પૂરતો સીમિત રહ્યો નથી પણ સમગ્ર દેશમાં અને વિશ્વમાં વિસ્તરી ચૂકેલ છે. વિશ્વના કોઈ પણ સ્થળે જાઓ, તમને ત્યાં કોઈને કોઈ પાટીદાર મળશે. પાટીદાર સમાજ સાચા અર્થમાં "વૈશ્વિક" બની ચૂકેલ છે. સુખી અને સમૃદ્ધ એવો આપણો પાટીદાર સમાજ હજુ વધુ સુખી અને સમૃધ્ધ બને, પ્રગતિના પથ પર હજુ વધુ અગ્રેસર થાય એ માટે પાટીદાર સમાજના દરેક વ્યક્તિએ સંનિષ્ઠ પ્રયાસો કરવા જોઈએ. પાટીદાર તરીકે આપણે આપણા સમાજ માટે ઘણું બધું કરી શકીએ એમ છીએ અને આ બાબત પર થોડોક પ્રકાશ પાડવા માગું છું.

૧. શિક્ષણ એ કોઈ પણ સમાજની પ્રગતિ માટે ખૂબ મહત્વનું પરિબળ છે. આપણે શિક્ષિત હોઈએ તો શિક્ષણ પાછળ થોડો સમય આપીને આપણી આજુબાજુના આપણા પાટીદાર સમાજને વધુ શિક્ષિત કરવા સંનિષ્ઠ પ્રયાસો કરીએ. આપણા સમાજના ગરીબ બાળકોના શિક્ષણ માટે પણ થોડી ઘણી આર્થિક મદદ કરીએ.

૨. સરકારી નોકરીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા આપણા યુવાનો-યુવતીઓને સારામાં સારી તૈયારી કરવા મળે એ માટે યોગ્ય વ્યવસ્થા કરીએ. ગામડામાં તેજસ્વી યુવાનો-યુવતીઓને હોસ્ટેલ તેમજ કોચિંગની સગવડ વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવીએ.

૩. આપણા પાટીદાર સમાજમાંથી ખૂબ ઓછા આઈ.એ.એસ. (I.A.S.), આઈ.પી.એસ.(I.P.S.) થતા હોય છે તો આ ક્ષેત્રે પણ વધુ ને વધુ પાટીદાર યુવાવર્ગ કારકિર્દી બનાવી શકે એવા પ્રયાસો કરીએ. યુ.પી.એસ.સી.(U.P.S.C.) અને જી.પી.એસ.સી. (G.P.S.C.) પરીક્ષામાં વધુ ને વધુ પાટીદાર યુવા વર્ગ ભાગ લે.

૪. આપણા પાટીદાર યુવાવર્ગમાંથી કેટલાક વિદેશમાં પોતાની કારકિર્દી બનાવવા માંગતા હોય છે તો આ લોકોને પણ શક્ય એટલી તમામ સહાય કરીએ. માર્ગદર્શનથી લઈને કોચિંગ સુધીની સગવડ ઉપલબ્ધ કરાવીએ.

૫. નોકરી, ધંધા, રોજગાર, સ્વરોજગાર ક્ષેત્રે આપણો યુવાવર્ગ સતત આગળ વધતો રહે એ માટે આપણી પાટીદાર સંસ્થાઓ સદાય વિચારતી રહે.

૬. આપણામાંથી જેઓ આર્થિક રીતે વધુ સક્ષમ છે તેઓ આર્થિક રીતે નબળા પાટીદાર કુટુંબોને શિક્ષણ, રોજગાર તેમજ આરોગ્ય ક્ષેત્રે શક્ય એટલી વધુ સહાય કરે.

૭. રાજકીય પક્ષોમાં રહેલા પાટીદાર નેતાઓ પોતાની સમાજની ન્યાયી માંગણીઓને પોતાના પક્ષની નેતાગીરી સામે જરૂર મૂકે. જો પોતાના સમાજને ખરેખર અન્યાય થતો હોય તો પક્ષની પ્રાદેશિક કે કેન્દ્રિય નેતાગિરી સામે યોગ્ય રજૂઆત પણ કરે.

૮. આપણા સમાજમાં સ્ત્રી-સશક્તિકરણ પર હજુ વધુ ધ્યાન આપવાની જરૂર છે. શિક્ષણ-કેળવણી તેમજ નોકરી-વ્યવસાય-રોજગાર ક્ષેત્રે તેઓ પ્રગતિ કરે એ માટે તેઓને સાથ-સહકાર-સહયોગ તેમજ પ્રોત્સાહન આપીએ.

૯. ખેલ, કળા તેમજ સાહિત્ય ક્ષેત્રે આપણું (પાટીદારોનું) પ્રતિનિધિત્વ ખૂબ જ ઓછું છે તો આ ક્ષેત્રે યુવાવર્ગને પ્રોત્સાહન આપીએ, માર્ગદર્શન તેમજ આર્થિક સહાય પણ કરીએ.

૧૦. પરિવારમાં આવતા તમામ પ્રસંગો ખુબ ઉત્સાહપૂર્વક ઉજવીએ, દેખાદેખીમાં આવીને ખોટા ખર્ચા ન કરીએ. તમામ પ્રસંગોમાં અન્નનો બગાડ થતો અટકે એ માટે પ્રયાસો કરીએ. લગ્નમાં ૧૫૦૦ થી ૨૦૦૦ રૂપિયાની ડિશ રાખીને ૩૦-૪૦ વાનગીઓ કરતાં મર્યાદામાં વાનગીઓ રાખીને સારી-સાત્વિક થાળી (ડિશ) લોકોને ભાવપૂર્વક જમાડીએ.

૧૧. રોજિંદા જીવનમાં ખોટા ખર્ચા કરવાનું ઓછું કરીએ; અતિ મોંઘા મોબાઈલ-ફોન, અતિ મોંઘી ગાડી તેમજ અતિ મોંઘા બાઈક ખરીદવાનો મોહ ન રાખીએ, માત્ર દેખાડવા ખાતર કરાતી વિદેશ યાત્રાઓ પણ ન કરીએ. આપણા પૂર્વજોએ કરકસરયુક્ત જીવીને જમીન, ઘર, વાડો, પ્લોટ વગેરે મિલકતો વસાવેલ છે. આપણે એ લોકો પાસેથી પ્રેરણા લઈએ.

૧૨. શહેર કે વિદેશમાં સ્થાયી થયેલ આપણે પોતાના વતન એવા ગામડાંમાં રહેલ ઘર, વાડો, પ્લોટ તેમજ ખેતર જેવી પૈતુક મિલકતોની 'હવે જરૂર નહિ પડે'એમ માનીને વેચી ન દઈએ પણ તેનું યોગ્ય જતન કરીએ કે કરાવીએ. આર્થિક સક્ષમતા અતિ વધારે હોય તો આ મિલકતોને પોતાના વિશ્વાસુ અને જરૂરિયાતમંદ કૌટુંબિક વ્યક્તિને સંભાળ રાખવા (ઉપયોગ કરવા) આપીએ. અવારનવાર વતનની મુલાકાતે આવતા રહીએ.

૧૩. અનહદ દુઃખ સાથે કહેવું પડે છે કે આપણા સમાજમાં વ્યસનોનું પ્રમાણ ખૂબ વધી રહેલ છે જે ખરેખર ચિંતાજનક બાબત છે. આપણા સમાજમાં સંપૂર્ણપણે વ્યસનમુક્તિ આવે એ માટે સંનિષ્ઠ પ્રયાસો કરીએ.

૧૪. આપણા સમાજમાં એવા અનેક લોકો છે કે જેઓને સરકારી લાભોની ખુબ જરૂર છે પણ આ લાભો મેળવવા માટેની પ્રક્રિયા કરવા તેઓ અસક્ષમ છે. આવા લોકો તેમજ પરિવારને સરકારી લાભો મળે એ માટે શક્ય એટલી તમામ મદદ કરીએ.

૧૫. આપણા સમાજમાં કુરિવાજો ઘણા ઓછા છે, લગભગ નહિવત્ જેવા છે છતાં જે થોડા ઘણા છે તે પણ દૂર કરવા પ્રયાસો કરીએ.

૧૬. આપણા સમાજમાં દયનીય પરિસ્થિતિમાં જીવી રહેલા વૃદ્ધજનો (સિનીયર સિટીઝન્સ) અને વિકલાંગોની પરિસ્થિતિ સુધારવા માટે સંનિષ્ઠ પ્રયાસો કરીએ.

૧૭. તમામ સમાજના લોકો સાથે હળીમળીને રહીએ, કોઈની પણ સાથે વિખવાદ ન કરીએ. સમાજ-સમાજ વચ્ચે વિખવાદ વધે એવા રાજકીય મુદ્દાઓથી પોતાની જાતને દુર રાખતાં શિખીએ. અન્ય સમાજ પાસેથી જે કંઈક પણ શિખવા- અપનાવવા જેવું છે તે સર્વે અપનાવીએ.

૧૮. આપણે વાણીમાં ઘણો સંયમ વર્તવાની ખાસ જરૂર છે. હૃદયે ભોળપણ ધરાવનાર પાટીદારો ઘણી વખત બોલવામાં બગાડતા હોય છે, 'તડ ને ફડ' કહેવાના સ્વભાવમાં ફેરફાર કરવાની તાતી જરૂર છે. સત્ય કહેવું હોય તો પણ કડવી વાણી સિવાય કહી શકાય છે એ આપણે પાટીદારોએ સમજવાની ખૂબ જરૂર છે.

૧૯. 'હું પાટીદાર છું'એ બાબત માટે સ્વાભિમાન હોય એ બરાબર છે પણ પાટીદાર હોવા માટે મિથ્યભિમાન બિલકુલ ન રાખીએ. આવા મિથ્યાભિમાની પોતાને, પોતાના કુટુંબને તેમજ સમાજને પારાવાર નુકસાન થાય છે.

૨૦. આપણી કુળદેવી માતાનું દરરોજ સ્મરણ કરીએ, અવારનવાર કુળદેવી માતા-ધામે દર્શન કરવા જઈએ. આપણા દરેક પ્રસંગમાં કુળદેવીમાતાને સ્મરીને આગવ વધીએ.

૨૧. કડવા-લેઉવાના ભેદ ભૂલીને પાટીદાર એકતાને વધુ મજબુત બનાવીએ, પાટીદાર એકતામાં ફૂટ(તિરાડ) પાડવાના પ્રયાસોને સફળ ન થવા દઈએ.

આપણા સમાજે આપણને ઘણુંબધું આપ્યું છે ત્યારે આપણી એ નૈતિક-સામાજિક ફરજ બને છે કે આપણે આપણા સમાજના સર્વાંગી વિકાસ માટે શક્ય એટલું બધું જ કરીએ. આપણા સમાજ માટે 'હું શું કરી શકું ?' એવી ભાવના હૃદયમાં સદાય રાખીએ, ભાવના હશે તો જ સમાજ-કલ્યાણ માટે કાર્યો થશે. ■ મો. ૯૭૧૨૪૫૭૫૫૯

"અળગી" (અળગી એટલે દૂર કરવું)

શબ્દ છે બહુ નાનો ...."અળગી" પણ એની વ્યથા છે બહુ મોટી....
બહુ લાગ્યું દુઃખ ને થયું કે કેમ ચાલ્યો તારો જીવ
માળેથી ઉડતા ને થતા મારાથી તને "અળગા"
હું રડી છાની માની અને રડી ધ્રુસ્કે ધ્રુસ્કે....
દીકરી કેમ આટલી જલ્દી થઈ ગઈ તું મોટી
હઝારો સવાલ કર્યા મેં એને કે કેમ ચાલી મને કરી "અળગી"
આંખોમાં પાણી અને હસતા મોઢે જવાબ આપ્યો દીકરીએ મને...
માં મારા ભવિષ્ય માટે તેં કેટકેટલી વાર કરી મને તારાથી "અળગી"
તારી કૂખમાં વિહરતી હતી ખૂબ સુરક્ષિત અને આનંદે
આ દુનિયા જોવા ને તેં નવ મહિને કરી ને "અળગી"
બહુ ચોખ્ખું અને સ્વાદિષ્ટ હતું માં તારું દૂધ
નવ નવા સ્વાદ ચખાડવા તેં કરી ને છાતીએ થી "અળગી"
તારા હાલરડાં સાંભળતા હિંચકે આવતી મીઠી નીંદર
પથારીએ એકલી સુતા શીખું એટલે ઘોડીયાથી તેં કરી ને "અળગી"
પાપા પગલી કરવાની મજા ખૂબ આવતી પકડી તારી આંગળી
જીવનના રસ્તા પર દોડતા શીખવવા તેં કરી ને તારી આંગળીથી "અળગી"
રમકડાંથી ઘર ઘર રમવાનું બહુ મન હતું મને
તારી સાથે... શાળાના શિક્ષણ અને મારા ઉજ્જવળ
ભવિષ્ય માટે કરી ને તેં ઢીંગલા પોતીકાથી મને "અળગી"
હું પણ દુઃખી થઈ કેટકેટલી વખત તો એ તેં કરી મારા
સારા ભવિષ્ય માટે મને "અળગી"
આજે મારા ઉચ્ચ શિક્ષણ અને દુનિયા સર કરવા
માટે કરું છું પહેલી વાર મારાથી તને "અળગી"

વાત તો હતી સાવ સાચી લાડો તારી....
દર વખતે માત્ર એક અર્થ ના હોય એક જ શબ્દનો...
સમજાયો સાચો અર્થ આજે શબ્દ "અળગી"નો
જ્યારે થઈ હું મારી દીકરીથી "અળગી"

- જલ્પા વાછાણી, મૂળ ગામ-ભાયાવદર, હાલ-સૂરત મો.૯૪૨૭૭૩૦૨૯૦

સમાજ સૃષ્ટિ

રસિક પટેલ
લેખક જાણીતા અખબારોના કોલમિસ્ટ છે.
અમદાવાદ

શબ્દો આશીર્વાદ તથા શાપિત બંને સ્વરૂપે હોય શકે છે

મોંઢા માંથી નીકળતા મધુર શબ્દો અથવા કડવાશથી ખદબદતા દૂષિત વાક્યો જ, દરેક માણસને ઓળખવાની ફૂટપટ્ટી હોઈ શકે છે, કોઈ પણ મણસ તેના સ્વભાવથી વિરુધ્ધ જઈ શકતો નથી પોતાનો સ્વભાવ ગમે તેટલો ઢાંકવા પ્રયત્ન કરે તો પણ ક્યાંક ને ક્યાંક તેનો સ્વભાવ પ્રગટ થઈ જાય છે, દૂષિત પ્રકૃતિના માણસમાં ક્યારેય મધુર વાણીનો સંગમ થતો નથી, પવિત્ર અને સાત્વિક વિચારોથી પ્રભાવિત વ્યક્તિઓની અંદરથી ઉદભવતા શબ્દો.... આશીર્વાદ સ્વરૂપે પણ હોઈ શકે છે તો સામે કોઈ દુષ્ટ વ્યક્તિના મોંઢામાંથી નીકળતા દૂષિત શબ્દો જીવનને ઝેર જેવું પણ બનાવી દે છે, અંતરનો આર્તનાદ... આશીર્વાદ રૂપે હોય તો માણસને ઉભો પણ કરી શકે અને શાપિત સ્વરૂપે હોય તો માણસને ભોંય ભેગો પણ કરી શકે તેટલું સામર્થ્ય... શક્તિ ધરાવતો હોય છે.

સતત લઘુતાગ્રંથિથી પીડાતી વ્યક્તિઓ ઘણીવાર પોતાની નબળાઈઓ ખામીઓ છૂપાવવા માટે સામે વાળી વ્યક્તિઓ ઉપર શાબ્દિક હુમલા કરતી રહેતી હોય છે, કટુ વચનો બોલીને વ્યંગ બાણોવાળા પીડા જનક શબ્દોનો ઉપયોગ કરીને, સામેવાળી વ્યક્તિને સતત ઉતારી પાડવાનો વારંવાર નિરર્થક પ્રયાસ કરતી રહેતી હોય છે અને આમ કરીને તેઓ પોતાની લઘુતાગ્રંથિનું પોષણ કરતા હોય છે, સામેવાળી વ્યક્તિનું ઉચ્ચ ગુણવત્તા સભર જીવન... ઉચ્ચ આર્થિક ક્ષમતા... ઉચ્ચ સદગુણો... ઉચ્ચ શિક્ષણ... ઉચ્ચ રહેણી કરણી... સારી લાઈફ સ્ટાઈલને આવા લઘુગ્રંથિથી પીડાતા વ્યક્તિઓ સહન કરી શકતા નથી અને પોતે તો બળ્યા કરે છે પરંતુ સામેવાળી નિર્દોષ વ્યક્તિને પણ શાંતિથી જીવવા દેતા નથીં, "હું બળું તો ભલે બળું... પરંતુ સામેનાને બાળી ને મરું" આવી જલદ અને ભયંકર માનસિકતાથી શાંત લીલા વનમાં દાવાનળ ઉભો કરતા રહેતા હોય છે, પોતાની પલીતો ચાંપવાની મેલી મુરાદનું પાલન પોષણ કરતા રહે છે, કદાચ એમને ઉંચકીને શાંતિના સરોવરમાં નાખો તો પણ તેઓ દૂષિત કાદવમાં જઈને કૂદકો મારશે, જેમ કોઈ ભૂંડને ગંદકીથી ભરેલા કાદવમાં જ વધારે આનંદ આવે તેમ. આમ તેઓ વારંવારના શાબ્દિક હુમલા કરીને સામે વાળાને નીચો દેખાડવાનો પ્રયાસ કરતા રહેતા હોય છે. અર્થાત આવું કરવા માટે તેમના હાથમાં જે શસ્ત્ર છે તે કડવી દૂષિત વાણી વાળા શબ્દો છે.

શબ્દો આશીર્વાદ સ્વરૂપે હોઈ શકે તો સામે શાપિત સ્વરૂપે પણ હોય શકે છે, શું કોઈ નિર્બળ... અસક્ષમ... ઓશિયારું કે જેનું દુનિયામાં કોઈ નથી તેવી વ્યક્તિના નિહાકા કે હાય જ્યારે શબ્દ સ્વરૂપે શ્રાપ દ્વારા પ્રગટ થાય છે ત્યારે એ નિરાશ્રિતના શબ્દો સાચા પડે છે. અને કુદરત એની સજા ચોક્કસ નક્કી કરે નાખે છે.

સૃષ્ટિનો નિયમ છે.. જે તમે આપો તે જ સ્વરૂપે તમને પાછું મળે છે, આજે તમે કોઈ ઉપર શબ્દિક હુમલો કરશો તો આવતી કાલે બીજું કોઈક તમારા ઉપર શબ્દિક હુમલો કરશે, તમે કોઈને ગાળ આપો કે અપમાન કરો તે તમને અચૂક પાછું મળશે, જો તમારી ભાવના એવી હશે કે ભગવાન બધાનું ભલું કરે તો ભગવાન તમારું ભલું કરવાના જ છે, જેવું આપણું જીવન છે તેવું જ જીવન આપણને પાછું મળે છે, કોઈ નિર્દોષને અપરાધી બનાવી દેવાનો ગૂનો કરી તેને ગુનેગાર બનાવી દેવાનું પાપ એ કદાચ ભવિષ્યમાં ગુનેગારને ગુનેગારના કઠેડામાં ચોક્કસ મુકી દે છે.

શબ્દ ચેતન છે, શબ્દ મારણ છે, શબ્દ વાણીની ધાર છે. શબ્દની મીઠાશ સુખનું ધામ છે તો સામે કર્કશ વાણી દુઃખનું સરનામું પણ છે, હું તો મોઢા ઉપર આપી દઉં.. એ અહમ અને અભિમાનનું પ્રતીક પણ છે. વ્યક્તિની સરળતા, સહજતા, સૌજન્યતા તેના દ્વારા બોલાયેલા શબ્દો દ્વારા પ્રગટ થતી હોય છે, મોઢામાંથી નીકળતા દરેક શબ્દો આપણા વ્યક્તિત્વનું પ્રતિબિંબ હોય છે સાથે સાથે તે શબ્દો આપણા વ્યક્તિત્વનો અરીસો પણ છે તે નિર્વિવાદ છે.

કર્કશ વાણી પાણીની ધાર જેવી હોય છે, જે સામે વાળી વ્યક્તિને ભાલાની જેમ ભોંકાય છે, જ્યારે મધુર વાણી ફુવારા જેવી હોય છે, જે ભીંજવે પણ કોઈને વાગે નહિં, આપણા શબ્દો, આપણી વાણી અને આપણું વર્તન જ આપણા વ્યક્તિત્વનો અરીસો છે, જેની વાણીમાં ફૂલ ની કોમળતા હોય તે જ બધાનો પ્રેમ વ્હાલ પામી શકે, કટુવચન વાળા શબ્દોની ધાર એટલી તેજ હોય છે કે મોટા યુદ્ધનું નિમિત્ત બને છે, દ્રોપદી દ્વારા ઉચ્ચારાયેલા આવા જ કટુ શબ્દો મહાભારતના નિર્માણમાં નિમિત્ત બની ગયા હતા. સતત રામ.. રામ.. રામ.. કરવાથી બ્રહ્મજ્ઞાન થઈ જતું હોય અને વાલિયા લૂંટારામાંથી વાલ્મીકિ ઋષિ બની જતા હોય તે

સમાજ સૃષ્ટિ

પરથી જ ખ્યાલ આવે કે શબ્દોની તાકાત શું હોય છે, કોઈના માટે કહેલા મધુર શબ્દો સામેવાળા માટે આશીર્વાદરૂપ બની જાય છે, સાથે સાથે જેના દ્વારા એ શબ્દો ઉચ્ચારેલા છે તેનું પણ ભલું થાય છે, એટલે જ કેટલાક સંતો દ્વારા કહેવામાં આવે છે કે **"ભગવાન સૌનું ભલું કરે"** ક્રોધિત કટુ વચનો આપણા અહમને પોષશે જરૂર પરંતુ અંદરથી તો આપણને બાળશે તે નક્કી છે, કોઈના પ્રત્યે ઈર્ષાની આગ અને વેર ભાવના આપણને જ અંદરથી ખોખલા કરી મુકશે, અકળ સૃષ્ટિમાં વસતા દરેક પ્રાણીમાત્ર પ્રત્યેની શુભ ભાવના આપણા મનને આનંદિત કરી પ્રફુલીત કરી અદભૂત શાંતિનો અનુભવ કરાવે છે તે નિર્વિવાદ છે.

ભયંકર ગુસ્સામાં આવીને આગની જેમ ઓકીને નાખવું તેના કરતા સૌમ્યતાથી ગુસ્સાને પી જવો સારું રહેશે, આગની જેમ નીકળેલા શબ્દો સમેવાળાને કશું જ નુકશાન પહોંચાડ્યા વગર અચૂક પણે તમારી જોડે જ પાછા ફરે છે, ગુસ્સામાં બોલાયેલા વાક્યોમાં શબ્દોની મધુરતા કે મીઠાશ ક્યારેય ભળતી નથી, માણસને ખુદને પણ ભાન નથી રહેતું કે પોતે શું બોલી ગયો, અને જ્યારે તે સભાન અવસ્થામાં આવે ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે, જે શબ્દો ગુસ્સામાં બોલાયેલા હોય છે તે જન્મોજન્મનું અંતર ઉભુ કરી દે છે, નાનકડા છોડમાં ગુસ્સાનો એસિડ નાખ્યા પછી એ છોડ ક્યારેય નવપલ્લવિત થવાનો નથી, કૂવા કાંઠે પાણી ભરતી પનીયારી પણ જો ગુસ્સામાં પાણીનું બેડું ભરશે તો તે પાણીમાં પણ ગુસ્સાના નકારાત્મક વાયબ્રેશન અચૂક પણે આવી જાય છે, ગુસ્સામાં રસોઈ બનાવતી કોઈ મહિલાની રસોઈમાં પણ ગુસ્સાના નકારાત્મક બીજનું વાવેતર રોપાઈ જ જાય છે, અને રસોઈ જમનારમાં પણ ગુસ્સા રૂપી નકારાત્મકતાની અસર થઈ જાય છે, અરે કોઈ નાનકડા છોડ આગળ જઈને ભયંકર ગુસ્સો કરજો તરત જ તેના પાંદડા ચિમડાવવા માંડશે અને નિસ્તેજ થઈ જશે તે નક્કી. અર્થાત મધુર શબ્દો થકી માણસ પોતાના જીવનમાં શાંતિ પામી શકે છે તો સામે કર્કશ શબ્દો થકી માણસ પોતાના જીવનને ઝેરીલું પણ બનાવી શકે છે પસંદગી આપણે કરવાની છે કે ફૂલ જોઈએ છે કે કાંટા?

રસિક પટેલ
મો. ૯૮૨૫૦ ૧૪૦૬૩

ડો. ભાવેશ જેતપરિયા
કવિ, લેખક, સંશોધક અને પૂર્વ પ્રોફેસર
જે. એ. પટેલ મહિલા કોલેજ, મોરબી

જીંદગી : હરિયાલી ઔર રસ્તા

માણસ સમય સાથે બદલાતી પરિસ્થિતિ, રૂઢિ પરંપરા અને પ્રકૃતિ સાથે તાલ મિલાવીને કર્મ કરતું સામાજિક પ્રાણી છે. તે પરિસ્થિતિઓ સાથે કદમતાલ જાળવવા મથે છે. વ્યક્તિગત કદમ અન્યની તુલનાએ બધું ઉત્તમ હોવું જોઈએ એવા અભરખા પૂરા કરવા ઊંઘ હરામ કરીને, સાચું ખોટું કરીને ખૂબ મથે છે. માણસ વિચારવા લાગે ત્યારે ભૂતકાળ ભવ્ય લાગે, વર્તમાન વસમો લાગે અને ભવિષ્ય ધૂંધળું દેખાવા લાગે એટલે પડોજણનો પાર નહીં સતત ચિંતાનો ઓથાર જંપ લેવા ન દિયે. બધું હોવા છતાં ખાલીપો કનડે એનો ઉકેલ ખરો? એ સવાલ બધાને સતાવે છે.

સમય ગતિમાન છે, ગતિમાન માણસ એમાંથી પસાર થયા કરે છે. સમયાંતરે સમસ્યાઓ ઘટતી નથી પણ વધતી જાય છે અને તેનું સ્વરૂપ બદલાય છે. એક પેઢી પહેલાનું વિચારીએ તો આપણા માતા-પિતા કે દાદા-દાદી કાળી મજૂરી કરતા, ખેતર ગીરવે મુકીને, વ્યાજે પૈસા લઈને પ્રસંગ ઉકેલતા, વરસોથી એ જ ઘર અને એ જ ઘરવખરી હતી. નિરાંત ઊંઘી શકતા અને આપણાપણાની ભાવના બરકરાર રહેતી. આજે અનેકગણી સુવિધાઓ છે છતાં આપણે સુખી છીએ ? એ સવાલનો ઉત્તર આપવો કઠીન લાગશે. વિકટ સમસ્યાઓ હતી છતાં સમસ્યા ન લાગતી અને આજે સામાન્ય ઘટના સમસ્યા લાગે છે. લાઈટ જવી, બે દિવસ કામવાળી ન આવે, વાહનમાં પંકચર પડે, મોબાઈલ, ટીવી, ફ્રિજ, વોશીંગ મશીન, એસી બે દિવસ બંધ હોય તો સમસ્યા લાગે છે. નાની નાની ઘટનાઓ ભારરૂપ લાગે છે.

આવક-જાવક ચોપડા ચોખ્ખા હોય એને ચિંતા નથી થતી. માણસને એની બેલેન્સસીટની વધઘટ અસર કરે છે. ગમે તે ભોગે વધારવામાં રસ હોય છે. વધતી જાય તો મજા ઘટે, અધુરપની ચિંતા અકળામણ કરાવે છે. એવું જ અધુરુ જ્ઞાન કડે ચડાવે છે. જગતમાં વધતી જતી વિચિત્રતાઓ માણસને કનડે છે. કેળવણી જેવા પવિત્ર સ્થળે પગથિયું ફંદોડે છે. બાળપણ રમતમાં, યુવાની સપનાં આંજીને, લગ્ન પછી બે-ત્રણ વરસ નવી દુનિયામાં, બાળકોનાં ભવિષ્યની યોજનાઓ લાંગરીને સમય પસાર થાય છે બાળકો ધારેલી મંઝીલ તરફ ન જાય એટલે જીવનભર થાકનું પોટલું ભાર વધારતું જાય. જીવનની અર્ધી જીવનયાત્રાએ આવતા જ લો કે હાઈ બી.પી. આ સમયથી શરૂ થાય છે. માણસ જેવો અવસર હાથતાળી દઈ સરકી જાય છે.

જિંદગી છે ગુલાબ છે જાણી લઈએ,
અરિસા પર ધૂળ ખંખેરીને પ્રમાણીએ.

મોટાભાગે બેતાળીના બેતાલા અને વન પ્રવેશે શારીરિક સમસ્યોનાં ઓળાં આવવા લાગે છે. આ ગાળામાં મહિલા અને ભઈલા સ્ટ્રેસનો અનુભવ કરે છે. મહિલા માટે માળો મૂરઝાયાનો વલોપાત અને ભાઈઓ માટે ઈચ્છીત મંઝીલે મુકામ ન કરી શક્યાનો વલોપાત શરૂ થઈ જાય, હાંફી જાય અને પાકી જાય પછી નીજઘર શોધ આદરે ત્યાં પણ નાની મોટી વસ્તુગત જંજાળની ભીંસના ચક્કરમાં માણસ ભીંસાય છે. બીજી તરફ બંગલા બન્યા, ગાડી આવી, મનગમતી વસ્તુઓ મળી, સગવડ વધી, બાળકોને ગમતી સ્કૂલમાં એડમીશન મળ્યા, રીમોટથી સુવિધાઓથી રમતા થયાં, મોબાઈલથી ગ્લોબલ સમયમાં આવ્યા, જમીન, મકાન, પ્લોટની ખરીદી કરી, બધું હોવા છતાં કંઈક ખૂટતું હોવાનું દરદ પીછો છોડતું નથી. ત્રીજી બાજુ આરોગ્યની સમસ્યાઓ, માનસિક તનાવ, અનિદ્રા, સંબંધોમાં તિરાડ, વેર-વટનું ચક્કર, હતાશા, અજંપો જંપ લેવા દેતા નથી. ઢગલો વસ્ત્રો હોય અને પ્રસંગમાં આમાંથી શું પહેરવું? એ સમસ્યા છે. હજુ કંઈક ખૂટે છે એની વેદનાની ભીંસ થકવી દેનારી હોય છે.

વ્યક્તિ પોતાના જીવન અને તેના ઉદેશય અંગે સાશંક બનવા લાગે, ધ્યેયથી ચલિત થવા લાગે, નિર્ણયમાં અવઢવ શરૂ થાય; બીજાની સાપેક્ષમાં કરેલી પ્રગતિનો સંતોષ ન હોય, ભાગ્ય, કર્મ અને ભાયુભાગ કે ભાગીદારો વિશે બિનજરૂરી ફરિયાદો શરૂ થાય, વૃદ્ધ મા-બાપની જવાબદારી ભારરૂપ લાગે, સહકર્મચારી સાથે કે પ્રત્યે ધંધામાં ચઢાવ-ઉતાર આવતા ચહેરાની ચમક ઘટી જાય. ઉતરતા વાળ વચ્ચે પહોળી થતી જતી ટાલ અને કાયામાં પ્રવેશતી સ્થૂળતા વગેરે કંઈક ગુમાવ્યાનો વલોપાત કરાવે છે. એક શાયર કહે છે.

ખ્યાલ જિસકા થા મુજે ખ્યાલ મેં મિલા,
મુજે સવાલ કા જવાબ ભી સવાલ મેં મિલા.

સતત ચિંતાનો ઓથાર, અકારણ ભય, વિકૃત સંભાવનાઓ બાંધવાથી માનસિક સ્થિતિ બગડતા કાર્યસિધ્ધિ પર અસર થાય છે. વ્યક્તિ હતાશાની ગર્તામાં ધકેલાય છે. સ્વભાવ બદલતા સંબંધોમાં તનાવ શરૂ થાય છે. સૂતા પહેલા દુઃખી હોવાનો એહસાસ કરતી મનોસ્થિતિ મીઠી નીંદરમાં બાધારૂપ બને છે. ઊંઘ બગડતા સવાર બગડે અને સુસ્તીને કારણે કામમાં મન ન લાગે. સહવાસી વ્યક્તિ સાથે સ્વસ્થ વ્યવહાર ન રહે તો ઘરનું કે બહારનું

સમાજ સૃષ્ટિ

વાતાવરણ તંગ બની જાય છે. પરિસ્થિતિ સામે ઝઝુમવું અથવા પરિસ્થિતિનો સ્વિકાર એ જ વિકલ્પ છે.

દુઃખનાં મૂળ કારણની સાચી સમજના અભાવે અન્ય કારણો શોધવા તરફ લગાવ આવે છે. સત્યના સ્વીકાર તરફ અલગાવ શરુ થાય, વ્યક્તિને કે ભાગ્યને દોષ આપવો, કોઈએ કામણખૂમણ કરેલું છે એવું માનીને દોરાધાગાનાં ચક્કરમાં આવનાર ક્યારેય નીકળી શકતો નથી. અસ્થિર બનેલી સ્થિતિમાં પોતાનાથી આવેલી સમસ્યાનો ઉકેલ શોધવા ફાંફા મારવા શરૂ થાય, વ્યવસાય બદલવા તરફ વળવાનું થાય, રહેણાંક બદલવા તરફ વળવાનું થાય, ધાર્મિક હોવાનો ડોળ કરીને અને કંઠી બંધાવવા દોડવાનું થાયઃ હતા ત્યાંથી સ્થળાંતરિત થતા થોડો સમય નવી હવા, નવી દુનિયામાં વિચરતા હોવ એવો એહસાસ કરે પણ મૂળ પ્રકૃતિ ન સુધરે તો કે ફરી એજ પલાયન થવાનું ચક્કર શરૂ થાય છે. એક શાયર કહે છે :

જિંદગી કા સારા ઝઘડા અતી ખ્વાહિશો
કા હે, ના કિસી કો ગમ ચાહિએ
ના કિસી કો કમ ચાહિએ.

વહેલા ઊઠીને યોગ કરવાની મજા છે. પ્રકૃતિ સ્થળે ફરવાની મજા છે, હરિયાલાં ખેતરને જોવાની મજા છે. પર્વતની ધાર પર ચાલવાની મજા છે. ધૂઘવતો દરિયો, વહેતી નદી કે ઝરણાંમાં હાથ ઝબોળવાની કે સ્નાન કરવાની મજા છે. કોયલનો ટહુકો, મયૂરની કેકા સાંભળવાની મજા છે. ઉમાશંકર જોશી કહે છેઃ

ઘર છોડીને જનારને
મળે વિશ્વની વિશાળતા...
વિશાળ જગ વિસ્તારે નથી એક જ માનવી;
પશુ છે, પંખી છે, વનો ની છે વનસ્પતિ !

આ બધુ સુવિધાવાળા મકાનને છોડવાથી મળે છે. દુઃખનો માર્ગ શોધવો એનો ભાર વેંઢારીને ફરવું યોગ્ય તો નથી જ. એક આઘાત સામે તુરત પ્રતિકાર ન કરીએ તો ઘણું ગુમાવવું પડે છે. ઈશ્વર બેચાર તક આપે અને બેચાર પછડાટ પણ આપે છે. હતાશા, નિરાશા, એકલાપણું, આત્મભત્ર્સના, પલાયનવૃત્તિ, અસંતોષ, શ્રધ્ધા, વિશ્વાસ અંદરથી જ ઊગે છે. જવાબદારી નિષ્ઠાથી નિભાવવાને છીછરી દુનિયામાં આપણે આપણું ચરિત્ર ચિતરવાનું હોય છે. ઈચ્છા નામના યજ્ઞમાં પુરુષાર્થની આહૂતિ આપવી. પાછળ છૂટી ગયેલું છોડી દેવું. મનોબળ મજબુત રાખવું. વર્તમાનમાં જીવવું અને સમય સાથે સતત પરિવર્તન પામતા રહેવું. પરિતાપમાંથી તક શોધવી એ જીવનકલા છે. આપણને ગમે તે બીજાને ગમે એટલે જ કવિ મકરંદ દવે કહે છે.

ગમતું મળે તો અલ્યા ગુંજે ન ભરીએ
ગમતાનો કરીએ ગુલાલ....

ઉછીનું જ્ઞાન અને ઉછીના નાણાં લીધેલ હોય તો કોઈને ખબર ન હોય ત્યાં સુધી ડુગડુગી ચાલે. રહસ્ય પરથી પડદો ખૂલે પછી ગભરામણ વધી જાય છે. માણસ પસંદગી અને નિર્ણય કરવામાં અટવાય છે. પછી ભીષ્મ હોય કે અર્જુન યોગ્ય મારગ મળે તો ભલે નહિ તો હૈયાહોળી શરુ.

શ્રેય અને પ્રેયની પસંદ સબબ વિવેક જરૂરી છે. એક ભજનમાં કહે છેઃ

વિવેક વિણ સકલ જગ ભૂલે
જ્ઞાન વિણ ગૂંચવાય...

જે તે પરિસ્થિતિનો સહર્ષ સ્વીકાર કરવો ઘટે. વિકાસની સીડી અપ-લિફ્ટ થયા કરે છે. સંઘર્ષ સામે શરણાગતિ સ્વીકારવી યોગ્ય નથી. મનગમતું કામ કરવું, સૂઝ હોય તેમાં સાહસ કરવું. સાહસમાં નફો -નૂકશાન જોડાયેલ છે. જીંદગી દ્વન્દ્વથી ભરેલી છે. સુખ-દુઃખ, નફો-નુકશાન, પ્રેમ-નફરત, હાસ્ય-રુદન, ભરતી-ઓટ આવ્યા કરે છે, પુરતી મહેનત કરવા છતાં આપણી ધારણાથી અધિક કે ઓછું મળે છે. આપણું ધાર્યું ન થાય, ધાર્યું તો ધણીનું થાય, એવું કહીએ છીએ. જીંદગીની મટુકી એવી છે કે તેમાં સુખ ઓછું અને દુઃખ વધારે છે.

જિંદગીની ઘટમાળ એવી
સુખ અલ્પ દુઃખથી ભરેલી...

આપણે ક્ષમતાને કસવાની હોય છે. નાનો હોય કે મોટો દરેકના પગમાં સમસ્યાની બેડી જડેલી છે. વસ્તુઓ મૂલ્યથી ખરીદી શકીએ. આનંદ, મોજ, મજા અમૂલ્ય છે. ખરીદી ન શકાય. આનંદ અંદરથી આવે છે. આપણી પાસે ઘણું બધું હોવા છતાં આપણાથી ઘણા આગળ હોય છે. આપણાથી ઘણા ઘણી બધી રીતે પાછળ હોય એવું બને જ. નવી સુવિધા નવું દરદ આપે છે. સુખનો રસ્તો સંઘર્ષમાંથી જ પસાર થાય છે.

ખરેખર તળીએ જઈને તપાસ કરો તો જગતમાં કોઈ સોએ સો ટકા સુખી નથી. થોડાંક દુઃખ દરદ વળગેલાં જ હોય છે. જીંદગી ફૂલ પથારી નથી પણ કંટક વચ્ચે ખીલતું ગુલાબ છે. એક ફિલ્મગીત યાદ આવે છે.

જીવન કે દો પહેલું હૈ
હરિયાલી ઔર રાસ્તા...

મો. ૯૮૭૯૮૩૫૭૧૭

સમાજ સૃષ્ટિ

પદ્મશ્રી દેવેન્દ્ર પટેલ

લેખક, જાણીતા વરિષ્ઠ પત્રકાર, સાહિત્કાર, કોલમિસ્ટ, ૬૦ થી વધુ પુસ્તકોના લેખક અને ભારત સરકાર દ્વારા પદ્મશ્રી એવોર્ડથી વિભૂષિત છે.

એક માતા એબૉર્શન કરાવવા માટે ડૉક્ટર પાસે ગઇ, પરંતુ...



ગિરીશ કર્નાડ રહ્યા નથી. નવી પેઢી તો શાયદ જ તેમને જાણે છે.

હા, કેટલાકને યાદ છે કે સલમાન ખાનની ફિલ્મ 'ટાઈગર ઝિંદા હૈ'માં ગુપ્તચર અધિકારીનો રોલ તેમણે કર્યો હતો. પરંતુ સંખ્યાબંધ નાટકો, 'માલગુડી ડેઝ' જેવી સિરીયલ કે 'તુગલક', 'હમવદના' જેવાં સંખ્યાબંધ નાટકો અને ફિલ્મોમાં તેમણે કરેલો અભિનય એક સીમાચિહ્ન છે.

ગિરીશ કર્નાડ પદ્મશ્રી, પદ્મભૂષણ તથા જ્ઞાનપીઠ જેવા પુરસ્કારોથી સન્માનિત હતા. પરંતુ ગિરીશ કર્નાડે ઉત્તર અને દક્ષિણની ભાષાઓમાં સેતુનું કામ કર્યું. હિન્દી, મરાઠી, કન્નડ અને બાંગ્લા એ બધી જ ભાષાઓનું તેમણે પ્રતિનિધિત્વ કર્યું. તેમણે કેટલાંય નાટકોનો હિન્દીમાં અનુવાદ કર્યો.

કોંકણી બોલવાવાળા સારસ્વત પરિવારમમાં જન્મેલા ગિરીશ કર્નાડ અંગ્રેજીના બદલે કન્નડ ભાષામાં નાટકો લખ્યાં. તે પછી તેમણે જ તેનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો. તેઓ સ્કોલર હતા અને ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસની સાથે સાત વર્ષ સુધી પ્રકાશક રહ્યા. તેઓ ફિલ્મ ઍન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટના ડાયેરક્ટર પણ રહ્યા. સંગીત નાટક અકાદમીના પણ નિર્દેશક રહ્યા. લંડનમાં આવેલા નેહરુ સેન્ટરના પણ નિર્દેશક રહ્યા. યાદગાર પ્રસંગ એ છે કે તેઓ જ્યારે ફિલ્મ ઍન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટના વડા હતા ત્યારે ઓમ પુરીને તેમનો ચહેરો એક્ટર જેવો નથી તેમ કહીને સંસ્થાએ તેમને પ્રવેશ આપવા ઈન્કાર કરી દીધો હતો, પરંતુ આ વાતની ખબર પડતાં ગિરીશ કર્નાડે હસ્તક્ષેપ કરીને ઓમપુરીને ફિલ્મ ઈન્સ્ટિટ્યૂટમાં ભણવા - તાલીમ લેવા પ્રવેશ અપાવ્યો હતો અને તે બાદ જ દેશને ઓમ પુરી જેવા એક્ટર મળ્યા. તેમણે ૧૨ જેટલી ફિલ્મોનું નિર્દેશન કર્યું. ૯૦થી વધુ હિન્દી, મલયાલમ, કન્નડ, તમિલ અને તેલુગુ ફિલ્મોમાં કામ કર્યું. તેમણે ૧૫ જેટલા નાટકો લખ્યાં. એમના જીવનની એક ઘટના અત્યંત સંવેદનશીલ અને નોંધપાત્ર છે, જેનો ઉલ્લેખ ગિરીશ કર્નાડે પોતાની આત્મકથા 'આદાદાતા આયુષ્ય'માં કર્યો છે.

ઘટના કાંઈક આવી હતી. ૧૯૭૩ની એ સાંજ હતી.

એ રાત્રે તેઓ પોતાના ધારવાડ ખાતેના ઘરમાં રાતનું ભોજન લઈ રહ્યા હતા. એ રાત્રે એક વાત સાંભળી તેમને સખત આઘાત લાગ્યો. એમનાં માતાપિતા વાતો કરી રહ્યા હતા.

તેમની મા તેમના પિતાને કહી રહ્યાં હતાં, 'આપણે તો ક્યારેક વિચારતાં હતાં કે હવે આપણને ચોથું સંતાન જોઈતું નથી.'

આ વાત ચાલતી હતી ત્યારે ગિરીશ કર્નાડ ૩૫ વર્ષની વયના હતા. આ વાત અનાયસે તેઓ સાંભળી ગયા.

માતા દ્વારા લાપરવાહીથી પિતાને કહેવાયેલી વાત તેઓ ઊંડાણથી જાણવા માગતા હતા. તેઓ ઊંડા ઊતર્યા. એમને ખબર પડી કે તેઓ જ્યારે તેમની માતાના ઉદરમાં હતા ત્યારે તે પહેલા તેમના માતાપિતાને ત્રણ સંતાનો હતાં. તેથી તેઓ ચોથુ સંતાન અવતરે એમ ઈચ્છતાં ન હોતાં. એ વખતે તેઓ માતાના ગર્ભમાં હતા. માતાને ગર્ભપાત કરાવવા પિતા પુણેના એક ડૉક્ટર પાસે લઈ ગયા. ડૉક્ટરની હોસ્પિટલ પર બહાર બહુ જ દર્દીઓ બેઠેલા હતા. લાંબો સમય સુધી રાહ જોયા બાદ પણ ડૉક્ટર આવ્યા નહીં એટલે પિતા તેમનાં પત્નીને ગર્ભપાત કરાવ્યા વગર જ ઘેર પાછા આવ્યા અને ગર્ભપાત ના કરાવી શક્યા. એ પછી ગિરીશ કર્નાડનો જન્મ થયો. આ વાત જાણ્યા બાદ ગિરીશ કર્નાડ ઊંડા વિચારમાં પડી ગયા. આ ઘટનાનો ઉલ્લેખ તેમણે જાતે જ પોતાની આત્મકથામાં કર્યો છે. વિચાર કરો કે એ દિવસે ડૉક્ટર આવી ગયા હોત તો દુનિયા ગિરીશ કર્નાડને જોઈ-માણી-સાંભળી કે મહેસૂસ કરી શકી હોત?

ગિરીશ કર્નાડે પોતાની આત્મકથામાં ગેરહાજર રહેલા ડૉક્ટરનો આભાર માનતાં લખ્યું છે કે મેં જ્યારે આ વાત જાણી ત્યારે માથા પર વીજળી પડી હોય તેવું મને લાગ્યું હતું.

અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે ગિરીશ કર્નાડના માતાપિતા બન્નેનું લગ્ન પહેલાં ક્રમશઃ વિધવા અને વિધુર હતા. ગિરીશ કર્નાડ ગૌડ સારસ્વત બ્રાહ્મણ હતા. એ જમાનામાં વિધવા-વિધુર વિવાહ એક ક્રાંતિકારી કદમ હતું.

ગિરીશ કર્નાડ એક્ટર, દિગ્દર્શક, લેખક હોવા ઉપરાંત એક બુદ્ધિજીવી નાગરિક પણ હતા. કેટલીયે વાર વિવાદાસ્પદ મુદ્દાઓ પર પોતાના સ્પષ્ટ અભિપ્રાય આપતા ખચકાતા નહીં અને તેઓ ખુદ વિવાદનું કેન્દ્ર બની જતાં હતા. એક વાર તો એમણે રવીન્દ્રનાથ ટાગોરના નાટકો આજના સમયમાં અપ્રાસંગિક છે તેમ કહી દેતા તેમના એ નિવેદનનો સખત વિરોધ થયો હતો. એ જે હોય તે. એ બધા એમના વિચારો હતા અને પોતાના વિચારોની અભિવ્યક્તિ નિર્ભયતાથી કરતાં હતા. તેમના વિચારો સાથે સંમત થઈ એક ના થઈએ, પરંતુ ગિરીશ કર્નાડની વિદાય એ એક બૌદ્ધિક ક્ષતિ છે.

તેઓ જે કાંઈ માનતા હતા તે વિચારો કદી છુપાવતા નહીં. એક અહેવાલ અનુસાર તેઓ દક્ષિણ પંથીઓના હિટ લિસ્ટમાં હતા. બેંગલુરુમાં એક વખતે દેખાવો કરતી વખતે તેમણે ગળામાં એક પટ્ટી લટકાવીને તેની પર લખ્યું હતું કે, 'અગર અભિવ્યક્તિની સ્વતંત્રતાનો અર્થ નક્સલ છે તો હું પણ અર્બન નક્સલ છું'

આવા હતા, ગિરીશ કર્નાડ.

■ ■ ■

SMART EXHAUST ZERO ELECTRICITY ECONOMICAL DURABLE

રસીક પટેલ (ટુંડાવવાળા)
૯૮૨૫૪ ૨૧૨૨૦

વીકી પટેલ
૯૭૨૬૩૮૪૫૬૪

Mfg. Corrugated Sheets, Plane Sheets, Decorative Sheets, Skylight dome, Parking Shade, FRP Moulded Items

Shree BALAJI
FIBRE GLASS

2, Jogeshwari Estate, Nr. Revabhai Estate, Opp. Kevdawadi, C.T.M., Amraiwadi, Ahmedabad-26.

Ph. : 079-25852018, M. : 98254 21220, 97263 84564

Web : www.balajifiberglass.com • Email : info@balajifiberglass.com





પ્રા. ડૉ. યશવંત કે. ગોસ્વામી
જાણીતા હિન્દી લેખક અને વિવેચક,
ગુજરાતના શ્રેષ્ઠ NSS પ્રોગ્રામ ઓફિસર એવોર્ડ વિજેતા
અધ્યક્ષ : હિન્દી વિભાગ-કણસાગરા મહિલા કોલેજ, રાજકોટ

ભારતના વિશ્વ વિખ્યાત હિલ સ્ટેશનો....

હર હર મહાદેવની ભૂમિ - હરદ્વાર

હર એટલે કે શિવનાં માર્ગે જવાનું દ્વાર એટલે હરદ્વાર. દિલ્હીથી ૨૨૨ કિમી દૂર આવેલું હરદ્વાર ગંગાનદીના જમણા તટ પર વસેલું છે. ઉત્તરાખંડની યાત્રા (બદરી - કેદાર - ગંગોત્રી અને યમુનોત્રી)નો પ્રારંભ અહીંથી જ થાય છે. હરદ્વાર એ હિમાલયનું પણ પ્રવેશદ્વાર છે. અહીં દર ૧૨ વર્ષે કુંભમેળો ભરાય છે. અહીં ગંગામાં ડૂબકી લગાવતાં જ તન અને મનનો થાક ઉતરી જાય છે. ગંગાકિનારે બેઠેલા યાત્રિકો સંસારથી અલિપ્ત થઈ ગંગામૈયા ના જલપ્રવાહને અને એનાં મધુર સંગીતને સાંભળવામાં એવા તો તલ્લીન થઈ જાય છે કે સમયનું પણ એમને ભાન રહેતુ નથી. ગંગામૈયાના અવિરતપણે વહેતા ધીરગંભીર પ્રવાહને જોઈ યુવતીઓ અને સ્ત્રીઓ સ્હેજ જ ગણગણવા લાગે છે.

ગંગામૈયા મેં જબ તક યે પાની રહે, મેરે સજના તેરી જીંદગાની રહે
મૈયા હો ગંગામૈયા, મૈયા હો ગંગામૈયા, મૈયા હો ગંગા મૈયા....

અહીં ગંગાકિનારે સાધુઓ, સંતો, સંન્યાસીઓ અને નાગાબાવાઓનાં પડાવ છે. હરદ્વારએ તો દેવાધિદેવ મહાદેવનું સાસરું છે. શિવભક્તો હરદ્વારમાં પગ મુક્તા જ રોમાંચિત થઈ ઉઠે છે.

હર કી પૈડી : પુરાણોમાં હરદ્વારની ગણના સાત મોક્ષદાયિની નગરીઓમાં થાય છે. અહીં ગંગાસ્નાનો અત્યંત મહિમા છે. હર-કી-પૈડીએ હરદ્વારનો મુખ્ય સ્નાન ઘાટ છે. અહીં ગંગામૈયાનું મંદિર આવેલું છે. અહીંની શોભા સાયંકાલે ખીલે છે. સહસ્ર દીવાની આરતી પ્રગટાવી પૂજારી ગંગામૈયાની આરતી ઉતારે છે ત્યારે અસંખ્ય ભાવિકો આરતીના દર્શનથી ધન્ય બને છે. આરતીબાદ ભાવિકો પડિયામાં રહેલો દીપ પ્રગટાવી ગંગામૈયાના પ્રવાહમાં વહેતો મુકે છે. આવા અસંખ્ય તરતા દીપકો ગંગામૈયાના પ્રવાહમાં ટમટમતા તારલા જેવા દેખાય છે.

મનસાદેવી : હર-કી-પૈડી પાસેની પહાડી પર મનસા દેવીનું મંદિર આવેલ છે. મનસા એટલેકે ઈચ્છા પૂર્ણ કરનાર દેવી છે. દેવીની મૂર્તિના ત્રણ મસ્તક અને પાંચ હાથ છે. અહીંથી સમગ્ર હરદ્વાર શહેરનું, ગંગાતટનું અને હિમાલયનાં બર્ફિલા પર્વતોનું દ્રશ્ય જોવા મળે છે. અહીં રોપ-વેમાં બેસીને અથવા પગપાળા પણ જઈ શકાય છે. રોપ-વે દ્વારા મનસાદેવી જવાનો આનંદ અનોખો છે.

કનખલ : કનખલ દક્ષયજ્ઞનું સ્થળ છે જે હરદ્વારથી ૪ કિમી દૂર છે. કનખલમાં પ્રજાપતિ દક્ષે યજ્ઞ કરેલો. આ યજ્ઞમાં દક્ષે સર્વે દેવી દેવતાઓને આમંત્રણ આપ્યું પરંતુ એમના જમાઈ શિવને આમંત્રણ નહીં આપી અપમાનીત કર્યાં. દક્ષપુત્રી અને શિવજીના પત્ની સતીથી

અપમાન સહન ન થયું અને તે સમયે જ યજ્ઞ સ્થળે જ અગ્નિ ઉત્પન્ન કરી અગ્નિસ્નાન કરી પ્રાણનો ત્યાગ કર્યો. આ બાબતની જાણ થતાં ક્રોધે ભરાયેલા શિવજીએ પોતાની જટા પછાડી એમાંથી વીરભદ્રને ઉત્પન્ન કર્યો. શિવજીની આજ્ઞાથી વીરભદ્રે દક્ષના યજ્ઞનો નાશ કર્યો. સર્વ દેવી દેવતાઓ ભયભીત બની શિવજીને પ્રાર્થના કરવા લાગ્યા. શિવજી સતીનાં વિરહમાં એમનાં મૃતદેહને ખભા પર ચઢાવી બ્હાવરા બની ઘૂમવા લાગ્યા જગતમાં હાહાકાર મચી ગયો. જગતને પ્રલયમાંથી બચાવવા શિવાજ્ઞાથી વિષ્ણુએ સુદર્શન ચક્ર દ્વારા સતીના શરીરને ખંડ ખંડ કરી નાખ્યું. સતીના શરીરના એકાવન ટૂકડા થયા. એમનાં શરીરના આ ટુકડા જ્યાં જ્યાં પડ્યા ત્યાં ત્યાં શક્તિપીઠો સર્જાઈ. ભારતમાં આવી એકાવન શક્તિપીઠ છે.

હરદ્વારના પ્રવાસે જતી વખતે અહીં આવેલા સાત પ્રખ્યાત મંદિરો જોવાનું ન ભૂલશો. રીક્ષાવાળા પર્યટકોને હરદ્વારના સાઈટસીંઈંગમાં લઈ જાય છે. વિવિધતાથી ભરપુર આ મંદિરો ખરેખર દર્શનીય છે. આ મંદિરો જોવામાં ત્રણેક કલાક જેવો સમય પસાર થઈ જાય છે.

પ્રમુખ શહેરોથી અંતર

દહેરાદૂન : ૫૨ કિમી	બદરીનાથ : ૩૨૦ કિમી
ઋષિકેશ : ૨૪ કિમી	મસુરી : ૯૦ કિમી.
ચંદીગઢ : ૨૭૫ કિમી	યમુનોત્રી : ૨૬૪ કિમી
આગ્રા : ૩૮૬ કિમી.	દિલ્હી : ૨૨૨ કિમી
કેદારનાથ : ૨૫૩ કિમી	નૈનીતાલ : ૩૭૫ કિમી.
જયપુર : ૪૮૦ કિમી.	ગંગોત્રી : ૨૮૨ કિમી.

યાત્રા સૃષ્ટિ

શાંત અને સૌમ્ય : ઋષિકેષ-લક્ષ્મણઝૂલા

હરદ્વારથી ૨૪ કિમી. દૂર આવેલું આ સ્થળ જોઈને પર્યટકો મંત્રમુગ્ધ બની જાય છે. હિમાલયની ગોદમાંથી નીકળતી ગંગા આજ સ્થળે પહાડ સાથેની પોતાની મિત્રતા છોડી મેદાન પ્રદેશમાં પ્રવેશે છે. ઊંચાઊંચા પર્વતીય પ્રદેશો અને રસ્તાઓ પરથી અલ્હડ યુવતીની માફક ઉછળતી કુદતી ગંગા અહીં મેદાન વિસ્તારમાં પ્રવેશતાં જ શાંત અને ગંભીર બની જાય છે. લીલાછમ અને ગાઢજંગલોની છાયામાંથી વહેતી ગંગાનો પ્રવાહ પર્યટકોનું મન મોહી લે છે. ઋષિકેષ પોતાના કુદરતી સૌંદર્ય ઉપરાંત ધાર્મિક અને આધ્યાત્મિક મહત્વને કારણે વિશ્વભરમાં પ્રખ્યાત છે. આ સ્થળ સંતો, મહંતો અને મંદિરોની નગરી છે. સાંજના સમયે ગંગાતટ પર ફરતા ફરતા શિવાનંદ આશ્રમ કે સ્વર્ગાશ્રમ તરફ જશો તો તમને ભારત ઉપરાંત અમેરિકા, ફ્રાંસ, રશિયા, જાપાન, જર્મની અને અન્ય દેશમાં તત્વચિંતકો વિવિધ ભાવમુદ્રામાં ધ્યાનસ્થ થયેલા જોવા મળશે. ચારેબાજુ લીલાછમ પર્વતોથી ઘેરાયેલી ગંગામાં નૌકાવિહાર કરવાનો આનંદ અવિસ્મરણીય છે. અહીં ગયા બાદ પાછા ફરવાનું મન થતું નથી. ગંગાકિનારે યોગ અને ધ્યાનની પ્રવૃત્તિ વિદેશીઓને આકર્ષે છે. અહીં વીરભદ્ર મહાદેવનું મંદિર આવેલું છે. જ્યાં દર વર્ષે શિવરાત્રી પર મેળો ભરાય છે.

લક્ષ્મણ ઝુલા : અહીં ગંગાનદી પર ૧૯૩૯માં બનેલો આ ઝુલતો પુલ ભવ્ય છે. લોખંડના તારથી બનાવેલા આ પુલ પરથી ચાલવાનો અનુભવ રોમાંચ ઉત્પન્ન કરે છે. પુલની નીચે નજર કરતાં ધસમસતી ગંગા દેખાય છે. પુલ પરથી સ્કુટર જેવા દ્વિચક્રી વાહનો પણ ચાલે છે. પુલના બીજા છેડા પર સાતમાળનું એક ભવ્ય મંદિર આવેલ છે.

શિવાનંદ ઝુલા : શિવાનંદ ઝુલા રામઝુલા તરીકે પણ ઓળખાય છે. આ ઝુલતો પુલ શિવાનંદ આશ્રમ અને સ્વર્ગાશ્રમની વચ્ચે ગંગાનદી પર આવેલો છે. એનું નિર્માણ થોડા જ વર્ષો પહેલા થયેલ છે. આ ઉપરાંત ઋષિકેષમાં નિલકંઠ મહાદેવ, દેવપ્રયાગ, ત્રીવેણી ઘાટ, ગીતાભવન, શિવાનંદ આશ્રમ, સ્વર્ગાશ્રમ ભરત મંદિર વિગેરે દર્શનીય છે.

નીલકંઠ મહાદેવ : ઋષિકેશ થી ૧૨ કિમી. દૂર આવેલુ આ સ્થળ અત્યંત સુંદર છે. દંતકથા અનુસાર સમુદ્ર મંથન સમયે નીકળેલું ઝેર શિવજીએ આજ સ્થળે પીધુ હતું. આ મંદિર ૧૦૦ મીટરની ઊંચાઈએ આવેલ શાંત અને નયનરમ્ય ક્ષેત્ર છે.

શિવાલિક ટેકરીઓથી ઘેરાયેલું : દહેરાદૂન

સ્વાથ્યવર્ધક હવાપાણી અને મનોહર કુદરતી સૌંદર્ય માટે દહેરાદૂન પ્રસિધ્ધ છે. આ રમણીય પર્યટન સ્થળ 'દૂનઘાટી'ના નામે પણ ઓળખાય છે. એની ઉત્તરમાં હિમાલયની ગિરિમાળા, દક્ષિણમાં શિવાલિક પર્વતોની હારમાળા પૂર્વમાં ગંગા અને પશ્ચિમમાં યમુના નદીથી ઘેરાયેલી આ ઘાટીની ઊંચાઈ ૨૫૦૦ ફૂટ છે. મહાભારત કાળમાં આજ ઘાટીમાં પાંડવોએ વનવાસના દિવસો પસાર કરેલ એમ માનવામાં આવે છે. ચીનીયાત્રાળુ યુ-એન-શાંગ પણ અહીં આવેલ. દહેરાદૂનની આસપાસ અનેક દર્શનીય સ્થળો આવેલા છે.

સહસ્ત્રધારા : દહેરાદૂનથી ૧૪ કિમી દૂર સહસ્ત્રધારા ગંધકના પાણીની ગરમ ધારા આવેલી છે. એમાં સ્નાન કરવાથી ચામડીના દર્દો દુર થાય છે. અહીં પર્વત પર આવેલ ગુફામાંથી પાણીની સેકડો ધારાઓ અવિરત વહેતી રહેતી હોવાથી આ સ્થળનું નામ સહસ્ત્રધારા પડ્યું છે. અહીં દૂર દૂર સુધી ફેલાયેલુ ઘાટીનું સૌદર્ય પર્યટકોનું મન મોહી લે છે. અહીં જવા માટે ૨ કિમી. પગપાવા જવું પડે છે.

ટપકેશ્વર મહાદેવ : દહેરાદૂનથી ૫ કિમી. દૂર ટપકેશ્વર મહાદેવનું મંદિર આવેલ છે. એનું સ્થાપત્ય દર્શનીય છે. પહાડની અંદર ઊંડી ગુફામાં શિવલિંગ આવેલ છે. મંદિર અતિ પ્રાચીન છે અને આ મહાભારત સમયના દ્રોણના પુત્ર અશ્વત્માની જન્મસ્થલી પણ છે.

વન અનુસંધાન સંસ્થા : દહેરાદૂન-મસુરી માર્ગ પર ૫ કિમી. દૂર આ સંસ્થા વનસેવા માટે એશિયામાં પ્રથમ સ્થાને છે. અહીં વનસેવાનું પ્રશિક્ષણ અપાય છે. ૧૧,૦૦૦ એકરમાં ફેલાયેલ ગ્રીનહાઉસમાં અસંખ્ય મહત્વપૂર્ણ વનસ્પતિઓના દૂર્લભ નમુના છે. બાળકો માટે અહીં મૃગઉદ્યાન પણ આવેલ છે.

પ્રમુખ શહેરોથી અંતર

સીમલા : ૩૬૨ કિમી.	દિલ્હી : ૨૩૬ કિમી.
અમદાવાદ : ૧૧૨૨ કિમી.	મસુરી : ૦૩૬ કિમી.
ઋષિકેષ : ૪૨ કિમી.	આગ્રા : ૦૩૮૫ કિમી.

પર્વતોની રાણી : મસુરી

ઊંચી ઊંચી ટેકરીઓ વાંકાચૂંકા સર્પાકાર રસ્તાઓ, ચારેબાજુ ફેલાયેલી હરિયાળી અને અફાટ કુદરતી સૌંદર્યને લીધે જ મસુરી પર્વતોની રાણી કહેવાય છે. મસુરી સમુદ્રની સપાટીથી ૨૦૦૫ મી ઉંચાઈએ છે. અહીં ઉનાળામાં પણ ગરમવસ્ત્રોની જરૂર પડે છે. અહીંથી હિમાલયના હિમાસ્છાદિત શિખરના દર્શન થાય છે. દેશ - વિદેશના પર્યટકો માટે અહીં મનોરંજનની તમામ સુવિધા છે. મસુરીનું પ્રાકૃતિક સૌંદર્ય પર્યટકોને મંત્રમુગ્ધ કરી દે છે. અહીં અનેક જોવાલાયક સ્થળો આવેલા છે.

ગનહીલ : ગનહીલ મસુરીનું પ્રમુખ આકર્ષણ કેન્દ્ર છે. રોપ-વે દ્વારા પણ અહીં જઈ શકાય છે. રોપ-વે કેમલ બેન્ક રોડથી શરૂ થાય છે. અહીં રોપ-વેનો અનુભવ રોમાંચકારી છે. આ પહાડી પર આઝાદી પહેલા તોપ રાખવામાં આવતી જે સમય દર્શાવવા બપોરે ૧૨ વાગે ફોડવામાં આવતી. એથી જ એનું નામ ગનહીલ પડ્યું છે. ગનહીલ પર મસુરીની ખૂબસુરતીના દર્શન થાય છે.

કૈંપટી ફોલ્સ : મસુરીથી ૧૩ કિમી. દૂર આ સ્થળે ૪૦ ફૂટ ઊંચાઈ પરથી પડતો ધોધ અને એનું કર્ણપ્રિય સંગીત પર્યટકોને આકર્ષે છે. અહીં ધોધનીચે સ્નાન પણ કરી શકાય છે.

મસુરી ઝીલ : મસુરીથી ૭૫ કિમી. દૂર આવેલી આ ઝીલનું અને આસપાસનું પ્રાકૃતિક સૌંદર્ય જોતા આંખો ધરાતી નથી. અહીં નૌકાવિહાર પણ થઈ શકે છે. ૧૫ મિનિટ નૌકાવિહારનુ ભાડું રૂા.૨૫ છે. ■

યુવાનોના પ્રેરણાસ્રોત
સ્વામી વિવેકાનંદ

વર્તમાન પીડા

અંગ્રેજ બની ગયેલા દેશબંધુઓ !

આપણા જે દેશબંધુઓ બાહ્યાચારમાં અને વિચારસરણી કે ભાવનામાં બિલકુલ યુરોપિયન બની ગયા છે એમની હું વાત કરી રહ્યો છું એ આપ સારી રીતે સમજો છો. આ લોકો વારતહેવારે આક્રંદ કરી ઉઠે છે ને પોતાના ઉદ્ધાર માટે યુરોપિયનો આગળ નાકલીટી તાણે છે. ''અમારો વિનિપાત થયો છે, અમે પશુ જેવા બની ગયા છીએ, હે યુરોપિયનો ! આપ અમારા તારણહાર છો. અમારા પર દયા કરો. આ હીન દશામાંથી અમારો ઉદ્ધાર કરો,'' આપ આ જાણો છો કે કેટલાક એવું જ નગારું વગાડી દુંદુભિનાદ કરી રહ્યા છે કે જિસસ ક્રાઈસ્ટ ભારતમાં આવી ગયા છે અને સમય આવ્યે પ્રભુનો આદેશ પાર પડે એ વાત પર નજર નાખી રહ્યા છે. ના ભાઈ ! ના, નથી અહીં જિસસ આવ્યા કે નથી આવ્યા જીહોવાહ. અને કોઈ આવવાનું પણ નથી, એ તો પેતાનું ઘર આંગણું સાફસુફ કરવામાં રોકાયેલાં છે. આપણે દેશ આવવાની તો એમને ફુરસદ પણ નથી.

અહીં તો એના એ શંકર ભગવાન પ્રાચીન કાળથી બેઠા છે. એનાં એ લોહિયાળ કાલી માતા એના એ દમામથી પૂજાય છે. નીલવર્ણા ક્ષેત્રોમાં ખેલતો પ્રેમનો ગોવાળ એનો એ કનૈયો હજી પોતાના બંસીનાદ રેલાવી રહ્યાં છે. એક વાર આ ભગવાન શંકર પોતાના નંદી પર બેસી ડમરુના નિનાદે તાંડવનૃત્ય કરતા કરતા ભારતનો કિનારો છોડી એક બાજુ સુમાત્રા, બોર્નિયો, સેલિબિસ, ઓસ્ટ્રેલિયા અને દૂર દૂર છેક અમેરિકાના કિનારે અને બીજી બાજુ એ જ શંકર ભગવાને પોતાના નંદીને તિબેટ, ચીન જાપાન અને છેક સાઈબીરિયા સુધી વાળ્યો હતો અને આજે પણ એ પોતાનો પ્રવાસ ખેડ્યા જ કરે છે. આ એ જ કાલી છે, જેને ખ્રિસ્તીઓએ કુમારિકા મેરી નામ આપ્યું છે. એને જ જિસસ ક્રાઈસ્ટની માતા તરીકે તેઓ પૂજે છે.

જુઓ હિમાલય. એની ઉત્તરે કૈલાસ છે શંકર ભગવાનનું મુખ્ય ધામ. દસ માથાંને વીસ ભુજાવાળો રાવણ એ સિંહાસનને ચલાયમાન કરી શક્યો નહોતો. હવે આ પાદરીઓ એ કામ કરવા ફૂટી નીકળ્યા છે. ભારતમાં તો એના એ જ શંકર ભગવાન પોતાના ડમરુના નિનાદે ઘૂમતા શ્રીકૃષ્ણનો બંસીનાદ સદૈવ સંભળાયા કરશે.

તેઓ હિમાલય જેટલા અડગ છે. ખ્રિસ્તી કે બીજા કોઈ પણ ધર્મ પ્રચારકોના પ્રયત્નો એને દૂર હઠાવી શકશે નહિં. તમારાથી આ હકીકત જિરવાતી ન હોય તો દૂર હટી જાઓ. તમારા જેવા મૂઠીભર લોકો માટે શું આખું રાષ્ટ્ર પરેશાન થઈ ધીરજ ગુમાવી બેસશે? હૈયાં કોરી મૃત્યુને ભેટશે ? છૂટથી ચરવાનું મળે એવાં ક્ષેત્રો તમે બીજે શા માટે શોધી લેતાં નથી ? આખી દુનિયા પડી છે. પરંતુ ના, એ વાત એમને ગળે નહિ ઊતરે, એમ કરવાની તાકાત ક્યાં છે? એ તો શંકર ભગવાનનું જ લૂણ ખાશે અને એ લૂણ હરામ કરશે. એમની નિંદા કરશે અને વિદેશી તારણહારોના ગુણગાન ગાશે.

ધિક્કાર છે એવા લોકોને જે વિદેશીઓનાં ચરણ ચૂમીને, 'અમે હલકા છીએ, અમારો વિનિપાત થયો છે, અમારું સર્વસ્વ નકામું છે,' એમ રટનારા આપણા દેશબંધુઓને આપણે કહીએ, 'હા! તે સાચું હશે, કદાચ, કારણ કે તમે સત્યવાદી હોવાનો દાવો કરો છો અને તમને ન માનવાનું કોઈ કારણ નથી, પરંતુ તમારા આ 'અમે'માં આખા રાષ્ટ્રનો સમાવેશ શા માટે કરો છો, મહાશયો! કૃપા કરીને કહેશો, આ ક્યાંની રીત છે?

આવો, મર્દ બનો

ને તમે લોકો શું કરો છો ? જીવનભર મિથ્યા ભાષણ કરનાર, ખાલી પ્રલાપ કરનાર ! તમે છો કોણ ? આવો. આ લોકોને જુઓ ને પછી શરમથી તમારું મોં સંતાડો, બાલિશ લોકો ? તમે બહાર આવો તો તમારી જ્ઞાતિ ભુંસાઈ જાય. સેંકડો વર્ષોથી દિનપ્રતિદિન વધતા જતા ગળાઈને પાકા કરેલા વહેમોના ઢગલાનો ભાર માથે લઈ બેઠા છો. આ ખાવું કે તે ખાવું, આ અસ્પૃશ્ય કે તે અસ્પૃશ્ય એવી નકામી ચર્ચાઓ કરવામાં સેંકડો વર્ષોથી તમારી શક્તિ બરબાદ કરી રહ્યા છો. યુગોના સતત સામાજિક દમનથી તમારામાંની સમૂળી માનવતા મરી પરવારી છે. તમે કોણ છો ? અત્યારે શું કરી રહ્યાં છો?

હાથમાં પુસ્તકોનાં થોથાં લઈ સમુદ્રકિનારે આંટા મારો છો. યુરોપિયયન મગજના ન પચાવાયેલા - ન સમજાયેલા અહીં વેરાયેલા ટુકડા ગોખી રહ્યા છો. ત્રીસ રૂપરડીની કારકુની મેળવવા બહુ બહુ તો વકીલ બનવા તમારો આત્મા નીચોવી નાંખો છો. યુવાન ભારતની મહત્વકાંક્ષાનું આ લક્ષ્યાંક ! ને એ પ્રત્યેક વિદ્યાર્થીને ચરણે ભૂખ્યાં સંતાનોનું ટોળું આળોટતું ટૂકડો રોટી માટે કકળાટ કરી રહ્યું હોય છે ! ગ્રંથો, પદવીદાન, ઝભ્ભાઓ, વિદ્યાપીઠની ઉપાધિઓ ને તમને પોતાને ડુબાડવા દરિયામાં શું પાણી પૂરતું નથી?

ઓ ખ્રિસ્તી મિશનરીઓ

હું કોઈ પણ ધર્મની વિરુધ્ધ છું એ વાત સાચી નથી. ભારતમાં વસતા ખ્રિસ્તી ધર્મપ્રચારકો પ્રતિ હું દુશ્મનાવટ રાખું છું એ વાત પણ એટલી જ ખોટી છે, પરંતુ એ અમેરિકામાંથી પૈસા ઊભા કરવા જે કેટલીક રીતરસમો અજમાવે છે તેની સામે મારો વિરોધ છે. શાળાનાં બાળકોનાં પાઠ્યપુસ્તકોમાં હિન્દુ માતાને પોતાનાં બાળકોને ગંગામાં વિહરતા મગરના મોંમાં હોમી દેતાં ચીતરી છે એનો અર્થ શો છે ? માતાનો વર્ણ શ્યામ છે. જ્યારે બાળકને ગોરું ચિતર્યું છે - માત્ર હમદર્દી ઉપજાવી વધારે પૈસા પડાવવા કે બીજું કાંઈ ? પત્ની મરીને ભૂત થાય અને પતિને - શત્રુને

યુવા સૃષ્ટિ

સતાવે એ ચિત્રનો શો અર્થ છે ? જેમ એક મનુષ્યને પોતાની પત્નીને પોતાને હાથે ઘાસની ગંજી પર બેસાડી સળગાવી મુકે છે જેથી આ ચિત્રોનો શો અર્થ છે ? વિશાળ રથો માનવજીવોને કચડી નાખતા હોય એવાં ચિત્રોથી એ શું કહેવા માગે છે ? થોડા દિવસ પહેલાં આ દેશમાં બાળકો માટે એક ચોપડી પ્રગટ થયેલી મેં જોઈ. એમાં એક માણસ પોતાની કલકત્તાની મુલાકાતની વાત કરે છે : 'કલકત્તાની શેરીઓમાં ધર્માન્ધોને કચડી નાખતી ગાડી મેં જોઈ હતી.' હેમ્ફીઝમાં આવા જ એક સજ્જનને મેં પ્રવચન કરતાં સાંભળ્યો,

'ભારતનાં પ્રત્યેક ગામડામાં એકાદ તળાવ તો એવું હોય છે જ જે બાળકનાં હાડકાંથી જ ભરપૂર હોય.' ક્રાઈસ્ટના આ શિષ્યોનું હિન્દુઓએ શું બગાડ્યું છે કે દરેક ઈસાઈ બાળકોને હિન્દુઓને 'દુષ્ટ' અને 'નીચ' અને ભયંકર દૈત્ય કહેવાનું શીખવાડાય છે ? વળી અહીંની રવિવારની શાળાઓની બાળ કેળવણીમાં ખ્રિસ્તી ન હોય એ દરેકને ખાસ કરીને હિન્દુને ધિક્કારવાના પાઠ પઢાવાય છે, પરિણામે છેક બાલ્યકાળથી એ પોતાની નાની બચત ધર્મપ્રચારકોની આ મંડળીઓના ખર્ચ માટે ન્યોચ્છાવર કરે.

સત્યને માટે નહિ તો છેવટે પોતાનાં બાળકોની નૈતિકતા ખાતર પણ ખ્રિસ્તી ધર્મપ્રચારકોએ આવી પ્રથાઓ ચાલુ રહે એ નભાવી લેવું ન જોઈએ. આવાં બાળકો મોટાં થઈ નિર્દય અને ઘાતકી સ્ત્રી-પુરુષો પાકે એમાં કાંઈ નવાઈ છે ? અનંત નર્કના ત્રાસ જેમ વધારે સારી રીતે ચીતરે અને ત્યાં સળગતા અગ્નિનો વધારે સ્પષ્ટ ખ્યાલ આપે એમ ધર્માન્ધોમાં એ વધારે ઊંચું સ્થાન પ્રાપ્ત કરે. પુનરુદ્ધારનાં પ્રવચનો સાંભળી સાંભળી મારા એક મિત્રને ત્યાં કામ કરતી છોકરી ગાંડી થઈ ગઈ ને એને પાગલખાનામાં મોકલી આપવી પડી. ગંધક અને નર્કની જવાળાની વાતો એ પચાવી શકી નહિ. હિન્દુ ધર્મ વિરુધ્ધ મદ્રાસમાં પ્રકાશન પામતાં પુસ્તકો જુઓ. જો કોઈ હિન્દુ ખ્રિસ્તી ધર્મ વિરુધ્ધ પુસ્તકો લખે, તો ખ્રિસ્તી ધર્મના એ પ્રચારકો એને વૈરાગ્નિથી જીવતો સળગાવી મૂકતાં પાછા ન પડે.

મારા દેશબંધુઓ ! આ દેશમાં આવ્યે મને એક વર્ષથી થોડુંક વધારે થયું છે. એ દરમિયાન સમાજનો ખૂણેખૂણો હું જોઈ વળ્યો છું અને મારી નોંધ ઉપરથી હું કહી શકું છું કે ખ્રિસ્તી ધર્મપ્રચારકો જગતને જાહેર કરે છે એવા અમે દૈત્યો નથી તેમ જ તેઓ પોતે દાવો કરે છે એવા એ દેવદૂતો પણ નથી. હિન્દુ લગ્નપદ્ધતિનાં અનિષ્ટો, અનીતિ અને બાળકોના ખૂનની એ પ્રચારકો જેટલી ઓછી વાતો કરે એટલું તેમને માટે સારું છે. એ પ્રચારકોએ રજૂ કરેલા હિન્દુ સમાજનાં કાલ્પનિક ચિત્રોને ક્યાંય આછેરાં બનાવી દે એવાં કેટલાક દેશોનાં વાસ્તવિક ચિત્રો પણ અસ્તિત્વ ધરાવતાં હશે. પરંતુ મારું જીવનધ્યેય એક પગારદાર નિંદકનું નથી. વળી હિન્દુ સમાજ સંપૂર્ણ છે એવો દાવો પણ હું નહિં કરું. મારા જેટલું કોઈ જ સજાગ નહિ હોય. માટે હે વિદેશી મિત્રો ! તમે જો ખરેખર અમારા પર વિનાશ વરસાવવાને બદલે અને સહાય કરવા ને હમદર્દી દાખવવા આવતા હો તો તમને ધન્યવાદ, પરંતુ જો તમે એક ગુલામ પ્રજા ઉપર વેળા કવેળાએ ચાલુ ગાળો જ વરસાવવા ચાહતા હો, અને તમારી પોતાની પ્રજા નૈતિક દૃષ્ટિએ ચાર ચાસણી ચઢિયાતી છે એવું ઠસાવવા માગતા હો તો મને સાફ સાફ શબ્દોમાં તમને કહે દેવા દો કે જો કદી ન્યાયપુરઃસર એવી સરખામણી કરવા બેસશો તો હિન્દુ પ્રજા જગતની કોઈ પણ પ્રજા કરતાં એક ચારિત્ર્યશીલ પ્રજા તરીકે અવશ્ય આગલી હરોળમાં જ તરી આવશે. ■

નવોઢરાવ : (મંદાક્રાન્તા)

કાલે કેવી ફરર ફરતી, દોડતી'તી ઘરો માં !
નાકો ટોકે, રમત રમતી, પાંચિકાની સખી થી !
ખુલ્લા હાસ્યે ખિલખિલ થતી, ટોકતું ના મને કો'
મારી જોડે હસતું રમતું સૌ, પડોશી ઘરોનું !

મમ્મી મારી કદી ન વઢતી, ભૂલ કીધી ઘણી યે !
છોરું છે ભૈ સમજણ નથી, કાલ શીખી જવાશે !
પપ્પા કેવા કડક જબરા, તોય કો દિ' ન બોલે !
ભાંડુ નાનાં સહદ મનથી બોલતાં કાલુ ઘેલું !

કાકા-દાદા નિત પજવતા, ટોકતા'તા કહીને
ડાહી થાભા પરત લઈને આવશે તુ "ગવાળો" !
માંડ્યા છે મેં પુનિત પગલાં પ્રભુતામાં સજોડે
ખોટું કીધું નથી કશુય તો ઘૂમટો કેમ તાણું ?

લાદ્યાં આ સૌ બંધન સઘળાં કાં નવોઢા જ શિરે ?
છોડ્યાં જેણે ઘર વતનને સ્વજનોને સપ્રેમે !
કીધાં મેં તો પરઘર તણાં માણસોને પોતીકાં
તો શું ના સૌ સ્વસુર ઘરમાં એક "વધૂ" સમાવે ?

કાલિદાસ વ. પટેલ વાગોસણા - મો. ૭૯-૮૪૧૪૯૨૭૪

ડો. તીર્થરાજ દવે
શેલ્બી મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલના
આર્થ્રોસ્કોપીક સર્જન અને સ્પોર્ટસ મેડિસીન
વિભાગના નિષ્ણાત ઓર્થોપેડિક સર્જન

જવાબદારીનો ભાર ઉંચકતા ખભાની સ્વસ્થતા તે આપણી જવાબદારી

ખભો આપણા શરીરનું મહત્વનું અંગ છે જેનો ઉપયોગ આપણે રોજિંદા જીવનના નાના-મોટા કાર્યો કરવા માટે કરતા હોઈએ છીએ. ટીપોઈ ઉપર પડેલું અખબાર ઉઠાવીને વાંચવા જેવા કાર્યથી માંડીને પાણી ભરેલી ડોલ ઉપાડવા સુધીના મોટા કાર્યોમાં આપણે ખભાનો ઉપયોગ કરીએ છીએ.

આમ જોવા જોઈએ તો ખભો એક જટિલ રચના છે. પરંતુ, ખભાની આ જટિલ રચનાનો અત્યંત મહત્વનો ભાગ છે રોટેટર કફ. સાદી ભાષામાં સમજીએ તો રોટેટર કફ એ ખભાની આસપાસ આવેલાં મુખ્ય ચાર સ્નાયુઓનો સમુહ છે, જેનું મુખ્ય કાર્ય ખભાને પોતાના મૂળ સ્થાન ઉપર રાખવાનું છે.

જ્યારે આપણે ખભો ફેરવીએ છીએ ત્યારે ખભો તેની નિયત જગ્યા પરથી ખસી ન જાય તેમજ, ખભા દ્વારા થતાં બધાં જ કાર્યો સફળતાપૂર્વક થાય તેના કેન્દ્ર બિંદુમાં રોટેટર કફ છે. જો આપણે આપણા હાથને ઉઠાવવો હોય કે ફેરવવો હોય તો તે તમામ કાર્યો રોટેટર કફની મદદ વિના બિલકુલ સંભવ નથી. જ્યારે આપણે કોઈ વસ્તુને ફેંકવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે મહદઅંશે રોટેટર કફ જ કાર્યાન્વિત થાય છે. દા.ત. ક્રિકેટની રમતમાં દડાને ફેંકવો કે ખેતરમાં ગોફણ ફંગોળવી વિગેરે. આમ, કહી શકાય કે ખભા દ્વારા થતી તમામ ગતિવિધિઓનું કાર્યાન્વયન રોટેટર કફ દ્વારા થાય છે.

ખભાની મોટાભાગની સમસ્યાઓ રોટેટર કફમાં ક્ષતિ સર્જાવાને કારણે જ થાય છે. અલબત્ત, આ કારણો અનેક પ્રકારના હોઈ શકે છે. આ સમસ્યા વયસ્કોમાં મોટાભાગે જોવા મળે છે કારણ કે, વધતી ઉંમર સાથે ખભાના સ્નાયુઓ નબળા અને પાતળા થઈ જાય છે તથા નાની સરખી ઈજા દ્વારા ફાટી પણ શકે છે.

આપણો દેશ ગામડાઓનો બનેલો કૃષિપ્રધાન દેશ છે ત્યારે ગ્રામ્યજીવનની દૈનિક ઘટમાળમાં ખભા વડે થતાં કાર્યોને નજરઅંદાજ કરીએ તે કેમ ચાલે ? કુહાડીને ઝાટકા સાથે વાપરવા જેવા કે અતિશય ભાર ઉંચકવા જેવા કૃષિ વિષયક કાર્યોને ગામડાઓમાં પણ ખભાની અનેક સમસ્યાઓ જોવા મળે છે.

ઉપરાંત, વ્યવસાયોની વાત કરીએ તો એવા વ્યવસાયો કે જેમાં ખભાનું રોટેટર કફ સતત કાર્યશીલ રહે છે જેવા કે, રંગરોગાનનું કામ



કરનાર, વિશાળ કાચવાળા બહુમાળી બિલ્ડીંગોની સાફ-સફાઈ કરનાર, ઈસ્ત્રી કરનાર, સુથારી કામ કરનાર વિગેરે જેવા વ્યવસાયોમાં ખભાને તાણ પડે અને તકલીફ અનુભવાય તે સામાન્ય છે.

ખભાની સમસ્યાના લક્ષણો જોઈએ તો ખભામાં કમજોરીનો અહેસાસ થવા લાગે. સામાન્ય રીતે વયસ્કોમાં આ લક્ષણ વધુ જોવા મળે છે. અન્ય લક્ષણો જોઈએ તો ખભામાં દુ:ખાવો થવા લાગે છે. શરૂઆતના સમયમાં દુ:ખાવો વધારે હોતો નથી પરંતુ, રાત્રે ઊંઘતી વખતે આ દુ:ખાવો વધારે પડતો અનુભવાય છે.

હાથ ખભાની ઉપર જાય ત્યારે દુ:ખાવાનો અનુભવ થવો કે જેને overhead activity પણ કહેવામાં આવે છે. રસોડામાં રોટલી બનાવતી વખતે સામાન્ય લાગે પરંતુ કબાટમાં ઊંચેથી કોઈ ચીજવસ્તુ લેવા જતાં ખભાના ભાગે દુ:ખાવો થાય. જ્યારે આ પ્રકારનો દુ:ખાવો અનુભવાય અથવા તો ખભામાં કોઈપણ પ્રકારની ઈજા થાય ત્યારે આવશ્યક છે કે આપણે ડૉક્ટરની સલાહ લઈએ અને ખૂબ ચોક્સાઈપૂર્વક આગળના પગલાં ભરીએ. ઈજા કે સ્નાયુ ફાટી જવાના કિસ્સામાં તેની ચકાસણી કરાવવી જરૂરી છે કે જેથી ભવિષ્યમાં આ તકલીફ વધે નહીં. ઈજા કે દુ:ખાવાની તીવ્રતાને ધ્યાનમાં રાખીને વિવિધ પ્રકારે તેની ચાકાસણી કરાવી શકાય છે જે પૈકી સૌથી ઉપયોગી બની શકે છે MRI.

MRI થકી દર્દીને હાડકા અને સ્નાયુઓમાં ખરેખર કઈ જગ્યાએ કેટલા પ્રમાણમાં ઈજા કે સમસ્યા સર્જાયેલ છે તેની સ્પષ્ટ અને સચોટ માહિતી મળે છે. ઘણીવખત દર્દીને થયેલ ઈજાની વધુ માહિતી મેળવવા માટે ખભાના ભાગમાં સોનોગ્રાફી પણ કરવામાં આવતી હોય છે.

વાચક મિત્રો, ખભા સાથે આપણા દૈનિક જીવનની અનેક પ્રવૃત્તિઓ સંકળાયેલી છે. શું આપણે ખભાની મદદ વિના પ્રવૃત્તિઓ

આરોગ્ય સૃષ્ટિ

કરી શકીએ ખરા? જવાબ છે ના. પરંતુ, આપણા રોજિંદા જીવનમાં ખભાને લઈને સર્જાતી આ સમસ્યાઓ આપણા ધ્યાને પડતી નથી. અહીં સમજવું અત્યંત જરૂરી છે કે ખભાને શ્રમ પડે તેવા કાર્યો જો આપણે સતત કરતા હોઈએ તો ખભાને પૂરતો આરામ આપવો પણ જરૂરી છે કે જેથી ખભાના સ્નાયુઓ અત્યંત તણાવમાં ન રહે. જાણે-અજાણે જો ખભાના સ્નાયુઓમાં ઈજા થાય અથવા દુ:ખાવાની તીવ્રતામાં વધારો અનુભવાય તો બિલકુલ **સમય વેડફયા વિના નિન્મલિખિત ઉપચારાત્મક પગલાં લેવા જરૂરી છે.**

૧. ખભાના સાંધાના નિષ્ણાત ઓર્થોપેડિક ડૉક્ટર પાસે તપાસ કરાવવી અને તેમની દેખરેખ હેઠળ યોગ્ય સારવાર શરૂ કરવી.
૨. ડૉક્ટરની સલાહ અનુસાર ફૂડ સપ્લિમેન્ટ્સ પણ લઈ શકાય જે ઉપચારમાં મદદરૂપ થઈ શકે છે.
૩. ખભાને લગતી તકલીફોમાં ફિઝીયોથેરાપી અત્યંત કારગત સાબિત થાય છે. ફિઝીયોથેરાપીસ્ટના માર્ગદર્શન હેઠળ કસરતો કરવાથી દુ:ખાવામાં સુધારો જોવા મળે છે.
૪. જો ખભાના સ્નાયુ સંપૂર્ણ રીતે ફાટી ગયેલ હોય તો આવા કેસમાં આર્થ્રોસ્કોપી ઉત્તમ નિવારણ બની શકે છે. જેમાં દૂરબીન વડે ઓપરેશન કરી સ્નાયુઓને સાંધી શકાય છે.

ઉંમરની સાથે જો કાળજી રાખવામાં ન આવે અને ઈજા હોવા છતાં લાંબા ગાળા સુધી અવગણના કરવામાં આવે તો રોટેટર જૂનું થઈ જાય છે અને સ્નાયુઓમાં દૂરબીનથી ઓપરેશન શક્ય બનતું નથી. આવા કિસ્સાઓમાં reverse shoulder replacement કરવું પડે છે.

વાચક મિત્રો, ખભાની કોઈપણ સમસ્યાને હળવાશથી લેશો નહીં. જો નિન્મલિખિત લક્ષણો જોવા મળે તો તેની ગંભીરતા સમજી ત્વરિત નિષ્ણાત ડૉક્ટરની સલાહ લઈએ.

૧. ખભામાં સતત અસહ્ય દુ:ખાવો થવો. ૨. ખભાના હલનચલનમાં તકલીફ થવી. ૩. ખભાનું હલનચલન અટકી જવું, ખાસ કરીને ખભો ચોક્કસ સ્તરથી ઉપર ના ઉટવો. ૪. ખભો જામ થઈ જવો.

વ્હાલા વાચકો, ખભો એ આપણા રોજિંદા જીવનમાં ઉપયોગમાં લેવાતું એક મહત્વનું અંગ છે કે જેની યોગ્ય કાળજી આપણે લેવી જ જોઈએ. જો નાની-નાની બાબતોની કાળજી રાખવામાં આવે તો અનેક પ્રકારની ઘણી બધી મોટી-મોટી સમસ્યાઓથી બચી શકાય છે. આથી, આપણે સૌ આજ થી જ આપણી અને આપણા સ્નેહીજનોની કાળજી લઈએ તેમજ સ્વસ્થ અને સુખી જીવન જીવીએ. ■

(અનુ. પેઈજ ૪૪નું શરૂ) **"સૂર્યપ્રકાશ"નો વધુ લાભ**

કરવા જેવો છે. પ્રયોગ રૂપે કંઈક જરૂરી કરી જોઈએ અને અનુભવની આપ-લે કરીએ.

૪. વૃક્ષ-વેલાના પાંદડાંને વધુ સપાટી મળે એવું કરીએ : વૃક્ષોનું વાવેતર ક્યારેય એટલું બધું ઘાટું નજીક નજીક અંતરથી ન કરીએ કે જેથી તે ગીચ બની જાય. થોડું વધુ અંતર રાખી રોપાણ કર્યું હોય તો દરેક વૃક્ષની ઘટા ગોળ-પૃથ્વીના અર્ધગોળાકાર જેવી થઈ શકે. જમીનની સાવ સીધી સપાટ સપાટી કરતાં ઝાડની ગોળાઈ વાળી સપાટી બનવાથી તેનું ક્ષેત્રફળ વધારે ચોરસફૂટ થાય. એટલે એકંદર રીતે ઉત્પાદનમાં એટલો વધારે સૂર્યપ્રકાશનો લાભ મળી શકે.

વેલાવાળા પાકો-તુરિયાં, કારેલા, ટીંડોરાં, કંકોડાં, ગલકાં, દૂધી વગેરેના વેલાને સીધા જમીનની સપાટી ઉપર પથરવા દેવા ઉપરાંત વચ્ચે વચ્ચે સૂકા ઠરડાંના ટેકા ખોડી, વેલાને તેના પર ચડાવીએ તો સૂર્યપ્રકાશ મેળવતાં પાંદડાંનું ક્ષેત્રફળ વધી જાય, એટલે ઉત્પાદન આપણને સવાયું-દોઢું સહેજે મળે ! તમે નિરખજો! કૂવાના ગાળના ઢગલા ઉપર પથરાઈ ગયેલા કે શેઢાની વાડ્યના ઝાળાં માથે ચડી ગયેલા શાકભાજીના વેલાને વધુ ફળો લાગવા એ આ રીતે વધુ ઝીલી લેવાતા સૂર્યપ્રકાશનું જ કારણ હોય એવું તમે પણ ચોક્કસ અનુભવી શકશો. ટામેટા અને મરચી જેવા ઢુંગલુ થઈ નમી પડતાં છોડને આડો પડી જતાં અટકાવી, ઊભો ને ઊભો રહે તે માટે ચાસ પર લોખંડનો તાર બાંધી કપડાના લીરા કે સુતળીથી બાંધી લટકાવી દેવાથી સૂર્યપ્રકાશ મેળવતી સપાટી વધારી શકાય છે અને એનો બહુમોટો લાભ ઉત્પાદનમાં મેળવી શકાય છે.

૫. પાંદડાંનો રંગ વધુ વખત લીલો રહે તેવી અનુકુળતા કરીને : છોડ કે ઝાડને ખાતર, પાણી અને સંરક્ષણ એવી રીતે પુરા પાડવા કે છોડ કાયમ માટે પૂરેપૂરો નિરોગી અને ખડતલ રહે. સંપૂર્ણ સ્વસ્થ છોડના પાનનો રંગ હંમેશા વધુમાં વધુ વખત લીલો રહી શકતો હોય છે. અને લીલો રંગ સૂર્યપ્રકાશને ફસાવવાનું અને ખોરાક બનાવવામાં વાપરી જાણવાનું બહુમૂલ્ય કામ કરી જાણે છે. એટલે આપણા ખેતીપાકો વધુ વખત હરિયાળા-લીલા રહે એવું કરવાની મહેનત લઈએ.

અને છેલ્લે પૃથ્વી પર આવનારી સૂર્યશક્તિને દિવસ દરમ્યાન વાપરી લેવામાં (એકઠી કરી લેવામાં)ન આવે તો રાત્રી પડતાં તે અનંત વિશ્વમાં ઉત્સર્જિત થઈ વિલીન થઈ જાય છે. એથી જ્યાં જેટલો સૂર્યપ્રકાશ પડે છે ત્યાં તેટલાને કેમ વધારે ને વધારે વાપરી જાણવો તે વિખરાઈ જતા ધનને સાચવી લેવા જેવી તાકીદની બાબત છે. તેની તાકાત તો રોજના ૩ ગ્રામ સુકા વજનની ગણતરીએ વરસભરમાં ૧૯૮૦ ગ્રામ સુકું વજન આપી શકવાની છે. આપણે ક્યા ક્યા પાકો દ્વારા અને કઈ કઈ પધ્ધતિઓથી સૂર્યપ્રકાશને પકડી રાખવો તે આપણે વિચારી નક્કી કરવાનું રહ્યું.

ડો. જિતેન્દ્ર અઢિયા (M.D.)
માઈન્ડ ટ્રેનર એન્ડ લાઈફ કોચ
ચેરમેનશ્રી - મોટીવેશનલ કમિટી - VUF

બાળકો અને સમતોલ આહાર

બાળકો આ શબ્દ સાંભળતા જ નજર સામે હસતા - રમતા ખીલેલા ફૂલો જેવા ચહેરાઓ આવી જાય છે. આ બાળકો જ આગળ જતા આપણા દેશના ભવિષ્યના ઘડવૈયા છે. અને તેથી તેઓ શારિરીક અને માનસિક રીતે મજબુત અને તંદુરસ્ત બને તે માત્ર માતા-પિતાની જ નહીં પરંતુ સમાજની પણ જવાબદારી છે. આથી તેમના પૂર્ણ વિકાસ માટે અને તેઓ કુપોષણનો ભોગ ન બને તે માટે સમતોલ આહાર બાળકોને આપવો તે ખૂબ મહત્વનું છે. કારણ કે અપૂરતા અને અસંતુલિત ખોરાકના લીધે જ બાળકો અનેક રોગોનો ભોગ બને છે. અને તેમનો વિકાસ પણ પૂરેપુરો થઈ શકતો નથી. આથી ચાલો આપણે આજે બાળકોના સમતોલ આહાર વિષે જાણીએ.

૧ વર્ષ સુધીના બાળકો માટેનો આહાર :

દરેક બાળકને જન્મ પછી ટૂંક સમયમાં એટલે કે અડધા એક કલાકમાં ધાવણ મળવું જોઈએ. અધૂરા માસે જન્મેલા અને નબળા બાળકના શરીરમાં શક્તિનો સંગ્રહ ઓછો હોય છે એટલે વારંવાર દૂધ આપવું જરૂરી છે. નવજાત બાળક માટે સ્તનપાન એ ઉત્તમ આહાર છે. માનું દૂધ બાળક માટે સૌથી સુપાચ્ય, સરળ, સસ્તો અને હુંફાળો ખોરાક છે. સ્તનપાનથી મા અને બાળક વચ્ચે લાગણીનો સંબંધ રચાય છે. શરૂઆતના દિવસોનું ધાવણ ખૂબ જ પોષક હોય છે. આ ઉપરાંત તે બાળકને ઘણી બધી જાતના ચેપીરોગોથી બચવામાં મદદરૂપ થાય છે.

બાળકની ઉંમર ૪-૬ મહિનાની થાય ત્યાં સુધી સ્તનપાન સિવાય બીજી કોઈ ખાવા પીવાની વસ્તુ બાળકને આપવાની જરૂર હોતી નથી. પણ ધીરે ધીરે ૪ મહિના પછી ધાવણ સાથે ઉપરી ખોરાક પણ આપવો જેમ કે શરૂઆતમાં પ્રવાહી, દાળભાતનું ઓસામણ ત્યારબાદ ધીમે ધીમે અર્ધપ્રવાહી જેમ કે ઢીલા નરમ દાળભાત, ખીચડી, બાફેલા બટાકા અને શાક વગેરે આપવું જોઈએ.

૪. મહિના પછી ઘરે બનેલ વસ્તુઓ, ઘરના અન્ય અભ્યોની સાથે બાળકને ખવડાવવાથી બાળકને વિવિધ ખોરાક ખાવાની જલ્દી ટેવ પડે અને આશરે ૧ વર્ષની ઉંમરે પુખ્તવયની વ્યક્તિ જે ખોરાક ખાતા હોય છે એ બધા ખોરાક ખાતુ થઈ જવું જોઈએ.

૧-૩ વર્ષ સુધીના બાળકો અને આહાર

૧-૩ વર્ષ સુધીના બાળકમાં સરાસરી દર વર્ષે ૫-૧૦ સે.મી. જેટલી ઊંચા અને ૨-૪ કિલો વજનમાં વધારો થાય છે. પરંતુ પ્રથમ વર્ષના વિકસાની સરખામણીમાં આ દર ઓછો કહી શકાય. આ ગાળામાં બાળકને ઓછી ભૂખ લાગે છે અને તે ઓછું ખાય છે પરંતુ તેના ખોરાકમાં બને તેટલો દૂધ અને દૂધની બનાવટો, દાળ, કઠોળ, લીલા શાકભાજી અને ફળોનો સમાવેશ કરવો જોઈએ. પરંતુ વધારે પડતા મસાલા તેલ અને બહારના ખોરાકનો બને તેટલો ઓછો ઉપયોગ કરવો જોઈએ.

હવે કેટલીક વખત નાના બાળકોને દૂધ ભાવતું નથી તેવા કિસ્સામાં દહીં તથા દૂધની અન્ય બનાવટો જેમ કે માખણ, પનીર, ખીર, રબડી અથવા તો માખણ વગેરેને બાફેલા બટાકાના માવા સાથે અન્ય શાક સાથે શાકભાજીના સૂપ સાથે ભેગું કરીને આપવું જોઈએ.

આમ નાના બાળકોને પહેલેથી જ લીલા શાકભાજી, ફળો વગેરે ખાતા શીખવાડવું જોઈએ. તથા મસાલાવાળી અટપટી વાનગી અને મીઠાઈઓનો અને ફરસાણોનો ઉપયોગ વધારે પ્રમાણમાં ન કરતા દાળભાત રોટલી, શાક જેવો સાદો, પચવામાં સહેલો પડે તેવો ખોરાક આપવો જોઈએ. ■

Signature®
LUXURY FRAGRANCES
COCKTAIL
DEODORANT & EAU DE PARFUM
પ્રથમ વખત
એક જ DEO માં
દસ
ખુશ્બુ
Signature®
COCKTAIL
DEODORANT BODY SPRAY
200ml / 134g
લાંબા
સમય
સુધી ચાલે
~: Also available :~
EAU DE PARFUM
BAN®
SINCE 1966
BAN LABS (P) LTD.
For Suggestions & Feedback Contact Manager - Customer Care: +91 84603 72121 consumer.care@banlab.com www.banlabs.com
MAD/DOM/SIG/CTL/DEO/0200/GUJ/01.001

કૃષિ સૃષ્ટિ

હીરજી ભીંગરાડીયા
લેખક કૃષિ ક્ષેત્રના વરિષ્ઠ નિષ્ણાંત, અનુભવી અને અનેક એવોર્ડ અને પારિતોષિકથી વિભૂષિત થયેલ છે.

"સૂર્યપ્રકાશ"નો વધુ લાભ કઇ રીતે લઇશું ?

આપણને દેખીતી રીતે ગરમ લાગતો 'તડકો' એ તડકો નથી પણ 'શક્તિ' છે. એ બાબત પૃથ્વી પર વસનારા જીવોએ, અને ખાસ કરીને જેનું મગજ વિકસ્યું છે અને બુધ્ધિ ચલાવી શકે છે તેવી મનુષ્ય જાતિમાંથી એનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો હોય તેવી સંખ્યા કેટલી? સૂર્યમાંથી નીકળતા એ અવિરત શક્તિધોધને કેમ માણી લેવો, તેને આપણા રોજીંદા ઉપયોગમાં કેમ વણી લેવો, તેનો વધુમાં વધુ કસ જીવન જરૂરિયાતના ઉત્પાદનમાં કેમ ગંઠી લેવો તે વિષે ગંભીરતાથી વિચાર્યું છે ક્યારેય?

સૂર્યાશક્તિને રોજીંદા વપરાશના કામમાં મદદરૂપ થવા રૂપાંતરિત કરવાના કેટલાક સોલાર ઉપકરણો બનાવવા બદલ વાંહો થાબડવા જેવું વિજ્ઞાનીઓનું કામ રહ્યું છે. પણ ખેતીવાળીના ક્ષેત્રમાંયે એ વિષયના રસજ્ઞોએ આ બાબત ઊંડાણથી વિચારવું પડશે તેવું નથી લાગતું ? ખરું કહીએ તો સૂર્યપ્રકાશનો ખરો ઉપયોગ તો કરી જાણે છે વનસ્પતિ ! એની આવડત તો જૂઓ ! પોતાના પાંદડાંના લીલા રંગની ઝાળમાં સૂર્યપ્રકાશને એવો તો ફસાવી દે છે કે મૂળિયાંએ ચૂસેલો કાચો ખોરાક અને હવામાંથી ભેગા કરેલા અંગારવાયુની સાથે રાંધણું કરી, ખોરાકને પોતાને ખાવાયોગ્ય ન બનાવી દે ત્યાં સુધી છુટો નહીં કરવાનો બોલો ! સૂર્યપ્રકાશ એટલે વનસ્પતિનો "રસોયો" જ સમજોને !

પણ એતો થઈ વનસ્પતિ જગતની તાકાતની વાત ! એમાં આપણું શું? આપણે પણ કંઈક આપણાપણું ન દેખાડવું પડે? વનસ્પતિની ભેરે ચડી, તે સૂર્યપ્રકાશનો વધુમાં વધુ કેમ ઉપયોગ કરી શકે તેવા કોઈ ઈલમો યોજી શકીએ તો તો સોનામાં સુગંધ ભળ્યા જેવું થાય ! વનસ્પતિની પોતાની સૂર્યશક્તિ વાપરવાની ત્રેવડ અને એમાં ભળે આપણો ખેડૂતોનો ઈલમ! પરિણામ ? પરિણામમાં - ઉત્પાદન મળે અઢળક ! સૂર્યપ્રકાશને ખેત ઉત્પાદનમાં વણી લેવાની વાત લાગે છે જટ ગળે ન ઉતરે એવી. ખરુંને મિત્રો ! પણ આ નવી લાગતી વાતને બરાબર ઊંડાણથી સમજીએ તો જરાય અચરજ પમાડે એવી નહીં લાગે.

સૂર્ય સમગ્ર જીવનસૃષ્ટિનો પિતા ગણાયો છે. આપણા પ્રત્યેની કૃપારૂપી સૂર્યપ્રકાશના ઉમદા કિરણોનું પ્રદાન આપણા ખેતી વ્યવસાય પર અમાપ છે. પણ તે પ્રકાશનો થઈ શકે તેટલો વધુ ઉપયોગ કરવાનું ગોઠવી શકીએ તો હજુએ મબલખ ઉત્પાદન મેળવી શકવાના પૂરા ચાંસ રહેલા છે.

સૂર્ય પ્રકાશ બાબતે આપણે 'સારાવાળા' છીએ :

આપણો ભારત દેશ વિષુવૃતની વચ્ચે આવેલો હોઈ સૂર્યભગવાનના કિરણોનો લાભ ભરપૂર મળે છે. તેમાંય ગુજરાત-મહારાષ્ટ્રની લાઈનના અને દક્ષિણના રાજ્યોને કાશ્મિર અને પંજાબની અપેક્ષાએ ખૂબ વધારે - રોજના ઓછામાં ઓછા દસ ક્લાક સૂર્યપ્રકાશ મળવો તે સામાન્ય બાબત છે. ખેતી અંગેની એકદમ આધુનિક અને આગોતરી સૂઝ ધરાવતા મહારાષ્ટ્રના કૃષિ વિજ્ઞાની સ્વ. દાભોલકરજી કહી ગયા છે કે આટલી સૂર્યશક્તિ કેવળ એક ચોરસફૂટ પર એટલી ઉર્જા પાથરે છે કે એના દ્વારા એક જણનું એક ટંકનું ભોજન તેમાંથી બની શકે, બોલો !

એને જરા ગણિતમાં જોઈએ તો.....

સામાન્ય કામ કરનારો માણસ રોજની ૨૫૦૦ કિલો કેલરી શક્તિ વાપરે છે. પૃથ્વી પર પડતા એ આખા દિવસના સૂર્યપ્રકાશને પૂરેપૂરો ઝીલવામાં આવે તો એક ચોરસફૂટની જગ્યા ઉપર રહેલું બે લીટર પાણી એ પોતાની ગરમી દ્વારા વરાળ થઈ હવામાં ઊડાડી મેલે છે. એને વિજ્ઞાનની ભાષામાં ૧૨૦૦ કીલો કેલરી ગણવામાં આવે છે. બેશક, એ ત્યારે બને જ્યારે બે ચોરસફૂટ જગ્યા ઉપર લીલા રંગના પાન એ સૂર્યકિરણોને ઝીલવા હાજર હોય ! સૂર્યના કિરણોમાં સાત રંગ હોય છે. વનસ્પતિના પાંદનો રંગ લીલો હોય છે એટલે લીલા રંગ સિવાયના અન્ય રંગના કિરણોને પાંદડાં માહયલાં હરિતદ્રવ્યો પોતાની ઝાળમાં ફસાવી(સમાવી) લે છે અને આ રીતે વનસ્પતિ સૂર્યશક્તિના સહારે હવામાંના કાર્બન ડાયોક્સાઈડ તથા મૂળ વડે શોષાએલ પાણી દ્વારા શર્કરા-ગ્લુકોઝ તૈયાર કરે છે.

જેટલો સૂર્યપ્રકાશ આવે છે તે તમામનો સો એ સો ટકા ઉપયોગ કરી શકીએ તો રોજની ૧૨૫૦ કીલો કેલરી શક્તિ દર ચોરસફૂટે તૈયાર થાય. (એ ગણતરીએ એક ટંકનું એટલે કે અર્ધા દિવસનું ભોજન) પણ તે અધુરું છે. આટલા મોટા આવતા શક્તિ ધોધનો માત્ર એક જ ટકો જો લિલા પાંદડાં દ્વારા ઉપયોગમાં લઈ શકીએ તો પણ રોજની સાડાબાર કીલો કેલરી એકઠી કરી શકીએ અને તેટલામાંથી મોટાભાગના ઝાડ-પાન ત્રણ ગ્રામ સુકું વજન મેળવે છે. પાકનું બાળપણ અને વૃધ્ધાવસ્થા બાદ કરી પુષ્તતાના માત્ર એકસો દિવસ ગણીએ તો પણ રોજના ત્રણ ગ્રામના હિસાબે ૩૦૦ ગ્રામ સુકું વજન વનસ્પતિ બનાવી શકે છે. તેના ૧/૩ ભાગ એટલે કે ૧૦૦ ગ્રામ વજન પોતાના શ્વસન આદી કાર્યશક્તિમાં ખર્ચે છે. બીજો ૧/૩ ભાગ - મૂળ, લાકડું, જેવા પોતાના શરીરના બંધારણમાં વાપરી છેલ્લો બાકી રહેતો ૧/૩ ભાગ-યાને કે ૧૦૦ ગ્રામ વજન ઉત્પાદનના રૂપમાં આપે છે. પછી તે અનાજ હોય, ફળ હોય કે લીલા શાકભાજી હોય. ક્યો પાક કેટલાં લાંબા આયુષ્ય વાળો છે તે પ્રમાણે તેની જીંદગીના યુવાનીના દિવસો દરમ્યાન વધુમાં વધુ સૂર્યપ્રકાશ વાપરી જાણે તેટલું તે વિક્રમી ઉત્પાદન મેળવવામાં સક્ષમ બને છે.

કૃષિ સૃષ્ટિ

કોણ કેટલું વજન આપે ? : જો અનાજ હોય તો તેમાં ૯૦ ટકા ધાન્ય અને ૧૦ ટકા પાણી હોય, એટલે કે ચોખા, જુવાર, ઘઉં, બાજરી, મકાઈ વગેરે ધાન્યપાકોમાં ૧૦૦ દિવસ બાદ ચો.ફૂટે ૧૦૦ ગ્રામ વજન મુજબ ૧૦ચો. ફૂટમાંથી ૧ કીલો વજન આપવાની ત્રેવડ સૂર્યશક્તિ ધરાવે છે.

મગફળી જેવા તેલીબિયાના પાકમાં ૫૦ ગ્રામ તેલમાં ૧૦૦ ગ્રામ અનાજ જેટલી કાર્યશક્તિ મળે છે. તેથી તેવા બીજા પાકના મળતાં વજનની સરખામણીએ તૈલીપાકમાં અર્ધું જ વજન મળે. એટલે ૧૦ ચો ફૂટના બદલે ૨૦ચો.ફૂટમાં ૧ કીલો શીંગદાણા મળે. અને દ્રાક્ષ જેવામાં ૧૦૦ ગ્રામ સુકા વજનમાં ત્રણગણું પાણી ઉમેરીએ તેવો લચીલો પદાર્થ હોય છે. એટલે ૧ ચો ફૂટમાં ૪૦૦ ગ્રામ લીલી દ્રાક્ષ તૈયાર થઈ શકે. ટામેટા, કાકડી, તરબૂચ વગેરેમાં ૯૦ ટકા પાણી હોય છે. વળી તે બધાના છોડવા-વેલા પોતાના શરીર માટે બહુ ઓછું વજન વાપરવાવાળા હોવાથી બાકીનું વધારાનું વજન ઉત્પાદનના ફાળે જ ખર્ચતા હોવાથી એ બધા પાકો વર્ષભરમાં ૫-૬ કીલો વજન આપી જાણે છે. તે જ રીતે શેરડી જેવા પાકો ૧ ચો ફૂટે અઢી કીલો મુજબ વર્ષે દહાડે એકરે ૧૦૦ ટન શેરડી ઉત્પન્ન કરી શકે.

આપણે કૃષિક્રાંતિ લાવનારાઓએ, કંઈક આગવું વિચારનારા પ્રયોગશીલ ખેડૂતોએ આપણા વિસ્તારને અનુકુળ લેવાતા પાકોમાં વધુને વધુ સૂર્ય પ્રકાશ પાકના પાંદડાંઓ કેમ શોષી શકે એવા નુસ્ખા અને પધ્ધતિઓ શોધી કાઢીને વ્યાપકપણે વપરાતા થાય તેમ ન કરવું જોઈએ ? ચાલો વિચારીએ ! વિચારશું તો ઉપાયો જરૂર મળી રહેવાના મિત્રો!

સૂર્યપ્રકાશનું માપ કેમ કાઢવું ? : પ્રકાશની તીવ્રતા માપવા માટેનું પરિમાણ છે. "ફૂટ કેંડલ" એક હજાર સળગતી મીણબત્તીઓ એક ફૂટની ફેરીપર જેટલો પ્રકાશ આપે તેને એક હજાર ફૂટકેંડલ પ્રકાશ કહેવાય. કેલીફોર્નિયામાં દ્રાક્ષપર થયેલ સંશોધનની વિગતમાં એવું જણાવાયું છે કે દ્રાક્ષના પાન ૭૦૦૦ ફૂટકેંડલથી વધારે પ્રકાશ વાપરી શકતા નથી. આપણે ત્યાં મહારાષ્ટ્ર-ગુજરાત જેવા પ્રદેશોમાં પડતો સૂર્યપ્રકાશ આશરે ૧૧૦૦૦ ફૂટકેંડલ જેટલો છે. એટલે મહારાષ્ટ્રના ખેડૂતોએ, ખાસ કરીને ત્યાંના પ્રયોગ પરિવારે દ્રાક્ષ પાસે વધુ પ્રકાશ વપરાવવાના કાર્યક્રમો આરંભ્યા અને અગાઉ જ્યાં દ્રાક્ષની વેલીના પાન મંડપ ઉપર માત્ર આડા, ઊભા અને ત્રાંસા - એમ ત્રણ થરે ગોઠવી દીધા પછી, હજુ પણ કેટલોક સૂર્યપ્રકાશ જમીનપર પરાવર્તિત થઈ પાનની નીચેની સપાટીને મળે તેવી વ્યવસ્થા, ગોઠવી, અને એક એકરે જ્યાં ૧૬ ટન દ્રાક્ષ મળતી હતી તેની જગ્યાએ ૩૦ ટન લેવાના પ્રયોગો સફળ બનાવ્યા.

શું આપણે આવું ન કરી શકીએ ? કેમ નહીં ? આપણે આવું જરૂર કરી શકીએ. કેવી રીતે તે જોઈએ ....

૧. ચાલુ ખેતીપાકોના વાવેતર વખતે ચાસની યોગ્ય દિશા પસંદ કરીને.

મોસમી પાકોમાં કેટલાક થોડા ઉંચા-ઉભા વધતા અને બે ચાસ વચ્ચે વધુ અંતર રાખી વવાતા પાકો જેવા કે તલ, કપાસ, એરંડા જેવા પાકોમાં વાવેતર આપણે પૂર્વ-પશ્ચિમ ચાસની દિશા રાખી હોય તો આખા ચાસને સૂર્યપ્રકાશ વધારે વખત મળી શકે કે ચાસની દિશા ઉત્તર-દક્ષિણ રાખી હોય તો ? કઈ રીતે રાખવાથી વધુમાં વધુ વખત સૂર્યપ્રકાશ ચાસના છોડના દરેક ભાગો પર પડશે તેનું નીરીક્ષણ કરી વાવેતર કરવું જોઈએ. નહીં કે ખેતરનો પનો જે દિશાએ લાંબો હોય તે દિશાને ઉત્તમ ગણીને ! કેટલાક ચોમાસે વવાતા, શિયાળે વવાતા, અને ઉનાળે વવાતા ટુંકાગાળાના છતાં ચાસથી વાવેતર થતું હોય તેવા પાકોમાં આ મુદ્દાનું ધ્યાન રખાયું હોય તો દસ-બાર ટકા ઉત્પાદન આપમેળે માત્ર યુક્તિથી જ વધુ મળવાની શક્યતા છે.

૨. નાના પાકોને મોટા પાકોની બગલમાં ઉછેરીને ....

વનસ્પતિ જગતમાં જોવા મળતી અનેક વિવિધતાઓ માંહ્યલી એક એ પણ છે કે કોઈ ઝાડ-છોડને વધુ સૂર્યપ્રકાશ ફાવે છે તો કોઈને ઓછો ! કેળ અને અનાનસ થોડા આછા પ્રકાશમાં પણ સારું ઉત્પાદન આપી શકે છે. લીંડીપીપરને પણ ઓછો પ્રકાશ ફાવે છે. આવા નાના પાકોને બીજા વૃક્ષપાકોની બગલમાં નીચે વાવીને-ઊંચા વધતાં અને નીચા રહેતાનું મિશ્ર વાવેતર કરીને સૂર્યપ્રકાશનો વધુ લાભ લેવાનું ન ગોઠવી શકીએ?

આદુ, હળદર અને આંબા હળદર પણ તલક છાંયડો વધુ પસંદ કરે છે. બગીચાના ઝાડના ખામણામાં આવા છોડના વાવેતરથી આપણે બમણો પાક ન લઈ શકીએ? જમીન ઉપર ઉગતા ઘાસને પણ પ્રમાણમાં ઓછા સોર્યપ્રકાશની જરૂર પડતી હોય છે. બે વૃક્ષોની લાઈનો વચ્ચે, જ્યાં જમીન નબળી હોય અને બીજો આંતરપાક લેવો ન પોસાય તેમ હોય ત્યાં ઘાસને છૂટથી થવા દેવું જોઈએ. તેનો ઉપયોગ જરૂર હોય તો ચારા તરીકે, અને નહીંતો વાઢીને ત્યાંને ત્યાં પાથરીદેવાય તો પણ જમીનની ફળદ્રુપતામાં વધારો કરી શકાય છે. આવી જગ્યાઓમાંથી નિંદામણ માની ઘાસને મૂળસમેત ઉખાડી નલેવું.

૩. વાવેતરના ઊંચા-નીચા માળ ગોઠવીને

પ્રાયોગિક ધોરણે કેટલાક નવા પ્લાંટેશન એવા ના કરી શકાય કે જેમાં ઊંચા વધતાં સાગ જેવા, મધ્યમ ઉંચાઈએ વધતાં શૃપ ટાઈપના સીતાફળ અને દાડમ જેવા અને બન્નેના ખાલામાં (વચ્ચેની જગ્યામાં)નીચા રહેતા અને જમીન પર પથરાતા કઠોળ, શાકભાજી કે ઘાસચારાના પાકો ઉગાડીએ! આવી ઊંચી, મધ્યમ અને નીચી વિવિધ ત્રણથરી ઉંચાઈએ રહેતા પાકોની મિશ્રખેતી કરી હોય તો આવું જ કંઈક થાય ને ? ઉપરથી આવતો સીધો પ્રકાશ ઉપલા માળવાળા સાગ જેવા ઝાડ વાપરે, તેથી નીચે આવેલો પ્રકાશ શૃપટાઈપના ફળવાળા દાડમ જેવા પાક વાપરે, અને બધામાં થી ગળાઈ ગળાઈને આવેલો સૂર્યપ્રકાશ નીચલા માળના શાકભાજી, કઠોળ કે ઘાસચારાના પાકો વાપરે. સૂર્યપ્રકાશની ખેતી માટે આ ત્રણ માળનો પ્રયોગ

(અનુસંધાન પેઈજ ૪૦ ઉપર)

બાલ સૃષ્ટિ

સંપાદક :
ડૉ. ભગીરથ કે. પટેલ
ચેરમેનશ્રી - ઈનોવેટીવ અને ઈનીશીયેટીવ કમિટી
સંપાદક બાળકોના ચાહક અને પ્રેરક છે.

રાત કાળી પણ... લાગે રૂપાળી

: લેખિકા :
ગિરા પિનાકીન ભટ્ટ
બાળ સાહિત્યકાર અને દિલ્હી સાહિત્ય અકાદમી એવોર્ડ વિજેતા
મો. ૯૯૦૯૬ ૪૧૨૬૨

રાયગઢ ગામના છેવાડે આવેલું આંબલીનું વિશાળ ઝાડ. એકેક ડાળી એવી લાંબી કે ના પુછો વાત. એ જેવી લાંબી એવી જ ભરાવદાર પણ. એ આંબલીને ગામલોકો ભૂરિયાની આંબલી તરીકે ઓળખે.ભૂરિયાની આંબલીએ સાંજ પડે કોઈ રોકાય નહીં. રાત પડે ને શિયાળનાં ટોળેટોળાં ત્યાં ભેગાં થાય. સહુ સાથે મળીને લાળી ગાય. નાનું અને અણિયાળું એવું સાંકડું મોં. અને એમાંથી અવાજ કાઢે ને બધાંય શિયાળવાં એમાં જોડાય.

ભૂરિયાની આંબલી ઉપર કેટલાંક ઘુવડ રહે. એ ઘુવડોને શિયાળવાંનું રુદન સાંભળવું ન ગમે. રોજ રોજ આમ રુદન સાંભળી ઘુવડ કંટાળતાં હતાં. શિયાળવાંને કેમ કંઈ કહી ન શકાય ? એક ઘુવડે લીધી આગેવાની.

આગેવાન ઘુવડને ગીતો ગાવાનું ને સાંભળવાનું બહુ ગમે. બધાં એને ગીતડું ઘુવડ તરીકે ઓળખે. આ ગીતડું ઘુવડ બધીય વાત ગીતની ભાષામાં કરે, પરંતુ તકલીફ ત્યાં સરજાય જ્યાં સૂર્યાસ્ત થાય. અંધારુ થવા આવે ને ગીતડું જ્યાં એક બે લીટી ગાય ત્યાં તો શિયાળવાંની લાળી ચાલુ થઈ જાય. એક એક કરતાં અનેક એમાં જોડાઈ જાય ને ગીતડા ઘુવડનો અવાજ દબાઈ જાય.આજે આજે તો.... શિયાળવાંને સમજાવીને જ રહીશ કે, બીજાનું ગીત પણ સાંભળો. સદાય રુદન જ શું કર્યા કરવાનું? ગીતડું એ મોકાની રાહ જોઈ બેઠું હતું. સુરજ આભમાંથી દેખાતો બંધ થયો ત્યાં જ ગીતડું ગાઈ ઊઠ્યું.

રાત પડી છે જાગો... જાગો. જ્યાં ને ત્યાં હવે ભાગો... ભાગો.

'ઓ હો... હો... આ ગીતડું ગાવા લાગ્યું. ચાલો જોડાઈ જાવ, ઉં... ઉં... ઉં. બધાં શિયાળ ગીતમાં જોડાય એ પહેલાં ગીતડું ગાવા લાગ્યું મોટે મોટેથી.'

ઉં... ઉં... ઉં... ઉં... જો ગાશો તો, સૂરજ પાછો આવે.એની સાથે અજવાળાં ને, તડકો ભારે લાવે. 'ના... ના... ના... ગીતડા, નથી જોઈતો સૂરજ. આપણે સૂરજ સાથે ન બને. હા, આપણે તો ચાંદામામા સાથે ગોઠડી કરનાર. આપણે તો તારાઓ સાથે ટમટમનારાં.' એક શિયાળ આનંદ સાથે બોલી ઊઠ્યું, હા... હા...હા... હા, ગીત સાંભળો સૂરજ નહીં બોલાવું. એક પછી એક તારલિયાને, ચાંદનાં દ્વાર ખોલાવું.

ગીતડું ઘુવડ તો હતું મજાનું. એનાં ગીત સાંભળી ભૂરિયાની આંબલી ઉપર બેઠેલાં ગીધડાંઓમાં ખુશીની લહેર છવાઈ ગઈ. રાત અંધારી હતી. મીઠો મીઠો પવન વાતો હતો. આંબલીનાં નાનાં નાનાં પાન પવનની દિશામાં ફરફર કરતાં હતાં. નાના મોટા આંબલીના કાતરા આઘા પાછા થતા હતા, તો એકબીજાને અથડાતા હતા. આવા માહોલમાં ચાંદની પથરાઈ. તારલાઓ તો ટમટમ ટમટમ કરતા તૈયાર થઈને ગોઠવાઈ ગયા. આખું આભ જાણે કે શાળા પ્રવેશોત્સવ જેવું. બધાય સજી ધજીને આવ્યા હતા. જ્યાં જગ્યા દેખાણી ત્યાં ચૂપચાપ ગોઠવાઈ ગયા. શિયાળવાંએ આંબલીના ઝાડ ઉપર નજર કરી. ગુચ્છદાર પૂંછડી હલાવતાં એક શિયાળવી બોલી ઊઠી, 'ગીતડું ઘુવડ કેમ બંધ થઈ ગયું ? અરે ! એક ગીત સંભળાવ પછી અમે બોર ખાવા જઈએ.

'હા... હા... હા...

બોરડી અમારી રાહ જોતી બેઠી છે. ગીત ગઈ લે ને એકાદ.' એક શિયાળે પણ સૂર પુરાવ્યો. રાહ જોઈ બેઠેલું ગીતડુ ઘુવડ ગાવા લાગ્યું. રાત અંધારી આવી છે, એ તારલિયાને લાવી છે. કુટુંબ પ્રેમી શિયાળિયાંને, લાળી લાળી ગાવી છે.

'હાસ્તો... લાળી ગાવી જ પડે ને !' શિયાળવાં એક સાથે બોલી ઊઠ્યાં. ભૂરિયાની આંબલી ઉપર બેઠેલાં કેટલાંક ઘુવડે ખુશી વ્યક્તિ કરી. તમે નહીં માનો, પણ એટલો બધો રાજીપો વ્યક્ત કર્યો કે ના પૂછો વાત ! 'ગીતડા, આજે તું તારે થવા દે. હાર કબૂલવી નથી. સૃષ્ટિનું સર્જન થયું ત્યારથી લઈને આજ સુધીનાં જેટલા ગીતો લખાયાં હોય, તને આવડતાં હોય એ ગાવા માંડ.' એક ઘુવડે રજૂઆત કરી એટલું જ નહીં હક્કથી કહી જ દીધું.

લ્યો, આ તો અમારા મનની વાત છે. તમે અને અમે બધાંય છીએ રાતના રાજા, તો પછી ગીતોના કેમ બંધ દરવાજા? ગીતો ના હોય એક-બે, એ તો હોય ઝાઝાં. વાંદરાઓને પડી ગઈ છે રાત, બાકી જાગતા હોય ને તો એમની પાસે વગડાવો વાજા. ઠેઠ ગુફામાં સાંભળે સિંહ મહારાજા. જ્યારે જુઓ ત્યારે તારલાઓ તો લાગે તાજા. થવા દ્યો ગીત કાંઈ આગળ. ગીત સાંભળીને માંદા પણ થઈ જાય સાજા. સાંભળ્યું કે નહીં ઓ... ગીતડા રાજા ? એક શિયાળ કે જે દલપતરામની કવિતામાં ઊંટને સંભળાવી આવ્યું હતું તે બોલી ઊઠ્યું.

"સાંભળી શિયાળ બોલ્યું, દાખે દલપતરામ.

અન્યનું તો એક વાંકું, આપનાં અઢાર છે." - કવિ દલપતરામ

આજનો દિવસ સોનાનો ઊગ્યો, એમ તો અહીં ન કહેવાય. નિશાચરોને તો ગમે રાત. ગીતડું ઘુવડ ભૂખ્યું અને તરસ્યું થયું હતું. દિ આખો બધાં નિશાચર પડ્યાં રહે ને રાતોના રાજા થઈને નીકળે, ખોરાકની શોધમાં. ભૂખનું દુઃખ બધાંયને હતું, શિયાળવાંઓને તો ઘુવડોને પણ. આજે કોઈ અહીંથી ખસવાનું નામ લેતા ન્હોતા. 'ચાલો... ખોરાકની શોધમાં ફરી વળીએ, પણ જતાં જતાં લીટી તો ગીતડાની સાંભળવી જ પડે હો' શિયાળવી બોલી ઊઠી.

માદા ઘુવડ કહે, 'ગાઈ લ્યો હવે કોઈ ગીત, એટલે નીકળી પડીએ બહાર. ખોરાક ખાઈ આવીએ પછી જલસા પાર્ટીનું આયોજન કરીએ. થવા દ્યો તમે તમારે' ગીતડું આનંદમાં આવી આવા લાગ્યું....

બાલ સૃષ્ટિ

રાત કાળી પણ લાગે રૂપાળી, અમને તો બહુ વ્હાલી રે....

ચાંદ અને તારિલાયા જોતાં, મુખડે ચમકે લાલી રે...

ચારેકોર વાહ.... વાહ... પડઘાવા લાગ્યું. શિયાળ ખોરાકની શોધમાં ચાલી નીકળ્યાં. શિયાળવીઓ પણ બખોલ છોડી બહાર આવી ગઈ હતી. નાનાં નાનાં શિયાળબાળ માની પાછળ પાછળ ચાલી નીકળ્યાં. કુટુંબપ્રેમી શિયાળ સર્યાસ્તની રાહ જોઈને બેઠાં હોય. સૂર્યાસ્ત થાય ને નિશાચરો નીકળી પડે, તે ઠેઠ સૂર્યોદય થાય તે પહેલાં રહેઠાણમાં આવીને ગોઠવાઈ જાય.

શિયાળ સમૂહની આગેવાની લેતા એક શિયાળે સહુને જણાવી દીધું કે વહેલા આવી જજો. આજે સંગીત જલસાનું આયોજન કરેલું છે. બધાં હું... હું... હા... હા... કરતા નીકળી ગયા. શરીરના ચોથા ભાગ જેટલી ગુચ્છાદાર પૂંછડી હલાવે ને આનંદ મનાવે.

ભૂરિયાની આંબલી નીચે આવેલી બખોલો લગભગ ખાલી થઈ ગઈ હતી. ઝાડ ઉપર બેઠેલાં ઘુવડો સહુને ડરાવતાં હોય તેવા અવાજો કાઢે. દિ' આખો સૂરજના અજવાળામાં આંખો બંધ રાખે ને રાત્રે ગોળ ગોળ આંખોને ફેરવતા નીકળી પડે, એમની ડોક જાણે ચારે દિશામાં ફેરવે.

ઊડી ઊડીને પહોંચી જાય દૂર દૂર. જે મળે તે ખાઈ લ્યો. તાજું મળે એની રાહ ન જોતા. વાસી મળે તો વાસી. રાહ જોઈ બેસી ન રહેતા. 'ઊડજો રે, ઊડજો રે...' કહેતા એક વૃદ્ધ ઘુવડે હોંકારા પડકારા કર્યા. બધાં ઘુવડ ઊડી ગયાં.

ગીતડું હજુ આંબલીના ઝાડ ઉપર બેઠું હતું. રોજ રોજ વાંદરાઓ આવીને આંબલીના ઝાડ ઉપર ગોઠવાઈ જાય છે એની જાણ સહુને હતી જ. પરંતુ ગીતડું એક ગીત ગાઈને જ આંબલી છોડે. એકનું એક ગીત સંભળાવીને પછી જ સ્થળ છોડે. ગીતડું એની મસ્તીથી ગીત ગાવા લાગ્યું.

લ્યો, હવે સાંભળજો વાનરો, આંબલી કેરી ડાળ.

ઊડી ઊડીને અમારે જવું, સરોવર કેરી પાળ.

દિ' આખો તમે લ્યો માથે, હવે અમારો વારો.

પેટ માગે છે ખોરાક પાણી, એ વિના ક્યાં છે આરો?

આંબલી તો રોજ રોજ આ ગીત સાંભળી હસે મનોમન. આ ગીતડું પણ કેવું છે? જાણે કે આ ભેંકાર સ્થળે ઊભી ઊભી હું ડરતી હોઉં એમ રાત્રે વાનરો મારું ધ્યાન રાખે ને દિવસે ઘુવડો, પણ ભરનીંદરમાં ધ્યાન રાખવાનું પણ શું હોય ? વાનરો પણ ગીતડા ઘુવડનું ગીત સાંભળે રોજ રોજ. 'આંબલીની દેખરેખ રાત્રે આપણા માથે, એ હવે આપણી માલિકી. એ તો જાય નાઠા..... જાય નાઠા. કોણ જાણે રાત્રે શું દાટ્યું હશે એમના માટે ? કોણ જાણે શું નું શું ખાતા હશે રાત્રે? કશું સમજાતું પણ નથી ને... ક્યારેય કોઈ વાતચીત પણ થતી નથી. આ તે કેવી વિચિત્ર ટેવ? રાત્રે જાગવાનું ને દા'ડો આખો ઊંઘવાનું?' એક વૃદ્ધ વાંદરો બોલી ઊઠ્યો.

'હશે હવે... ઉપરવાળાએ એને અવળી મતિના સરજ્યા હશે, બીજું તો શું?' એક વાંદરીએ પોતાનો અભિપ્રાય જણાવી દીધો.

વાનરો ઠરી ગયા હતા. આંબલી અંધારી રાત્રે ભેકાર જરૂર લાગતી હતી. ભૂરિયાએ છેક ગામના છેવાડે આંબલી શા માટે વાવી હશે? એ કોણ ભૂરિયો હશે ? કોઈને કંઈ સમજાતું ન હતું. ઘુવડ અને શિયાળવાં હમણાં હમણાં જ ગયા હતા. થોડીવાર શાંતિથી નીંદર માણી લ્યો, પછી તો ઘુવડ આવતા જતા રહેશે. એમની પાંખોને ફફડાવતા રહેશે. શિયાળવાં પણ નજીકમાં ખોરાક મળી જાય તો તાણી લાવશે બખોલમાં, ને બેઠાં બેઠાં ખાશે. આવેગાન વાનર બોલી ગયો ને શાંતિ પથરાઈ ગઈ.

ઊડતા ઊડતા ઘુવડ ક્યાંય ના ક્યાંય પહોંચી ગયા હતા. નાનાં નાનાં પંખીઓને પકડવા, એમના માળાને ફંફોસવા. એમની ડરામણી આંખો રાત્રે વધારે ડરાવનારી ભાસે. મનુષ્ય કરતાં રાત્રીના સમયે ૧૦૦ ગણું વધારે ભાળે બોલો ! મૂળ એ જાત છે સાવ બીકણ, પરંતુ એની આંખોનું સર્જન કુદરતે એવું કર્યું છે, એમાં બિચારું એ કરે પણ શું?

શિયાળવાંની પણ વાત એવી જ છે ને? રાત પડે ને સાથે રુદન કરવા લાગે. ખોરાકની શોધમાં જ્યાં ને ત્યાં ભાગે. લુચ્ચું... લુચ્ચું કહીએ આપણે.. પણ... એ ય આખરે સર્જન તો કુદરતનું જ ને!

ઠંડા ઠંડા પવનના સુસવાટા વાતા હતા ત્યાં તો કિકિયારીઓ કરતાં ઘુવડ આવી પહોંચ્યાં. કેટલાંક શિયાળ પણ આવીને બખોલમાં ગોઠવાઈ ગયાં હતાં. બખોલ બહાર મોં રાખી એ બેઠા હતાં. ગીતડું ઘુવડ જેવું ઊડીને આવ્યું ત્યાં તો બધાં આનંદથી ચિચિયારીઓ પાડી ઊઠ્યાં.

ગીતડું આનંદમાં હતું. બધાએ પેટ ભરીને ભોજન આરોગ્યું હતું. કોણે શું ખાધું એ પૂછશો જ નહીં, પરંતુ. પેટ ભરાયેલાં હતાં. માદા ઘુવડ બોલી ઊઠી, હવે ગીત,

હેજી, હેજી... રાત રે, રળિયામણી છે કેવી રે, નિશાચર મારાં....

રાત રે, રળિયામણી છે કેવી રે.

હેજી રાત્રે તારા ને ચાંદાની વાતો કહેવી રે..... નિશાચર મારાં....

રાત રે, રળિયામણી છે કેવી રે.

હેજી રાત્રે તારા ને ચાંદાની વાતો કહેવી રે.... નિશાચર મારાં...

રાત રે, રળિયામણી છે દેવી રે...

'ખમ્મા.... ખમ્મા મારા ગીતડાને, ઘણી ખમ્મા.' કહેતા વૃદ્ધ ઘુવડે રાજીપો વ્યક્ત કર્યો. સુર્યોદય હવે ઢૂકડો છે. બધાં પોત પોતાની જગ્યાએ ગોઠવાઈ ગયાં. 'આ... સૂરજ થાકતો જ નથી કે શું? પડ્યાં રહેવું' તે ને ઘેર એવો કંટાળો વ્યક્ત કરતાં શિયાળવાં લાળી ગાવા લાગ્યાં.

સહુ શિયાળને ડરાવવાનો, ધમકાવવાનો ઠેકો લીધો હોય તેમ ગીતડું ગાઈ ઊઠ્યું...

ઉં.... ઉં... ઉં... ઉં... જો ગાશો તો, સૂરજ પાછો આવશે. એની સાથે ઘણું અજવાળું ને, તડકો ભારે લાવશે.'

આ ગીત સાંભળી શિયાળવાં ડરી ગયાં કે બખોલમાં ઠરી ગયાં, એ નક્કી કરવાનું તમારે. સૂર્યોદય જોતા જ ઠરી ગયાં, પણ... રાત્રે તો પાછું એનું એ જ એમનું સહિયારું ગાણું... ઉં... ઉં... ઉં... ■

પ્રવૃત્તિ અહેવાલ

શૈલેષભાઇ પટેલ
મેનેજર - વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

કડવા પાટીદાર કેળવણી મંડળ, કૃષિમંગલ આયોજિત રજત જ્યંતિ મહોત્સવ - સુરત

તા. ૦૧-૦૪-૨૦૨૫ ના રોજ કડવા પાટીદાર કેળવણી મંડળ, કૃષિમંગલ સંચાલિત વિદ્યામંગલ નિવાસી શાળા - સુરત ખાતે સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ, ઉપપ્રમુખશ્રી ડી. એન. ગોલ તેમજ દાતાટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. સદર કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખશ્રીએ સંસ્થાના વીઝાન - મીશન તથા વિવિધ પ્રવૃત્તિઓ અંતર્ગત માહિતગાર કર્યા હતા.

દુબઈ - આર્કિટેક વિશ્વ ઉમિયાધામની મુલાકાતે

વિશ્વ ઉમિયાધામ પ્રોજેક્ટના આર્કિટેક (દુબઈ) તેમજ સંસ્થાના હોદ્દેદારશ્રીઓ સાથે વિશ્વના સૌથી ઉંચા મા ઉમિયાના મંદિર નિર્માણની જીણવટ પુર્વક નિરીક્ષણ તેમજ પ્રોજેક્ટ અંતર્ગત જરૂરી ચર્ચા વિચારણા કરવામાં આવી.

રામનવમી પર્વ નિમિત્તે પૂજા - અર્ચના

તા. ૦૬-૦૪-૨૦૨૫ ના રોજ મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામની રામનવમી પર્વ નિમિતે સંસ્થાના હોદ્દેદારશ્રીઓ તથા દાતાટ્રસ્ટીશ્રીઓ દ્વારા પૂજા - અચર્ના કરવામાં આવી હતી. ત્યાર બાદ તમામ દાતાશ્રીઓ તથા કાર્યકર્તા ભાઈઓ/બહેનોએ આરતી ઉતારી ધન્યતા અનુવભી હતી.

શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ અંતર્ગત ડાયરા @ મહેસાણા

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન મહેસાણા જીલ્લા સંગઠન દ્વારા શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ અંતર્ગત તા. ૧૧ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ ભવ્ય લોક ડાયરાનું આયોજન કરવામાં આવેલ. જેમાં મોટી સંખ્યામાં ભાવિક-ભક્તો ઉપસ્થિત રહી ડાયરાનું રસપાન કરેલ.

શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞનું મહેસાણા ખાતે આયોજન





તા. ૧૩-૦૪-૨૦૨૫ ના રોજથી શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞનું આયોજન મહેસાણા ખાતે કરવામાં આવેલ. જેના મુખ્ય યજમાનશ્રી તરીકે શ્રી મણિલાલ આત્મારામદાસ પટેલ, શ્રી દિપકભાઈ પટેલ (ભામાશા દાતાશ્રી) તથા સહ યજમાનશ્રી સ્વ. જોઈતારામ રેવાભાઈ પટેલ તથા દૈનિક યજમાન ગં.સ્વ. શારદાબેન એ. પટેલ, શ્રી દિપકભાઈ રાઠી, શ્રી મહેશભાઈ પી. પટેલ અને શ્રી પરષોત્તમભાઈ બી. પટેલ બની મા ઉમિયાના કૃપાપાત્ર બન્યા હતા. કથાને સફળ બનાવવામાં રાત-દિન તન-મન અને લગનપૂર્વક જે મહેનત કરેલ છે તે તમામ દાતાટ્રસ્ટીશ્રીઓ, સંગઠનના હોદ્દેદારશ્રીઓ અને કાર્યકર મિત્રોનો સંસ્થા ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે.

વધુમાં કથા દરમિયાન સંસ્થાની વિચારધારાથી પ્રભાવિત થઈ સમાજના સર્વાંગી વિકાસમાં સહભાગી થવાની ઈચ્છા વ્યક્ત કરી સંસ્થાના ગૌરવવંતા દાતાશ્રી બન્યા છે તે બદલ તેમના પરિવાર પ્રત્યે સંસ્થા ગૌરવ અને અહોભાવની લાગણી અનુભવે છે.

વિશ્વ ઉમિયાધામ ખાતે નવચંડી યજ્ઞનું આયોજન

વિશ્વ ઉમિયાધામ ખાતે ચૈત્ર પૂનમ હનુમાન જયંતીના પવિત્ર દિવસે નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવેલ. જેમાં મુખ્ય યજમાન તરીકે શ્રીમતી કૃપાબેન કે. વ્યાસ, શ્રી ફાલ્ગુનીબેન ભટ્ટ તેમજ શ્યામા મંડળ, નારણપુરા પરિવાર જોડાઈને મા ઉમિયાના કૃપાપાત્ર બન્યા હતા. આ શુભ પ્રસંગે હોદ્દેદારશ્રીઓ, દાતાટ્રસ્ટીશ્રીઓ તેમજ ભાવિક - ભક્તો ઉપસ્થિત રહી પૂજા - અર્ચના કરીને ધન્યતા અનુભવી હતી.

સદ્ગતના પરિવારને મા ઉમાછત્ર કવચ

ઉમાછત્ર સભ્ય બનેલ શ્રીમતી રમિલાબેનનું આકસ્મિક અવસાન થવાથી તેમના પરિવારજનોને રૂા. ૧૦ લાખની આર્થિક સહાય સંસ્થા દ્વારા ચૂકવવામાં આવેલ. સદ્ગતના પતિશ્રી મહેન્દ્રભાઈ પટેલે તેમના કુટુંબીજનોમાંથી ૧૦૧ ઉમાછત્ર સભ્ય બનાવી સમાજમાં એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડેલ.

VUF બોટાદ જીલ્લા આયોજીત સંકલન બેઠક

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - બોટાદ જીલ્લા સંગઠન દ્વારા બોટાદ પંથકના સમાજશ્રેષ્ઠીઓ, અગ્રણીઓ તેમજ કાર્યકર્તાઓની સંયુક્ત સભાનું આયોજન કરવામાં આવેલ, જેમાં મોટી સંખ્યમાં સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શંકરભાઈ ધોળુ - ચેરમેનશ્રી તેમજ શ્રી રણછોડભાઈ મેતલીયા - મહામંત્રીશ્રી ઉપસ્થિત રહી સંસ્થાના વીઝન - મીશન તથા વિવિધ પ્રવૃત્તિઓ વિશે માહિતગાર કર્યા હતા.

Vishv UMIYA Foundation

GPSC ની પરીક્ષા પાસ કરો.
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન સાથે

VUF INSTITUTE CIVIL SERVICES

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

સંચાલિત

ઇન્સ્ટિટ્યૂટ ફોર સિવિલ સર્વિસીસ, ગાંધીનગર

કોચિંગ + લાઈબ્રેરી + જમવાની + રહેવાની સગવડ

GPSC પ્રાથમિક પરીક્ષા બેચ - 2026

Form Filling Start on 16 April 2025



હમણાંજ એપ્લાય કરો
www.civilservices.vuf.org પર

છેલ્લી તારીખ 20-05-2025 સુધી

GPSC પ્રાથમિક પરીક્ષાની બેચ અમદાવાદ અને ગાંધીનગર બંને બ્રાન્ચ માટે છે.

વધુ માહિતી માટે
કોલ કરો 72020 80202

C/o. Radiant School of Science,
Kh - 0, Sthapan - 2 Flat, Kh Road,
Gandhinagar - 382421, Gujarat.

NABH Accredited | I.C.M.R. Registered | KAYAKALP Certified | FOGSI

ખુશીઓથી રમશે આંગણું, જયારે ઘરે બંધાશે પારણું

કયા દંપતીઓ લાભ લઈ શકે છે?

મહિલા

બંધ ટ્યૂબ્સ, વારંવાર IUI માં નિષ્ફળતા, ઈંડામાં ખરાબી અનિયમિત માસિક અને ગર્ભાશયમાં ગાંઠ હોવી

પુરુષ

ઓછા શુક્રાણુ, શુન્ય શુક્રાણુ, શુક્રાણુઓની ધીમી ગતિશીલતા અને ખરાબ ગુણવત્તા

ઉપલબ્ધ સેવાઓ

IUI | IVF | ICSI
બ્લાસ્ટોસિસ્ટ કલ્ચર | PGD/PGS એન્ડ્રોલૉજી
સર્જિકલ સ્પર્મ એસ્પિરેશન | ક્રાયો પ્રિઝર્વેશન
એગ - સ્પર્મ - એમ્બર્યો | TESA | PESA
માઈક્રો TESE 4D સોનોગ્રાફી | એન્ડોસ્કોપી
NABL પ્રમાણિત લેબોરેટરી

તમામ સુવિધા એકજ સ્થળે

અત્યાધુનિક IVF લેબ, સચોટ નિદાન, સફળ પરિણામ, IVFના પ્રથમ પ્રયત્ને ઉત્તમ સફળતા, પોતાનું ઈંડુ અને પોતાના જ શુક્રાણુથી IVF સારવારમાં અગ્રેસર, નિષ્ણાંત અને અનુભવી એમ્બ્રિઓલજિસ્ટની ટીમ, જેવા અત્યાધુનિક જિનેટિક ટેસ્ટ.

20000+ પરિવારને મળી આઈ.વી.એફ. થી ખુશીઓ

૭૦ દેશોના લોકોને સારવાર આપનારા

HEALTH CARE SURVEY BEST HOSPITALS REGIONAL

ટાઈમ્સ ઓફ ઈન્ડિયા દ્વારા નેશનલ સર્વે ઓફ ફર્ટિલિટી ક્લિનિક 2019માં દ્વિતિય ક્રમાંક (પશ્ચિમ ઝોન)

ડૉ. આર. જી. પટેલ
(ઈન્ફર્ટિલિટી અને IVF સ્પેશ્યાલીસ્ટ)

Sunflower Hospital

સનફ્લાવર ઈન્ફર્ટિલિટી એન્ડ IVF સેન્ટર
માનવ મંદિર પાસે, ટ્રાફિક પોલીસ હેલ્મેટની સામે, મેમનગર, અમદાવાદ, ગુજરાત 380052. મોબાઈલ નં : 079 27410080, +91-9687003993

સનફ્લાવર મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ
નાથાલાલ કોલોની, પંજાબ નેશનલ બેંક ની સામે, લખુડી સર્કલ પાસે, નારણપુરા, અમદાવાદ- 380013. મોબાઈલ નં : 07929914965, +91-9099400445

સનફ્લાવર IVF ક્લિનિક
418, સાહિત્ય આર્કેડ, હરિદર્શન ચાર રસ્તા પાસે, નવા નરોડા, અમદાવાદ, ગુજરાત - 382 330. મોબાઈલ નં : 07946010728, +91-9099400221

Registered Under "R.N.I. No. GUJGUJ/2023/84401" Permitted to post at Ahmedabad PSO, on 8th date of every Month under Postal Regd. No. G-GNR-354 issued by SSP GNR valid upto 31/12/2025

Off. : Vishv Umiyadham - Jaspur, Opp. Vaishnodevi Temple, S. G. Highway, Ahmedabad, Gujarat - 382721

COMPLETED PROJECTS

RETAIL & WORK SPACES

AT SOUTH BOPAL

PR/GJ/AHMEDABAD/DASKROI/AUDA/CAA00341/051017
GUJRERA.GUJARAT.GOV.IN



RETAIL & OFFICE SPACES

AT SG HIGHWAY

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/CAA04785/A1C/160221
GUJRERA.GUJARAT.GOV.IN

NEW PROJECTS

RETAIL & OFFICE SPACES

AT AMBLI "T" JUNCTION

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/CAA09112/290921
GUJRERA.GUJARAT.GOV.IN

3 BHK SERENE HOMES

AT SINDHU BHAVAN EXTENSION ROAD

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/CAA09112/290921
GUJRERA.GUJARAT.GOV.IN

3 BHK

KIDS FRIENDLY HOMES
COMING SOON

OPPOSITE APOLLO INTERNATIONAL SCHOOL,
SOUTH BOPAL

સંજયભાઈ પટેલ
(વિસલપુર)

+91 98254 42197